‘ કોનાથી બગાડું રે હું નહી રે બગાડું
મારે જીવવું થોડુંને હું કોનાથી બગાડું
વ્હેલું કે મોડું સૌને જવાનું
દુનિયા છે એક મુસાફિરખાનું
સુખમાં સુતેલાને, નહી રે જગાડું...મારે...
પંખી તમે સૌ આવીને રહેજો
વડલાની ડાળે વિસામો રે લેજો
ડરો નહી દિલમાં તમને, નહી રે ઉડાડું...મારે...
અંતર્યામી એટલું રે માંગું
પરદુઃખે હું વહેલો રે જાગું
આંખના આંસુડે એની, અગન બુઝાવું... મારે...
કોણ છે વેરીને કોણ છે વ્હાલું
ખાલી આવ્યા ને ખાલી જવાનું
ક્ષણિક સુખને માટે, દુઃખ નહી લગાડું...મારે...’

# સ્મૃતિના સુરમ્ય સથવારે...



# સ્મૃતિના સુરમ્ય સથવારે...

જયશ્રી સંજય શાહ

**Smrutina Suramya Sathavare...**

A sweet journey down the memory Lane with my father.

By Jayshree Sanjay Shah

© Jayshree Sanjay Shah

Publisher

Quantum Health

Quantum Health Care Ltd.

208, City Plaza,
Dr. Yagnik Road, Rajkot-360 001.
+91 99792 32357
www.quantumhealth.in
email : jayshree@quantumhealth.in

Price : Rs. 275.00

Printers :

**Aazad Printers,** Rajkot
Ph : 0281 - 2451864
Mo. 99988 54253
E-mail : aminsazad@gmail.com



કહું છું અવની પરના, સિતારાની આ વાત;
એ છે, હતા અને રહેશે, અમ બાળજીવોના પરમોપકારી તાત;

જીવ્યા જેઓ ન્યાય અને નીતિપૂર્વકનું જીવન,
તન-મન-ધનથી કરી માત-પિતાની સેવા જેમણે આજીવન,

જીવનસાથીને આપ્યો અઢળક અતૂટ અસ્ખલિત પ્રેમ,
હંસાલક્ષ્મી બગડીયા હતા, તેમના સહજીવનસંગિની ‘મેમ’;

કુટુંબમાં તેમનું સદા રહ્યું છે બહુ માન,
સહુને મદદરૂપ થવું એ જ તેમનું અરમાન;

જીવનમાં કોઈપણ વસ્તુનો આગ્રહ નહિ,
પરિવાર-સ્વજન-મિત્રોમાં કોઇ પ્રત્યે દુરાગ્રહ નહિ;

બાળકો પાસેથી ન કોઇ અપેક્ષા,
સહુ રહો સદા ખુશ.... બસ એક જ એષણા;

વેઠી છે ઘણી તકલીફ, ઝીલ્યા છે ઘણા પડકાર
છતાં કાયમ હસતાં,

‘I am allright’ કહીને સહુના મનમાં વસતા;

આ છે,

દામનગરના લાડીલા જયંતિભાઇ બગડીયાની વાત,
સંત સમાજના અમ્માપિયા, છોટે મહાત્માજીની વાત,
જૈન શાસનના વીરલા, આદર્શ શ્રાવક રત્નની વાત.

# વ્યક્તિત્વનું અસ્તિત્વ

કાળનો પ્રવાહ અનંત કાળથી વણથંભ્યો વહેતો જ રહ્યો છે અને વહેતો રહેશે. આવા પ્રવાહમાં ઈતિહાસ ઘડાતો જાય છે. વિશ્વની ઘણી વાતો ભૂંસાતી જાય છે પરંતુ કેટલીક વાત ઈતિહાસમાં અંકિત થઈ અમર બની જાય છે. અનંતજીવોના જન્મમરણ એક સહજ ઘટમાળ કહેવાય છે. ભાગ્યેજ એમાંના વિલીન થનાર વ્યક્તિત્વ યાદ રહે છે. પરંતુ કોઈક વ્યક્તિનું અસ્તિત્વ ચિરંજીવી બની ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠ પર સુવર્ણાક્ષરે અંક્તિ થાય છે.

યશનામી બગડીયા પરિવાર માત્ર દામનગર પંથકમાં જ નહિ, સૌરાષ્ટ્રની સમગ્રભૂમિમાં સુખ્યાત છે. શ્રીમાન જગજીવનભાઈ રતનશી બગડીયા પરિવાર જૈનશ્રાવક સંઘમાં જ નહીં જૈન–સાધુ સાધ્વીજી પરિવારમાં પણ પ્રખ્યાત છે. આ ખ્યાતિ–પ્રખ્યાતિને આસમાનની ઊંચાઈએ ઉઠાવનાર શ્રી જયંતિભાઈ બગડીયાને સ્મરણાંજલિ આપતાં શબ્દો જયારે પૃષ્ઠ પર તરવરે છે ત્યારે એનું વિરાટ વ્યક્તિત્વ પ્રત્યક્ષ થાય છે.

02

સામાન્ય રીતે પ્રાર્થના સભાઓમાં સ્વર્ગસ્થના ગુણોને શોધી શોધી વર્ણવવામાં આવતા જોવા મળે છે ત્યારે શ્રી જયંતિભાઈની સ્મરણાંજલિમાં ગુણોનો સાગર ઘૂઘવતો અનુભવાય છે. ધૂપસળીનું જીવન બહુ લાંબુ નથી હોતું પણ એનું અણુ અણુ આગમાં જલતું જાય અને પૂર્ણ વાતાવરણમાં ચોમેર સુવાસની લ્હાણ કરતું જાય છે. અસ્તિત્વનો અંશ આખરી ઝબકારો કરે ત્યાં સુધી જલતા રહી ધૂમ્રસેર વડે વાતાવરણમાં વિલીન થતાં સુધી અખંડ અવિરત પ્રસર્યા કરે છે. આવી જ એક ધૂપસળી એટલે સ્વ. જયંતિલાલ જગજીવનદાસ બગડીયા ! જેમના અલ્પકાલીન પણ મહામૂલા એવા જીવનપટમાં જેટલા તાણાવાણાં વણાયેલા છે એ પટનો એક એક તાર સુવર્ણ જેવો શુદ્ધ, કિરમજીના રંગ જેવો પાકો અને મજબૂતીમાં સર્વશ્રેષ્ઠ રહ્યો છે.

અત્રે વર્ણવાયેલ એક એક સ્મરણાંજલિમાં ઉદ્દ્ગાતાના નાભિનો નાદ છે, હૈયાનો સ્પર્શ છે અને સચ્ચાઈનો રણકો છે. વાહ–વાહની હવા–હવા થાય એવી પોકળતા નથી, મૂછમાં હસાય એવો વિરોધાભાસ નથી. ઊછીનાં લીધેલા શબ્દોની ગોઠવણ નથી. નિતાન્ત હૃદયસ્પર્શી, આત્મોદ્દ્ગાર છે. આ સૌના ભાવોનો સરવાળો એટલે 'શ્રી જયંતિભાઈનું જીવન.' એમ કહીએ તો જરાપણ અતિશયોક્તિ નથી.

સંસ્કારી માતા–પિતાને ત્યાં જન્મ, જૈનકુળમાં પરંપરાગત ધર્માચરણ પૂર્ણ જીવન વ્યવહાર વચ્ચે ઉછરતું બચપણ, ત્યાગી,

તપસ્વી યોગીઓના આગમનથી ઓપતા આંગણામાં બચપણના વર્ષોનો મહામૂલો કાળ ! હૃદયમાં ઊંડી સંવેગ–નિર્વેદની અનુભૂતિ અને છતાં પણ સહજ સાંસારિક જીવનમાં પ્રવેશ ! જાણે કે નીર–ક્ષીરના વિવેક વાળો રાજહંસ ! સંસારના જળ વચ્ચે લોપાયા વગરનું પદ્મકમળ– જેની અભિવ્યક્તિ તેના પ્રત્યેક જીવન વ્યવહારમાં ડોકાયા જ કરી હતી.

માતા–પિતા પ્રત્યે ઉત્કૃષ્ટ આદર પરિવારના સભ્યો માટે અપ્રતિમ લાગણી ભર્યો વ્યવહાર, સમાજ–સાધર્મી– સહયોગી પ્રત્યે નિર્મળ વાત્સલ્ય અને પરોપકાર, સંતાનો પ્રત્યે કૃષ્ણ વાસુદેવ જેવી ધર્મદલાલીની ઊંડી ભાવના – ‘બેટા દાસી બનવું છે કે રાણી’ આવા ઉદ્‌ગાર ઉદાત્ત વત્સલતા સાથે વીતરાગતાની પ્રતીતિ કરાવતા હતા.

આમ જીવનની એક એક પળનો ઉલ્લેખ કરીએ તો પાનાંઓ ભરાય પણ સિંધુને બિંદુમાં સમાવીએ તો કહી શકાય, ભવરણમાં ભૂલો પડેલો ભોમિયો– પણ હવે મુકામ મળી જતાં મૂકેલી વેગવંતી દોટનો અણથક પ્રવાસી– પાંચમા આરાની ભૂલ– ‘વિરાધના’ને સુધારી જલ્દી આરાધનાની ભૂમિ માટે ભાગ્યો એટલે જ યુવાનવયે – આયુષ્યકાળ પર અણધાર્યો પ્રવાસ પૂરો કર્યો અને અનંતનો અંત લાવવા ચાલી નીકળ્યો.

જીવન કેટલું લાંબુ હતું એના કરતાં કેટલું ઊંચુ હતું એ જ જીવનનો હિસાબ છે. સાત જીવનમાં સાધના ન થાય એટલી સાધના એક જીવનમાં કરી જનાર શ્રી જયંતિભાઇ બગડીયાનું જીવન કાળની દૃષ્ટિએ અલ્પ ગણાય પણ સાધનાની દૃષ્ટિએ અલ્પ નહોતું. આપણે તેના જીવનને મૂલવવા આપણી મોહદૃષ્ટિ જો તજીએ તો ગજસુકુમારની વચનો વિચાર એની સાધનાની ઉત્કૃષ્ટતાની દૃષ્ટિએ થાય છે તેમ વિચારી શકીએ.

આપણી વ્યવહારિક ભાષામાં આશ્વાસન પણ સાંભળ્યું હશે કે જેની અહીં જરૂર છે તેની ત્યાં પણ જરૂર છે. અર્થાત્ સ્વર્ગમાં પણ દેવતાઓ આવા હળુકર્મી, ભવિજીવની પ્રતીક્ષા કરતા હોય છે.

માનવભવના શ્રાવકના ત્રણ મનોરથ સાથે સ્વર્ગગામી બનેલા પરમાદરણીય જયંતિભાઇ નિરંતર મહાવિદેહમાં જઇ સીમંધર સ્વામીની દેશના ઝીલી, સ્વર્ગમાં પણ ત્રણ મનોરથની પૂર્તિ જેવા ભાવો કેળવતા હશે એમાં કોઇ સંશય નથી.

એમને શીઘ્ર કલ્યાણની કેડી મળે એજ ભાવના.

**શ્રી ધીરજમુનિ મ.સા.**

## ઋણ સ્વીકાર

આ સ્મરણયાત્રાની સંપૂર્ણતામાં મુખ્યતયા સાધુ–સાધ્વીજી ભગવંતોનો અનન્ય ફાળો રહ્યો છે. તેમનાં વ્યસ્ત જીવનમાંથી પણ સમય કાઢીને સમયે–સમયે માર્ગદર્શન મને પૂરું પાડ્યું છે. પૂ. પપ્પાજીની ઘણી વિશિષ્ટતાઓથી હું અજાણ હતી. તેના પર પણ પ્રકાશ પાડ્યો છે. મારી ઘણી અધૂરપ ને મધૂરપમાં ભરી દીધી છે. સ્વજનો, સ્નેહીજનો, પરિજનો તથા ગ્રામજનોએ હૃદયોત્સાહ દેખાડી કલમને વેગવંતી બનાવી છે.

ગુણોદધિની ગરિમારૂપ પૂજ્ય પપ્પાની આંતરિક શ્રી નો ખ્યાલ આપતી પૂજ્ય ગુરુદેવ ધીરજમુનિ મ.સા.ની પ્રાસ્તાવિક પૂર્ણદીર્ઘા પંક્તિઓનો સુવર્ણ સ્પર્શ આ પુસ્તકના સમ્યક્ લક્ષ્યને સિદ્ધિ ભણી દોરી જાય છે.

તેમનો આંતર ઋણ સ્વીકાર કરતાં ગદ્ગદ્િત બનું છું.

**જયશ્રી સંજય શાહ**

## માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું......

કાળના ક્રુર પ્રહાર જેવાં હૃદયરોગના હુમલાએ પળભરમાં જ એક અસ્તિત્વને વિલીન કરી નાંખ્યું હતું. એ ક્ષણથી આજ સુધી હજુ પૂ. પિતાશ્રીના સ્મરણોથી હું એ શૂન્યાવકાશને ભરવા મથી રહી છું. જીવનના અવિરત પ્રવાહે બગડીયા પરિવારની વહાલસોયી પુત્રીને ડૉ. સંજય શાહની પત્ની બનાવી, દ્યુમન અને પરમ ની માતા બનાવી, એક જવાબદાર ગૃહિણી બનાવી, પરંતુ પિતૃ વિરહનો ઝુરાપો કદિ અટક્યો નહીં. વિરહ વેદનાને વિસરવા હું વારંવાર પપ્પાજીના પ્રેરક જીવનના ઉદાત્ત ગુણોને વાગોળતી રહી છું. આવી એક પળે મારા બંને પુત્રોએ નાનાજીના જીવનની ગુણગાથા સાંભળવાની ઉત્સુકતા દર્શાવી, મારા પતિ સંજય શાહ પણ તેમાં સહભાગી બન્યા. સમય સરતો રહ્યો, સ્મરણોના સિંહાસન પર કેલેન્ડરના પાનાઓ ફરતા રહ્યા, આંસુના તોરણ સાથે હૃદયના ભાવો વ્યક્ત થતાં ગયા અને પિતા–પુત્રો સજલ નયને તન્મય થઇ સાંભળતા રહ્યા.

મારા પતિનું સૂચન હતું, ‘‘પૂ. પપ્પાજીના સ્મરણોની એક નોંધપોથી તૈયાર થાય તો કાયમી સ્મૃતિ બની આપણાં ભાવિ માટે માર્ગદર્શક બનશે, સંતાનોને પ્રેરક બનશે અને જગતને એક મુઠ્ઠી ઊંચેરા માનવીનો પરિચય કરાવશે’’ અને આ સૂચન સાથે જ મારી સુમધુર, અલભ્ય યાદોને શબ્દદેહ આપવાની પ્રેરણા મળી. મારાં જ સ્મરણો શા માટે ? સ્વ. પપ્પાજી નો જેને–જેને પરિચય હતો તે સહુને સહભાગી બનાવી એ વિરલ વ્યક્તિત્વને ચિત્રિત કરવાના ભાવ જાગ્યા. શુભ સંકલ્પ સાથે સંજયે વિચારને વાસ્તવિક બનાવવા મને સક્રિય બનાવી.

બીજા જ દિવસે ગુરુદેવ પૂ. ધીરજમુનિ મહારાજ સાહેબ પાસે અમારી મહેચ્છા વ્યક્ત કરી. ‘‘શુભે યથાશક્તિ પ્રયત્નીયમ્’’ નો પ્રત્યુત્તર પામી અમે સંતુષ્ટ થયા. ‘‘આવાં કાર્યો અનેક માટે મહાલાભનું કારણ બની શકે છે.’’ એવા ઉદ્‌ગારોથી વધુ પ્રેરિત થઇ સ્મરણગ્રંથનો શુભારંભ કરવાનું બળ મળ્યું.

પૂજયશ્રી ના અનુગ્રહથી જ આ કાર્યનો પ્રારંભ અને પૂર્ણતા થઇ એમ કહેવું ઉપયુક્ત જ થશે.

માત્ર સંતાનો કે પરિવારજનોના મનોભાવ ક્યારેક ભાવાવેશ કે અતિશયોક્તિની અભિવ્યક્તિ પણ બની જાય ! પરંતુ વીતરાગના માર્ગે વિચરતા સાધુભગવંતો કે સાદવીજીઓના તટસ્થ મૂલ્યાંકનો વાસ્તવિકતાના દ્યોતક અને વ્યક્તિત્વના સૂચક હોય તે સ્પષ્ટ હતું.

નમ્ર નિવેદન દ્વારા પૂ. ગુરુ – ગુરુણીઓ પાસે જોળી ફેલાવી કે આપ સહુના અનુભવના અર્કને અલ્પ શબ્દોમાં પણ અભિવ્યક્તિ આપી અમને કૃતાર્થ બનાવો, સ્નેહીજનો અને પરિચિતજનોને પણ વિનંતિ કરી કે અમે અજાણ અને આપ સહુ જેના જાણ છો એવાં આપના અનુભવોના અંશો અમને જણાવો.

અલ્પ સમયમાં જ પ્રતિભાવો અને આ કાર્ય કરવા બદલ અભિનંદનોનો ધોધ વહ્યો, જેણે અમારાં પ્રયત્નમાં પ્રાણ પૂર્યા. ભાઈઓ, બહેનો અને મિત્રોએ સહયોગી બની હિંમત અને ઉત્સાહમાં વૃદ્ધિ કરી.

પ્રેમ અને કરૂણા, વાત્સલ્ય અને વૈયાવચ્ચના ગુણોથી છલકાતાં હૈયા વડે જેમણે કદિ કોઈના કાર્યને ઈન્કાર્યુ નહોતું તેવાં પૂ. પપ્પાજીના જીવન–કવનને આલેખવાં કોઈની કલમે ઈન્કાર ન કર્યો. અપેક્ષિત અને અનઅપેક્ષિત સહકાર મળતો જ ગયો.

જેમ જેમ લોકોને સ્મરણયાત્રા આલેખન અને પ્રકાશન ની જાણ થતી જાય છે તેમ તેમ સહુનો ઉત્સાહ વધતો જાય છે. આજે ૨૮ વર્ષના વહાણાં વીતી ગયા તો પણ વ્હાલા પપ્પાજીના ગુણોની સુગંધ વાતાવરણમાં છવાયેલ જ છે.



દામનગરના અગ્રણી નાગરિક મુરબ્બી શ્રી જીવનભાઈ હકાણી ના શબ્દોમાં, ‘‘દીકરી ! તારાં પપ્પાની તો શું વાત કરુ ? રૂા. એક કરોડની લાલચ આપો તો પણ એક વ્યક્તિ શોધી ન જડે કે જે જયંતિભાઈ માટે ઘસાતુ બોલી શકે !’’

આવાં ગુણસંપન્ન પિતાના સંતાન હોવાનું ગૌરવ કયાં શબ્દોમાં વ્યક્ત કરવું એ જ સમજાતું નથી.

**‘‘સ્મરણમાં એ સ્મિત, એ ધ્વનિ સદાય રહ્યાં કરે,**
**જીવન એ જ સાર્થક, હયાતી વિના નામ બોલાયા કરે.’’**

સૌના કરકમળમાં આ સ્મરણસંપુટ અર્પણ કરી જેમાંથી કદિ ઋણમુક્ત ન થવાય એવા પિતૃઋણને માત્ર યાદ જ કર્યાનો અનુભવ કરતાં હું ધન્યતા અનુભવું છું.

ચાલો, ત્યારે આપણે સફર કરીએ.....

‘‘સ્મૃતિના સુરમ્ય સથવારે’’ યાદોના વૃંદાવનમાં.....

**જયશ્રી સંજય શાહ**

- **જયેષ્ઠ તનયાની હૃદયસ્થ વાચા** ........ જયશ્રી સંજય શાહ ........ ૯
- **શ્રી જયંતિભાઇના હસ્તાક્ષરે...** ........ ૩૯
  - અંગત ડાયરીના અવતરણો ........ ૪૦
  - ગમતા ગીતોનો ગુલાલ ........ ૪૨
- **જૈન સૌરભ માસિક – શ્રદ્ધાંજલિ** ........ ૪૫
- **ગ્રામ પંચાયતની ભાવાંજલિ** ........ તા. ૪–૬–૮૪ સાંજે ૫:૩૦ કલાકે ........ ૪૭
- **ગુણાનુવાદ સભા : શ્રધ્ધાંજલિ** ........ તા. ૧૫–૬–૮૪ ની મહાજનવાડી પ્રભાતે, દામનગર. ........ ૫૦
- **આંખો ભીની ભીની થાય** ........ પૂ. હંસાબાઇ મ.જી. ........ ૫૬
- **સ્વજનોની સ્નેહ સરગમ :** ........ ૫૭
  - અલખનો અવધૂત યોગી ........ સુશ્રી નીરૂબહેન બગડીયા ........ ૫૮
  - સહજીવનની સંનિધિ ........ શ્રી હંસાબહેન જયંતિભાઇ બગડીયા ........ ૬૩
  - The Supreme Symbol of unity ........ શ્રી કાંતિભાઇ બગડીયા ........ ૬૬
  - બગડીયા પરિવારનું ઝળહળતું રત્ન ........ શ્રી ભોગીભાઇ બગડીયા ........ ૬૮
  - સખા શિરમોર, બાંધવ ઉંચા ........ શ્રી ધનસુખભાઇ બગડીયા ........ ૭૦
  - આમ ચાલ્યા જવાય ? ........ કેતન જયંતિલાલ બગડીયા ........ ૭૩
  - પપ્પાનો લાડકવાયો ........ સ્નેહલ જયંતિભાઇ બગડીયા ........ ૭૬
  - વેદના–સંવેદનાની યાદવાસ્થલી ........ મનિષા દિનેશભાઇ ખેતાણી ........ ૭૯
  - અવિસ્મરણીય વ્યકિતત્વ ........ રૂપલ વીરેનભાઇ બાવીસી ........ ૮૩
  - વધુ સમજુ તે પહેલા... ........ ચેતના સાગરભાઇ શાહ ........ ૮૫
  - સહજતાના સવ્ય સાચી ........ ડૉ. સંજય મનુભાઇ શાહ ........ ૮૭
  - જેણે આપને જોયા હશે તે ધન્ય છે. ........ બીના કેતન બગડીયા ........ ૮૯
  - જેણે ત્યાગીને ભોગવી જાણ્યું ........ પદમા મનોજભાઇ લાખાણી ........ ૯૧
  - સંયમ પંથના અનુરાગી ........ સ્મિતા કિશોરભાઇ દોશી ........ ૯૨
  - My Gracious Nanaji ........ દ્યુમન સંજય શાહ ........ ૯૪

☐ **સંત–સતીજીઓની ગુણાંજલિ :** ....................................................................................૯૫

- યોગભ્રષ્ટ સાધક ..............................પૂ. અમીચંદજી મ.સા. .....................................૯૬
- પૂર્ણતા પ્રતિ પ્રયાણ હો... ....................પૂ. ધીરજમુનિજી મ.સા. ..................................૯૯
- આદર્શ શ્રમણોપાસક ..........................પૂ. વનિતાબાઇ મ.જી. .....................................૧૦૨
- ભક્તિ માર્ગનો ભોમિયો.......................પૂ. અરૂણાબાઇ મ.જી. .....................................૧૦૫
- વાત્સલ્યની વહેતી ધારા.......................પૂ. સુશીલાબાઇ મ.જી. ....................................૧૧૦
- વાત્સલ્યનો ઘુઘવાટ ...........................પૂ. મીનાબાઇ મ.જી. .......................................૧૧૩

☐ **સ્નેહીજનોની સ્મરણાંજલિ.** .....................................................................................૧૧૫

- અજાતશત્રુ ....................................શ્રી રજનીકાન્ત કોઠારી.....................................૧૧૬
- કુટુંબ વત્સલ..................................શ્રી જયંતિભાઇ બગડીયા .................................૧૧૮
- સંસ્મરણોની સ્મરણાંજલિ .....................શ્રી વસંતભાઇ દેસાઇ ....................................૧૨૦
- બાળસખા .....................................શ્રી ભૂપતભાઇ બગડીયા .................................૧૨૩
- વંદનીય કર્મયોગીનું વ્યક્તિત્વ દર્શન...........શ્રી રફીકભાઇ હુનાણી.....................................૧૨૫
- દામનગરનો જવાહિર..........................શ્રી રાજુભાઇ બગડીયા ...................................૧૨૯
- માનવ પુષ્પની મહેંક..........................શ્રી ડૉ. મનુભાઇ શાહ.....................................૧૩૧
- ‘સારપ’ નું સારસ્વત ..........................શ્રી પ્રવીણભાઇ અજમેરા .................................૧૩૨
- ધરતી પરનો ધન્વંતરી .........................શ્રી સુરમ્યભાઇ મહેતા ...................................૧૩૪
- જીવન સાફલ્યના આર્કિટેક્ટ...................શ્રી હિતેશ પ્રભુદાસ ચોવટીયા ...........................૧૩૬
- મહાત્માની મધુરાશ ............................શ્રી વર્ષાબેન દિલીપભાઇ શેઠ ...........................૧૩૭
- લાખેણી હસ્તી .................................શ્રી જયસુખભાઇ તુરખીયા ................................૧૩૮
- જાનાર તો જતા રહ્યા... ........................શ્રી રમીલાબેન ડી. શાહ ..................................૧૩૯
- મૂઠી ઊંચેરો માનવી............................શ્રી જીવનભાઇ હકાણી ..................................૧૪૧
- સરળતાની મિશાલ ............................શ્રી વીરલ હસમુખભાઇ અમજેરા .........................૧૪૨

☐ **આચમન** ..............................................સાધ્વીશ્રી અરૂણાબાઇ મ.જી..............................૧૪૩


08

09

# જયેષ્ઠ તનયાની હૃદયસ્થ વાચા

જયશ્રી સંજય શાહ

## સંસ્મરણ શૃંખલાની શિબિકામાં...

### જન્મભૂમિની યશોગાથા




ધર્મપ્રધાન ભારત દેશમાં પ્રાન્તો તો ઘણાં છે, પણ એ બધામાં ધર્મ, કળા અને સંસ્કૃતિના ધામ સમો ગુજરાત પ્રાન્ત એના હૃદયસ્થાન રૂપ છે. અહીંની રસાળ ધરતી, પાણીથી ઉભરાતી નદીઓ, ફળોથી લચી પડતા વૃક્ષો અને ધાન્યોથી છવાયેલા ખેતરો આ પ્રદેશની સુંદરતા અને સમૃદ્ધિના સાક્ષી છે.

જૈનો તથા જૈનેતરોના જગમશહુર તીર્થધામો આ પ્રદેશમાં આવેલા છે. એથી તો એને ધર્મભૂમિ તરીકે ઓળખવામાં આવે છે.



જૈન સાહિત્યને સમૃદ્ધ કરવામાં જેઓનો અનન્ય ફાળો છે, તેવાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ અને ન્યાય વિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વગેરે સમર્થ સારસ્વતો આ જ ભૂમિમાં ઉત્પન્ન થયેલા સંત રત્નો છે. તેઓના તથા અન્ય પ્રભાવક શ્રમણ ભગવંતોના ઉપદેશથી પ્રતિબોધ પામેલા સિદ્ધરાજ જયસિંહ, પરમાર્હત રાજા કુમારપાળ, તેમજ મંત્રીશ્વરો વિમળશા, ઉદયન, વસ્તુપાલ અને તેજપાલ જેવા નરરત્નોએ આ ભૂમિને વારસામાં મળેલા ધર્મ–સંસ્કારનાં મૂળને જતનપૂર્વક સીંચી વિશેષ મજબૂત બનાવ્યા હતા અને એ જ કારણે બીજા બધા પ્રદેશો કરતાં આ પ્રદેશમાં વસતી જૈન–જૈનેતર જનતામાં આજે પણ એની સ્પષ્ટ અને સુભગ અસર દેખાયા વગર નથી રહેતી.

આ જ ગુજરાતની ગૌરવવંતી ભૂમિમાં સૌરાષ્ટ્ર તરીકે જાણીતો એક પ્રદેશ છે. આ પ્રદેશનું ખમીર અનોખું છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય અને મહાતીર્થ શ્રી ગિરનાર જેવા તીર્થધામોએ આ ધરતીને પુણ્યભૂમિની મહોરછાપ મારી છે.

સૌરાષ્ટ્રનો અર્થ સુ–રાષ્ટ્ર એટલે કે સુંદર દેશ એવો થાય છે. યોગીઓનું પ્રિયધામ–પિયર એટલે સૌરાષ્ટ્ર. આર્યાવર્તના ખૂણે–ખાંચરેથી પણ યોગીઓએ પધારી સૌરાષ્ટ્રને સંતકુંજ બનાવી પાવન કર્યું છે.

જૈન પરંપરાના પ્રાણરૂપ આગમસૂત્રોને લિપિબદ્ધ કરીને આપણા સુધી પહોંચાડવાનું મંગલમય અને ઐતિહાસિક કાર્ય આ જ સૌરાષ્ટ્રની ગરવી ધરતીમાં, તે સમયના પ્રસિદ્ધ શહેર વલભીપુરમાં થયું હતું.



સંત અને શૂરાની ભૂમિ સૌરાષ્ટ્રનું એક અનોખુ અને આગવું અંગ એટલે 'કાઠિયાવાડ'

કાઠિયાવાડની ગૌરવગાથાનું નિરૂપણ મહાન કવિઓ કરી ચુકયા છે. છતાં પણ વતનની ગરિમાને શબ્દ દેહ આપવાનો નમ્ર પ્રયાસ માત્ર છે.

સાહસ અને શૌર્યથી થનગનતું યૌવન એ કાઠિયાવાડી સ્ત્રીના સેંથીનું સિંદુર છે. આતિથ્ય સત્કાર એ આ પ્રદેશની શોભા છે. તેથી જ કવિએ લલકાર્યું છે;

**'મારા કાઠિયાવાડમાં કો'ક દિ' ભૂલો પડય ભગવાન**
**તને સરગ ભૂલાવું શામળા, તારા એવા કરું સન્માન.'**

કૃષ્ણ વાસુદેવના બાળસખા ગરીબ સુદામાએ દ્વારિકા નગરીમાં આ ભવ્ય આતિથ્યનો સ્વાદ ચાખીને દિવ્યતાના દર્શન સહ ધન્યતા અનુભવી.

જયાં મસ્તિષ્ક કરતાં હૃદયનું જોર વધારે હોય છે, એવાં વિસ્તારોને હૃદય–પ્રદેશ કહી શકીએ. જે પ્રદેશમાં ભકિતભાવ કેળવવા માટે અથાગ પ્રયત્ન ન કરવો પડે તેને હૃદય–પ્રદેશ કહી શકાય. સમગ્ર કાઠિયાવાડ હૃદય–પ્રદેશ સમ લાગે છે. આ પ્રદેશમાં ત્રણ શબ્દોનું રાજ છે;

**ખમીર, ખાનદાની અને ખંત.**

સંત, શૂરવીર અને સાવજની ભોમકા એવા આ પ્રદેશને માટે કહેવાયું છે કે,

**જ્યાં સિંહણ નિજ સંતાન ધવરાવે જાળે,**
**જ્યાં સાગર ઉછળે નીર મોતીની પાળે;**
**જ્યાં પ્રેમ ભક્તિનાં ગાન ભક્તજને ગાયા**
**જ્યાં સ્થળ-સ્થળમાં ઈતિહાસ શૂરના સોહાયા.**

મનોરમ્ય કાઠિયાવાડનો શિરમોર જિલ્લો અમરેલી, તાલુકો લાઠી કવિ કલાપીનું જન્મસ્થળ, તેમાં મનોહર નયનરમ્ય અને





રળિયામણું ગામ **દામનગર.**

આ પુસ્તકના ચરિત્ર નાયકની જન્મભૂમિ, ધર્મભૂમિ અને પુણ્યભૂમિ માદરે વતન **દામનગર.**

ચારેબાજુ નાની-નાની ટેકરીઓની વચ્ચે અને તળાવના કિનારે વસેલાં આ ગામની શોભા અનેરી છે. તળાવની બાજુમાં કુંભનાથમહાદેવનું મંદિર, તેની સવારની આરતીની ઝાલરનો રણકાર અને તળાવને કિનારે કુંજપક્ષીઓનો કેકારવ. આજુબાજુ લીલીછમ વાડીઓ અને ખેતરો અને તેમાં રાષ્ટ્રીય પક્ષી મોરના ટહુકાનો ધ્વનિ સુંદરતામાં ચાર ચાંદ લગાડે છે.

વેપાર-વાણિજય ક્ષેત્રે અગ્રેસર એવા આ ગામમાં આજુબાજુના ગામડાવાળા માલ લેવા-વેચવા, હટાણું કરવા મોટા

પ્રમાણમાં આવતા તેથી અહીંની બજાર વેપારીઓથી ભરેલી રહેતી. વેપારીઓમાં મોટા ભાગના જૈનો હતા. કાલા કપાસ, ઓઇલ મિલ્સ, રૂના જીન એ અહીંનો મુખ્ય ધંધો હતો. ધમધોકાર ચાલતી પેઢીઓમાં **જગજીવન રતનશી બગડીયાની** પેઢી ખ્યાતનામ હતી.

## પરિવારના સિંદબાદ



એવાં અગ્રગણ્ય વ્યાપારી બગડીયા પરિવારના સ્તંભ ઋજુસ્વભાવી, વૈયાવચ્ચપ્રેમી, શ્રાવક શિરોમણી સ્વ. જગજીવનભાઇ રતનશી બગડીયાનું જીવન ત્યાગ અને અધ્યાત્મની ઉચ્ચ ભાવનાથી સભર હતું. જૈન ધર્મમાં અડોલ શ્રદ્ધા એ તેમનું બાહ્ય તેમજ આંતરિક વ્યક્તિત્વ હતું. પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતો માટે બહુમાન તેમના શ્વાસે–શ્વાસે વણાયેલું હતું. દ્રઢધર્મી, પ્રિયધર્મી એવા પૂ. દાદાજી આદર્શ શ્રાવક રત્ન હતા. શાસનના કાર્યો માટે તેઓ તન–મન–ધનથી સદૈવ તત્પર રહેતા. દામનગરમાં પૂ. સાધુ–સાધ્વીજીઓના ચાતુર્માસ કરાવવા માટે તેઓ યથાશક્ય પ્રયત્નશીલ રહેતા.

પૂજનીય શ્રમણ ભગવંતો સાથે ગોચરીમાં જવું, ચાતુર્માસ પૂર્ણાહુતિના સમયે વળામણામાં સાથે જઇ આગળ પણ યથાયોગ્ય વ્યવસ્થા કરવી, આવી–આવી શ્રાવકની ફરજો તેમના લોહીમાં વણાયેલી હતી.

સ્થાનકવાસી જૈન સમાજમાં ખ્યાતનામ જૈનાચાર્ય, સંસ્કૃતના પ્રકાંડ પંડિત, સ્વનામ ધન્ય પૂ. શ્રી ઘાસીલાલજી મ.સા. સૌરાષ્ટ્રમાં અને તેમાય દામનગરમાં ચાતુર્માસ પધારે તેવી વિનંતી નગરશેઠ શાસ્ત્રજ્ઞ, સુશ્રાવક શેઠશ્રી દામોદરભાઇ શેઠ વગેરેએ કરેલ. સ્થાનકવાસી સમાજમાં સહુ પ્રથમ ગુજરાતીમાં ૩૨ આગમનો અનુવાદ આચાર્ય પૂ. ઘાસીલાલજી મ.સા. એ કરેલ. પૂ. આચાર્યદેવ પાલનપુર પધાર્યા ત્યારે શેઠશ્રી દામોદરભાઇ શેઠનો દેહવિલય થતાં દાદાજી શ્રી જગજીવનભાઇ બગડીયા અને સ્વ. શેઠના પુત્રરત્ન, શાસ્ત્રપ્રેમી શ્રી વિનુભાઇ દામોદરભાઇ શેઠે જવાબદારી સ્વીકારી પૂર્ણ કરેલ. જેમાં સાધર્મીભક્તિનો લાભ દાદાજી જગજીવનભાઇ બગડીયાએ ભાવ પૂર્વક લીધેલ. **વિક્રમ સંવત ૨૦૦૦ની સાલની આ અવિસ્મરણીય ઘટના છે.**

દામનગરમાં જ નહિ બલ્કે ગુજરાતમાં પૂજ્ય મારવાડી સંતોના ચાતુર્માસનો આ પ્રથમ જ અવસર હતો. દામનગરની ભૂમિમાં જાણે દેવતાઓએ વાસ કર્યો હોય એવા દિવ્ય અને ભવ્ય ચાતુર્માસનો આરંભ થયો. એ સમય દરમિયાન પરમ પૂજ્ય મહારાજ સાહેબના વાત્સલ્યવારિધિનો ધોધ પૂજ્ય દાદાજીના વિનમ્રતાના ગુણને લીધે સતત વરસતો રહ્યો. ચાતુર્માસમાં લાભ લેવા આવતા મહેમાનોની પ્રેમપૂર્વકની સારસંભાળ, રસોડાની દેખરેખ, વૈરાગીભાઇઓ તથા બહેનોની કાળજીપૂર્વકની સંભાળ જેવી નાની–મોટી દરેક જવાબદારી પૂજ્ય દાદાજીએ આનંદથી સંભાળેલી હતી.તેઓનું ધર્મમય જીવન આવનારા દરેક સાધર્મિક માટે દીવાદાંડી સમાન હતું.



આચાર્ય પૂ. ઘાસીલાલજી મહારાજ સાહેબ અતિ વિદ્વાન હતા. આગમના ગહન અભ્યાસી હતા. તેઓના હાથે આગમ લખવાની શરૂઆત દામનગરમાં જ થઇ. તે સમયે પૂ. દાદાજીએ ત્રણ પંડિતોને ઘેર રાખીને રૂા. ૫૦૦૦ જેવી રકમ પ્રથમ પોતે જ ફાળા તરીકે આપીને આગમ લેખનના કાર્યમાં સકામ નિર્જરાની કમાણી કરી લીધી હતી.

આ ચાતુર્માસ દરમિયાન પરમ પૂજ્ય મહારાજ સાહેબની અમીદૃષ્ટિના કૃપાકાંક્ષી પૂજ્ય દાદાજી બની ગયા. અને પૂજ્યશ્રીને પણ પૂજ્ય દાદાજી પ્રત્યે તેના આંતરિક ઉચ્ચ ગુણોને લીધે પુત્રવત્ ભાવ હતો.

આવી જ રીતે જ્ઞાનગચ્છાધિપતિ પરમ પૂજ્ય બહુશ્રુત શ્રી સમર્થમલજી મહારાજ સાહેબને દામનગરમાં સને ૨૦૬૬માં ચાતુર્માસ કરાવનાર યશભાગી પણ તેઓ જ હતા. લીંબડી સંપ્રદાયના પરમ પૂજ્ય શ્રી લીલાવંતીબાઇ મહાસતીજી તથા ગોંડલ સંપ્રદાયના પરમ પૂજ્ય શ્રી રંભાબાઇ મહાસતીજી જેવા વિરલ સાધ્વીજી ભગવંતોનો લાભ પૂજ્ય દાદાજીની ભક્તિભાવના, સેવાભાવના તથા ઉદારતાને લીધે દામનગરને મળ્યો.

સંપ્રદાયનો દુરાગ્રહ નહિં હોવાથી જ આવા મહાન પવિત્ર આત્માઓના પાવન પગલા દામનગરની ધરાને ધન્ય કરી શક્યા.



આટલી વ્યસ્તતામાં પણ પૂજ્ય દાદાજી તેમની ધર્મક્રિયામાં ઘણા જ નિયમિત હતા.

સામાયિક, ઉભયકાળ પ્રતિક્રમણ, વ્યાખ્યાન શ્રવણ, આગમ વાંચન અને નિત્ય સ્વાધ્યાય જેવા નિયમોનું ચુસ્તપાલન તેઓ અપ્રમાદીપણાને લીધે કરી શકતા હતા. દયાળુ દિલ અને કોમળ સ્વભાવે તેઓની સેવાભાવનાને એટલી પ્રચંડ બનાવી હતી કે દામનગરમાં પ્રાયઃ કોઈપણ રંકને ક્યારેય નોધારાપણાનો અહેસાસ થવા દીધો નહોતો. ગુપ્તદાનમાં માનનારા પૂજ્ય દાદાજી સાધર્મિક યા અન્ય જરૂરિયાતવાળા પરિવારને અન્નદાન, વસ્ત્રદાન, શૈયાદાન તેમજ ઔષધિદાન લેનારનું સ્વમાન સચવાય–જળવાય તે રીતે કરતા.

## ભક્તિ ભાગીરથી દાદીજી

પૂજ્ય દાદાજીના આ બધા સત્કાર્યોમાં તેમના સહધર્મચારિણી, ચારુરૂપા પૂજ્ય જેકુંવરબાનો પ્રબળ અને મૂક સાથહતો. પૂજ્ય બા એટલે પારકાની પીડાને પોતાની કરી જાણનારી દયાની દેવી. નિત્ય ઉપાશ્રયે જવું, જે કોઇ સાધુ–સાધ્વીજી બિરાજતા હોય તેમને શેનો ખપ છે ? તે વાતવાતમાં જાણી લેવું, તે જરૂરિયાતોને નિર્દોષ રીતે પૂરી કરવી આ કળા પૂજ્ય બાને હસ્તગત હતી.





પ્રભુ મહાવીરની અંતિમ દેશના સ્વરૂપ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦૦૦ શ્લોક પૂજ્ય બાને સંપૂર્ણપણે કંઠસ્થ હતા. તેમની સાથે સ્વાધ્યાય કરવી એ જીવનનો એક લ્હાવો હતો.

પૂજ્ય બા તથા દાદાજીએ આશરો ન હોય તેને આશરો આપ્યો. પોતાની પાસે એક હોય તો અન્યને અડધો રોટલો આપ્યો. કોઈ રડતું આવે, કોઈ ભૂખ્યું આવે કે કોઈ પીડાતું આવે એ બધાં આ સ્નેહલ દંપતિ પાસે

શીળો છાંયડો પામે, માની મમતા પામે અને પિતાનું વાત્સલ્ય મેળવે.

પૂજ્ય દાદાજી આપ બળે અથાગ પરિશ્રમથી, પ્રબળ નિષ્ઠાથી અને પ્રમાણિકતાથી વેપારમાં આગળ આવ્યા. ધંધો કરવા છતાં નાની ઉંમરથી જ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે ઉદાસીનવૃત્તિ, નિઃસ્પૃહતા, નિર્લેપતા જેવા ગુણો વિકસાવેલા હતા. તેથી જ ધમધોકાર ધંધો પુત્રોને સોંપી નિવૃત્તિ લઇ ધર્મમાં પ્રવૃત્ત થઇને 'સંતપુરુષ'ની નામના પામી ગયા.

## પુણ્યાત્માનું અવતરણ :



અવનિને આંગણે અનેકવિધ માનવી અવતરે છે. નોખી–અનોખી, દિશા–વિદિશા, ગતિ અને અંતરાલોમાંથી આવે છે. અટન–પર્યટન–ભવભ્રમણ પછી પાવનકારી, શ્રેયકારી, હિતકારી, જયકારી જગ્યાએ જન્મ પામે છે.

એવી જ એક સેવામૂર્તિ, સુજ્ઞ આર્ય સન્નારી, શ્રાવિકારત્ન માતુશ્રી જેકુંવરબેન અને સમ્યગજ્ઞાન સમ્યગ્ દર્શનના ઉપાસક, અનુમોદક, અહોભાગી, સૌભાગી સંસ્કારી શ્રેષ્ઠી શ્રાવકવર્ય પરમ પૂજ્ય પિતાશ્રી જગજીવનભાઇના ગૃહાંગણે પાવનભૂમિ દામનગર ગામે તા. ૨૭–૧૨–૧૯૩૮ના રોજ કુલદીપક જયંતિભાઇનો જયવંતો જન્મ થયો.

જેની ગુણસુરભિને કંડારવા મારું ચિત્ત અને કલમ થનગની રહ્યા છે.

બાળપણથી જ ઋજુતા, અનુકંપા, આસ્થા, ઉત્સાહ, ઉમંગ, આનંદ, જિજ્ઞાસા, સચોટતા, પરખતા, બાહોશતા આદિ ગુણોની ઝલક જોવા મળતી. વડીલો પ્રત્યે બહુમાન જેવી પ્રકૃતિની સરળતા સ્હેજે શૈશવ પર્યાયમાં જણાતી.

શૈશવકાળનો તરવરાટ પસાર થાય ત્યાં જ યૌવન અવસ્થાના તલસાટમાં આવતા જ અંતરમાં અમી, મુખમાં અમી, આંખોમાં અમી. બસ, 'અમી જ અમી જેને કાંઇ ન હોય કમી.' 'સહુ સારા અને સહુ મારા'ની હૃદયંગમ ભાવના.

કોઇની પણ આજ્ઞાનો અનાદર નહિં, જે હોય તેમાં સંતોષને સ્નેહ કયારેય ઝાંખા થાય તેવો વિકલ્પ પણ ન કરવો, તો વિચાર,

વાણી કે વર્તન સુધી તો એનો અણસાર પણ ન હોય તે સ્હેજે સમજી શકાય તેવું વિરલ વ્યક્તિત્વ.

બાલ્યવયથી જ પૂજ્ય બા-દાદાજી સાથે ઉપાશ્રયમાં જવું, પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની સુખશાતા પૂછવી, સાથે ગોચરી જવું, વ્યાખ્યાન તથા વાંચણી સાંભળવા, સ્તવનો સાંભળવા તથા નવા નવા ગીતોની રચના કરવી, ધાર્મિક દ્દષ્ટાંતો સાંભળીને જીવનમાં ઉતારવા આ બધી પ્રવૃત્તિ તેમને સહજ હતી. આ દરેક કાર્યો એટલા આનંદોલ્લાસ સાથે કરતા કે પ્રાયઃ સાધુસંતોના મુખેથી સાંભળવા મળતુ, કે આ જયંતિભાઈનો જીવ અહીં તેના થોડા ઘણાં બાકી રહી ગયેલા કર્મ ખપાવવા માટે જ આવ્યો છે.

દિવસ દરમિયાન જે કાંઈ નવું જાણવા મળ્યું હોય તેને ઘેર આવીને બધાને કહેવાની શૈલી એવી ગજબની હતી કે સાંભળનાર તેમાં ઓતપ્રોત થઈ જાય.

અત્રે જયંતિભાઈનો કૌટુંબિક પરિચય આપવો જરૂરી છે.

પૂજ્ય જેકુંવરબા તથા જગજીવનદાદાને પારિવારિક સંપત્તિમાં ચાર પુત્રો અને બે પુત્રી.





**સહુથી મોટા પુત્ર મુરબ્બી શ્રી કાંતિભાઈ :**

નિખાલસ વ્યક્તિત્વ અને ઉદ્યમવંત જીવન. કુશળ વ્યાપારી અને વળી પાપભીરૂ. મેસર્સ કાન્તિલાલ જગજીવનદાસ બગડીયાની પેઢીની વિકાસયાત્રામાં તેમનો મહત્તમ ફાળો રહ્યો છે.

**દ્વિતીય પુત્ર મુરબ્બી શ્રી ભોગીભાઈ :**

સમાજ કલ્યાણના કાર્યોમાં રસ-રુચિપૂર્વક પ્રયત્નશીલ, વક્તૃત્વ શક્તિ ધારક, દામનગરની ગર્લ્સ હાઈસ્કૂલ, હોસ્પિટલ તથા કેળવણી મંડળ જેવી સંસ્થાઓના સ્થાપકનું બિરૂદ મેળવનાર તથા સ્વામિનારાયણ ગુરુકુળમાં સક્રિયપણે કાર્ય કરીને દામનગરને ગુજરાતના નકશામાં અગ્રિમ હરોળમાં મૂકી દીધું.

### તૃતીય પુત્ર સદૈવ વંદનીય સ્વ. શ્રી જયંતિભાઇ બગડીયા :

જેમની યશોગાથાને હું શબ્દદેહ આપવાનો યથાશકય પ્રયાસ કરી રહી છું.

### ચતુર્થપુત્ર મુરબ્બી શ્રી ઘનસુખભાઇ બગડીયા :

પરોપકારી, પ્રેમાળ, નિઃસ્વાર્થ વ્યક્તિત્વ અને દરેક બાળકોના વ્હાલા કાકા.

હાલ સુરેન્દ્રનગર સ્થિત પ્રજ્ઞાચક્ષુ મહિલા સંસ્થામાં તેમનું યોગદાન અવિરત ચાલુ છે.

### જયેષ્ઠ સુપુત્રી સ્વ. શ્રી જશવંતીબેન મુળજી દેસાઇ :

ભદ્રિક, કુટુંબ પ્રેમી અને સરલ સ્વભાવી. સાવરકુંડલા દેસાઇ કુટુંબમાં પરણાવેલા હતા.

### દ્વિતીય પુત્રીરત્ન સુશ્રી નીરૂબહેન :



જૈન આગમોનો અભ્યાસ, સાદું જીવન, સાત્વિક જીવનશૈલી અને અપરિગ્રહિતાને જેમણે જીવનમાં વણી લીધી છે. અપરણિત રહી ને આધ્યાત્મિક વૈભવને જાળવી રાખ્યો છે.



### યૌવનનો તરવરાટ :

જયંતિભાઇના પારિવારિક પરિચય બાદ આગળ વધીએ તો એસ.એસ.સી. સુધીનું શિક્ષણ પૂરું કરીને વ્યાપારમાં બંને વડીલબંધુઓની છત્રછાયામાં આવ્યા. મેસર્સ કાંતિલાલ જગજીવનદાસની ધમધોકાર ચાલતી પેઢીના વહીવટનો કારભાર સ્વબળે પોતાના શિરે લઇ લીધો અને યથાશકય વડીલ બંને ભાઇઓનો બોજ હળવો કરવામાં સહાયભૂત બન્યાં.

પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા શ્રી જયંતિભાઇ એ જેતપુર નિવાસી



શ્રેષ્ઠિવર્ય સ્વ. શ્રી પ્રભુદાસ કેશવલાલ ચોવટીયાની સુપુત્રી ચિ. હંસાલક્ષ્મી સાથે તા. ૮ માર્ચ, ૧૯૬૨ના શુભ મંગલદિને પ્રભુતામાં પગલા માંડયા.

માતા–પિતાએ બાલ્યવયમાં જૈનધર્મના સંસ્કારના બીજનું વાવેતર કર્યું હતું તે સમય જતાં હંસાબહેનના સાથ–સહકારથી વટવૃક્ષ બની ખીલી ગયું.

તેઓના સંસારરથમાં સહેલગાહ કરવા છ સંતાનો ધન્યભાગી બન્યા.

પ્રત્યેક સંતાન માટે તેના માતા–પિતા પરમ પૂજ્ય અને પ્રભુને સ્થાને હોય છે. જન્મ આપ્યા પછી લાડ–પ્યાર, સંસ્કાર, વ્યવહાર, સદાચાર વગેરેનું તબક્કાવાર સિંચન કરનાર માવતરનું ઋણ એક ભવમાં કદાપિ ચૂકવી શકાતું નથી.

મનની આંખો સામે જીવનનો એક વિશાળ પટ પથરાયેલો છે. આ પટ પર કેટલીય સ્મૃતિઓ મહેંકી રહી છે. જયાંથી માનસપટ પર સમયના ઘણા વર્ષોના આંક પડ્યા છે. છતાંય બાળપણની યાદો 'રાંકના રતન' સમી એવીને એવી સચવાયેલી છે.

હવે હું આપને લઇ જાઉં છું એક એવા હૃદયપ્રદેશમાં કે જયાંથી શરૂ થાય છે મારા સંસ્મરણોની સ્મરણયાત્રા.........કર્મરાજાએ ૧૯।। વર્ષ સુધી જેની વાત્સલ્યધારામાં ભીંજાવાની તક આપી **એવા પિતા વિશે લખવાનો અવસર આવે ત્યારે કંઇક લખી શકાયાના સંતોષ કરતા, ઘણું બધું ન લખી શકાયાનો વસવસો મનમાં રહી જાય છે.** આજે હાથમાં કલમ ઉપાડી છે ત્યારે કંઇ કેટલીય યાદોનો મેળો ભરાવા માંડયો છે. ખબર નથી, કોને કેટલી શબ્દોમાં ભરી શકીશ ?

મારી ઉંમર કંઇક ૧૬ વર્ષની હતી. પર્વાધિરાજ પર્યુષણ ચાલતા હતા. પૂજ્ય પપ્પાજી દામનગર ધંધાર્થે મહદ્અંશે રહેતા અને અમે છ ભાઇ–બહેન અભ્યાસ અર્થે અમદાવાદ પૂ. મમ્મીજી સાથે રહેતા હતા. પર્યુષણમાં અઠ્ઠાઇ કરવાના ભાવ સાથે મેં ઉપવાસ શરૂ કર્યા. છઠ્ઠા ઉપવાસની રાત્રે અશાતા થઇ અને પારણું કરવાના ભાવ થયા. દામનગર ફોન કરીને પૂ. પપ્પાજી સાથે વાત કરી, ત્યારે પપ્પાજી એ કહ્યું કે બેટા ! નિર્ણય પાકો કરી લે કારણ કે પર્યુષણના દિવસોમાં મુસાફરી કરવાથી મને દુઃખ થશે અને વળી તારા



**‘નેહ નિતરતા નિર્મલ નયનો;**
**હજુ અમ નયન સમક્ષ તરે;**

**મમતાળુ વિરાગી વચનો**

**મનથી કેમ કરી વિસરે;**

**વિપુલ વાત્સલ્યામૃત ઝરતું,**
**પુનિત હૈયું હવે ક્યાં મળે;**

**અગણિત વંદનધારા ‘જયશ્રી’ ની**
**વ્હાલા પપ્પાને ચરણે દ્રવે.’**

કારણે જે કોઈને આ મોટા દિવસોમાં મુસાફરી કરવી પડશે તો તે કર્મબંધનું કારણ બનશે. શરીરની શાતા ન જ હોય અને આર્તધ્યાન થતું હોય તો પારણાના ભાવ રાખી શકાય, પણ આત્માની શક્તિ અનંત છે જોર લગાવી શકે તો અઠ્ઠાઈ પૂર્ણ કરજે. હવે રાત્રે હું તારી સાથે ફોન પર વાતચીત કરીશ. આટલી વાતો દરમિયાન મારું મનોબળ મક્કમ થયું અને સુખ-સમાધિ પૂર્વક આઠ ઉપવાસ પણ પૂર્ણ થયા.

ઉત્સાહપૂર્વક પારણાંનો પ્રસંગ ઉજવવા પૂજ્ય પપ્પાજી દામનગરથી અમદાવાદ આવી પહોંચ્યા. તે દિવસે જીવનમાં પ્રથમ જ વાર સાડી પહેરી હતી. પ્રસંગ પૂર્ણ થયા પછી પૂજ્ય પપ્પાજીએ મને તેની બાજુમાં બેસાડી. મેં તેમની આંખોમાં આંસુ જોયા. કારણ પૂછતાં તેમણે મને કહ્યું ‘મારી દીકરી આટલી મોટી થઈ ગઈ છે અને હવે ??? ત્યારે મેં પૂછ્યું કે હવે શું પપ્પા ? અને જે જવાબ મળ્યો છે તે યાદ કરતાં આજે પણ મસ્તક ભાવથી વંદન કરતાં નમી જાય છે.

તેમણે કહ્યું, **‘બેટા ! તારે રાણી બનવું છે કે દાસી ?’** હું જરા આશ્ચર્યજનક પ્રશ્નથી અચરજ પામી ગઈ. તેમણે વાત આગળ ધપાવતા કહ્યું, દીકરી ! સંસાર દુઃખથી ભરેલો છે. ઉપરથી જે આનંદ દેખાય છે તે સાચો આનંદ નથી. જવાબદારીઓ અને ફરજો પૂરી કરવામાં તારી જિંદગી નીકળી જશે. હા, એ રસ્તે તું અધ્યાત્મમાં ચોક્કસ આગળ વધીશ પરંતુ તે સંપૂર્ણ કર્મ નિર્જરાનું કારણ નહિ બને. જૈન દીક્ષા લીધા વગર સંસારમાં હવાતિયા મારવાથી નિજાનંદ ન મળે તે મેં અનુભવી લીધું છે.

પ્રભુ વીરનું શાસન મહાન છે. તેમણે બતાવેલ અણગાર ધર્મ જ શ્રેષ્ઠ છે. એ રાહ પર વિચરતાં સાધુ-સાધ્વીજીઓ મહાન છે.

**‘દેવો તણાં સ્વામી સદા જે વેશ કાજે તરફડે**
**શ્રેણિક સમા પરમાર્હતોના જીવનમાં જે ના જડે**

**બહુ પુણ્યકારી જીવને જે વેશ અમૂલખ સાંપડે**
**તે શ્રમણ સુંદર વેશને ભાવે કરૂં હું વંદના'**

'હું તો સાંસારિક જવાબદારીઓથી ઘેરાયેલો છું' તેથી લાચાર છું. પરંતુ તારી પાસે સમય છે, સાનુકૂળ વાતાવરણ છે અને મારો પૂરેપૂરો સાથછે. કદાચ એવું પણ બને કે તું દીક્ષા લઇશ તો ભવિષ્યમાં હું પણ એ રસ્તે ચાલી નીકળીશ.'

અહા ! આ મહાન ભાવનાને ત્યારે હું કદાચિત સંપૂર્ણ પણે સમજી શકી નહોતી, છતાં પણ મનમાં વિચારોનો ખળભળાટ ચોક્કસપણે શરૂ થઇ ગયો હતો.

આજે પિતાએ, એક પરમ પિતાના ચરણોમાં જીવન સમર્પણ કરવાની સોનેરી શિખામણ આપી હતી.

## પ્રેરણાનું 'પાવર હાઉસ' :



આપીને ખુશ થવું, ખવરાવીને તૃપ્ત થવું, મદદ કરીને મૌન રહેવું, સહાયક થઇને સૌમ્ય બનવું, બસ આ જ તેનો ખોરાક હતો અને આ જ તેમનો શ્વાસ હતો. દામનગરમાં જૈન ઉપાશ્રયની સામે જ મેસર્સ કાંતિલાલ જગજીવનદાસની પેઢી હતી. ઉપાશ્રયમાં બિરાજિત દરેક સાધુ–સાધ્વીજી ભગવંતની વૈયાવચ્ચ માટે સદૈવ તત્પર રહેતા. ત્યાં આવતા વૈરાગી, જિજ્ઞાસુ ભાઇઓ અને બહેનોનું પણ કાળજીપૂર્વક ધ્યાન રાખતા. પૂજ્ય સાધુ–સાધ્વીજીઓને ગોચરી વહોરાવવામાં ભાવની ઉત્કૃષ્ટતા પરાકાષ્ઠાએ પહોંચતી હોય તેવું લાગતું. ભાવનગરમાં જે. કે. ભાવસાર ડ્રાયફ્રૂટના વેપારીનું નામ ઘણું સારું હતું. તેને ત્યાંથી સ્પેશીયલ બદામની પૂરી વૈરાગી ભાઇઓ–બહેનો માટે મંગાવીને ખાસ પેઢીમાં રાખતા અને વહોરાવવાનો પણ લાભ લેતા.

જ્ઞાનપિપાસુઓની નાનામાં નાની જરૂરિયાતને પહોંચી વળવા શક્ય તેટલાં પ્રયત્ન કરતાં, પોતાને પણ જ્ઞાનધ્યાનની લગની

રહેતી તેથી વેપાર–ધંધામાંથી ફૂરસદ મળે કે તુરત જ ઉપાશ્રયમાં સત્સંગ કરવા પહોંચી જતા. ધાર્મિક સ્તવનો ગાવાનો તેમને અદકેરો શોખ હતો. ગીત અને શીઘ્ર સ્તવન રચવામાં તેઓ નિપુણ હતા. અંતરના ઉંડાણમાંથી તેમના પહાડી અને મધુર અવાજમાંથી નીકળતા સ્તવનના સૂરીલા શબ્દો વાતાવરણને આહલાદ્કતાથી ભરી દેતા હતા. પોતે તો પ્રભુભક્તિમાં ડૂબેલા હતા, પરંતુ ભાવસભર ગીતો ગાઈને બીજાને પણ પ્રભુભક્તિમાં રંગવાની તેમની ક્ષમતા ગજબની હતી.

મુંબઈના સ્તવનકાર શ્રી શાંતિલાલ શાહના કંઠે ગવાયેલા સ્તવનોની ઓડિયો કેસેટ ઘણી જ વસાવી હતી. ઘરમાં રાત્રે રોજ નિયમિતપણે ભક્તિ થતી હતી. પપ્પાજીનો આગ્રહ હંમેશા બધા પાસે કોઈને કોઈ સ્તવન ગવડાવવાનો રહેતો. પૂજ્ય બા–દાદાજી તો જાણે રાત્રે પપ્પાજીના સ્તવનો સાંભળીને સુવા ટેવાયેલા હોય તેવું જ વાતાવરણ રહેતું. આમ, રોજ રાત્રે ભક્તિની ગાડીમાં બેસાડીને સફર કરાવતા–કરાવતા અમને ભાઈ–બહેનોને ઘણાં બધા સ્તવનો લયબદ્ધ રીતે કેવી રીતે કંઠસ્થ થઈ ગયા તેની ખબર જ ન પડી.



પૂજ્ય બા–દાદાજીના પગ દબાવતા–દબાવતા આખા દિવસના વેપાર–ધંધાને લગતી યા અન્ય કોઈ હળવી રમૂજ કરતા, સ્તવનોની રમઝટ બોલાવતા અને પૂજ્ય બા–દાદાજીના ચહેરા પરના એ હાસ્યને પોતાના આખા દિવસનો થાક ઉતારવાની જડીબુટ્ટી માનીને સંતૃપ્તતા અનુભવતા પૂજ્ય પપ્પાજી આજે પણ નજરને આંસુથી અને હૃદયને લાગણીથી સભર બનાવી દે છે.

અલ્પ આયુષ્યમાં પણ ક્યારે પોતાના સંતાનોમાં ધર્મના દૃઢ સંસ્કારોનું આરૂપણ કરી, સ્વયં અનુશાસિત અનુશાસનમાં વાત્સલ્યથી અમને ભીંજવી દીધા તેની અમોને ખબર જ ન પડી.

મારી સમજણ મુજબ તેઓનું વર્તન નાનાઓ સાથે પ્રેમભર્યું, સમવયસ્કો સાથે મિત્રતાભર્યું, વયોવૃદ્ધો સાથે અનુકંપા યુક્ત, સંઘર્ષ કરવાવાળા સાથે સહાનુભૂતિ ભર્યું અને ભૂલ કરવાવાળા સામે સહનશીલતા ભર્યું હતું.

### મતિજ્ઞાન–શ્રુતજ્ઞાનની નિર્મળતા :

પૂજ્ય પપ્પાજી ૧૯ મે, ૧૯૮૪ના દિવસે દામનગરથી સુરેન્દ્રનગર પૂજ્ય મહાત્માજી જયંતમુનિ મહારાજ સાહેબના દર્શનાર્થે ગયા હતા. પૂજ્ય મહારાજશ્રી રોજ રાત્રે ૧૦ કલાકે સૂઈ જતા અને ૨ વાગે ઉઠીને સ્વાધ્યાયમાં રમણતા કરતા હતા. એ દર્શનનો લ્હાવો પૂજ્ય પપ્પાજી માટે અમૂલ્ય હતો. પૂજ્યશ્રીને રાત્રે ૨ વાગ્યાથી સવાર સુધી ફક્ત આંખોથી માણવા એ તેમના માટે પરમ આનંદ



**''કલરવોના ઘર સમું કલબલતું આંગણ સાંભરે,**
**સાવ લીલુંછમ હજી આજેય બચપણ સાંભરે,''**

હતો. ત્યાંથી અચાનક જ કાંઇ સમાચાર આપ્યા વગર તેઓ અમદાવાદ આવી પહોંચ્યા. પૂજ્ય મમ્મીજી, નાનો ભાઇ અને નાની બહેન વેકેશન હોવાથી દામનગર જ હતા. પૂજ્ય બા અમદાવાદ મારી સાથે હતા. પૂજ્ય પપ્પાજીના અચાનક આગમનથી સાનંદાશ્ચર્ય થયું ! સાંજે જમીને બેઠા. નિત્યક્રમ મુજબ ભક્તિ-સ્તવનો ગાયા. પૂજ્ય મહાત્માજી મહારાજ સાહેબની અવનવી સાધનાની રોમાંચક વાતો મને અને પૂજ્ય બાને સંભળાવી. રાત્રે ૧૧.૩૦ વાગ્યા આસપાસ પૂજ્ય બા નિદ્રાધીન થયા. ત્યારબાદ પપ્પાએ કહ્યું, 'જયશ્રી, મારે તારી સાથે વાત કરવી છે એટલે જ હું અહીં આવ્યો છું.' મેં સહજ પ્રશ્ન કર્યો કે પપ્પા, મમ્મી દામનગર છે અને તમે અચાનક જ અમદાવાદ કેમ આવી ગયા ? ત્યારે પપ્પાએ જવાબ આપ્યો, બેટા ! ધ્યાનથી સાંભળજે, મને કોઇ જ્યોતિષે કહ્યું છે કે તમારું આયુષ્ય ૪૫ વર્ષનું જ છે. અને મને પણ લાગ્યું કે પછી કદાચ તને મળી ન શકું તેથી આવી ગયો. મેં જરા ગુસ્સાથી કહ્યું, શું આવા જ્યોતિષમાં વિશ્વાસ રાખો છો ? એ બધું કાંઇ થોડું સાચું હોય ? કોણ છે એ જ્યોતિષ ? મને લઇ જાઓ

તેની પાસે. ત્યારે પૂજ્ય પપ્પાજીએ જવાબ આપ્યો, દીકરી, મારો અંતરાત્મા જ્યોતિષ છે અને તેનો અવાજ મને સંભળાય છે. પછી મને રડતી જોઇને ફોગટનું આશ્વાસન આપ્યું કે આવું કાંઇ જ થવાનુ નથી હું તો એમ જ કહું છું. અને પછી પેઢીના અમુક

Balance Sheets મને દેખાડયા. બેથી ત્રણ વ્યક્તિઓ પાસેથી લેણા રૂપિયા નીકળે છે તે વાત કરી. અને અંતમાં કહ્યું, બેટા ! મને દીક્ષા લેવાના બહું ભાવ થાય છે પરંતુ તમારી બધાની જવાબદારીમાંથી વ્હેલી તકે મુક્ત થાઉં તો હું મારું લક્ષ્ય સાકાર કરી શકું. પણ તને તો મારો સંપૂર્ણ ટેકો છે. પૂજ્ય ધીરજમુનિ મહારાજ સાહેબ તને ભાવસભર સૂત્રાર્થ સહિત વાંચણી આપે છે, તારો ક્ષયોપશમ પણ સારો છે. ભવિષ્યમાં પણ તારા અંતરાત્માના અવાજને અનુસરજે. હું તને એટલું જ કહીશ કે લેવા જેવી તો દીક્ષા જ છે. આટલી વાત કરીને નિદ્રાધીન થયા.

સવારે દામનગર જવા માટે નીકળ્યા. પૂજ્ય બાને જાણે છેલ્લીવાર મળતા હોય એમ આશીર્વાદ લીધા. મને છાતી સરસી ચાંપીને, માથા પર હાથમૂકીને આશીર્વાદ આપ્યા કે તું ધાર્મિક અભ્યાસમાં ખૂબ આગળ વધજે. મારે તને સાધ્વીના રૂપમાં જોવી છે.

બસ, એ અમીદષ્ટિ મારા માટે અંતિમ હતી તે ખબર નહોતી.



## ઉઠ્યો અંજપો–મહાપ્રયાણનો....

### ૨ જૂન, ૧૯૮૪નો ગોઝારો દિવસ (અમદાવાદ)

રોજ સવારે પૂજ્ય બા અને હું રાઇય પ્રતિક્રમણ કરી, પુચ્છિસ્સુણં ની સ્વાધ્યાય કરતા. ત્યારબાદ નિત્યક્રમે વળગતા.

આ દિવસે સવારે પ્રતિક્રમણ કર્યા પછી બા બોલ્યા, ‘‘છોકરી, મને આજે કયાંય ગમતું નથી.’’ મેં સહજ તબિયતની પૃચ્છા કરી, ડોકટર પાસે લઇ જવાની વાત કરી. પણ બાની એક જ વાત હતી. ‘‘મને કયાંય ગમતું નથી.’’

સવારે ૯ આસપાસ નિયમિત હું અને બા ગોંડલ સંપ્રદાયના વયોવૃદ્ધ પૂજ્યપાદ પ્રેમમુનિ મહારાજ સાહેબ કે જેમને અકસ્માત્માં પગે ફ્રેકચર આવ્યું હતું, તેઓ હોસ્પિટલમાં હતા ત્યાં શાતા પૂછવા જતાં. પરંતુ તે દિવસે બા એ ત્યાં આવવાની પણ અનિચ્છા દર્શાવી. દેખીતી રીતે બાની તબિયતમાં કાંઇ વાંધો દેખાતો નહોતો, તેથી મેં સહજભાવે પૂછયું, બા, મારાથી કાંઇ ભૂલ થઇ છે ? કાંઇ ખરાબ લાગ્યુ હોય તો હું ખમાવું છું. ત્યારે પણ બાએ એક જ જવાબ દીધો, મને ગમતું નથી, મારે થોડીવાર સૂઇ જવું છે.

જમવાના સમયે ઉઠાડજે. બપોરે જમવાના સમયે પણ ઘણી અલ્પ માત્રામાં ભોજન લઇને માળા ગણવા બેસી ગયા. ચૌવિહાર માટે રસોઇની પૃચ્છા કરતાં જવાબ મળ્યો, મારે સાંજે જમવું નથી. બાને કબિજયાતની તકલીફ અવારનવાર સતાવે તેથી મેં મનને મનાવ્યું કે કદાચ આ જ કારણથી બાનું વર્તન આવું છે.

સૂર્યાસ્ત પછી હું અને બા દેવસિય પ્રતિક્રમણ કરવા બેઠા, ત્યારે મારા સ્મૃતિપટમાં એવું છે કે છઠ્ઠા આવશ્યકની આજ્ઞા માંગતી વખતે બા બોલ્યા કે, 'છોકરી, મારો જીવ બળે છે મને ગમતું નથી. કાંઇ ખરાબ સમાચાર ન આવે તો સારું.' બા ને ખુશ રાખવા માટે તેની સાથે આડી-અવળી વાતો કરી, તેના પગ ચોળી આપ્યા એટલામાં ૧૦.૩૦ વાગી ગયા. મેં અને બા એ સુવાની તૈયારી કરી લીધી. ત્યાં તો એકાદ કલાક બાદ ફોનની લાંબી ઘંટડી વાગી. તે સમયે કોડલેસ ફોનની સુવિધા નહોતી. પૂજ્ય બા વયોવૃદ્ધ અને પગની તકલીફ છતાં વીજળીવેગે બહાર હોલમાં ફોન પાસે દોડી ગયા. મેં ફોનમાં વાત શરૂ કરી. સામે છેડે અમારી પેઢીના જ સભ્યોમાંના એક ન્યાલચંદભાઇનો અવાજ હતો. તેમણે કહ્યું, જયશ્રી, જયંતિભાઇને છાતીમાં દુઃખાવો ઉપડયો છે, તમે લોકો અત્યારે જ મોટર કરીને દામનગર આવવા નીકળી જાઓ. મારાથી તરત પૂછાઇ ગયું, કોણ પાતળા જયંતિભાઇને થયું છે ને ? મારા પપ્પાને નહિં ને..**મૂર્ખ મન કયારેય પોતાના સ્વજનના ખરાબ સમાચાર સાંભળવા કે માનવા તૈયાર ન થાય !** ત્યારે તેમણે કહ્યું, તારા પપ્પાને જ થયું છે, મેં કહ્યું કે પપ્પાને તાત્કાલિક અમદાવાદ કે ભાવનગર લઇ જાઓ, કોની રાહ જુઓ છો ? વાતચીત દરમિયાન બા સોફા પાસે ફસડાઇ પડયા, અને હું જયારે ફોનમાં દલીલ કરતી હતી ત્યારે વચ્ચે જ મને અટકાવીને બોલ્યા, 'છોકરી, દામનગર અત્યારે જ નીકળવાનું છે. ફોન મૂકી દે.'

ત્યારનો માહોલ એવો હતો કે અમે ભાઇ-બહેન પણ અંદર-અંદર કંઇ વાતચીત કરવાને માટે સમર્થ ન હતા. જલ્દીથી તૈયારી કરીને રાત્રિના ૧.૩૦ વાગ્યા આસપાસ ગાડી આવી અને અમે ગોઠવાયા.

જેવી ગાડી સ્ટાર્ટ થઇ કે બા તરત જ બોલ્યા, છોકરી, હોસ્પિટલે થઇને પૂજ્ય ધીરજમુનિ મહારાજ સાહેબનું માંગલિક સાંભળીને જવું છે. ગુરુવર્યનું મહામાંગલિક સાંભળીને રવાના થયા. રસ્તામાં બા સતત નવકાર મંત્રના જાપમાં રત હતા. પરંતુ આંખમાંથી સતત અશ્રુધારા વહેતી હતી. છતાં પણ અમને આશ્વાસન આપતા હતા કે તમે સૂઈ જાઓ, પપ્પાને તો સવારે સારું જ થઇ જશે.

મોટરકાર સવારે ૬.૦૦ આસપાસ ઢસા જંકશન પહોંચી. ઢસાથી જ કેટલાક જાણીતા અને અજાણ્યા ચહેરાઓને સફેદ વસ્ત્રોમાં જતાં જોયા. નાની બહેનો મનીષા અને રૂપલ કાંઇ સમજી શકી હતી કે નહિં તે તો આજ સુધી પૃચ્છા નથી થઇ પરંતુ હું અને બા

લગભગ સમજી ગયા હતા. છતાં ઉંડે ઉંડે એવી આશા હતી કે ના... પપ્પાને કાંઇ નથી થયું.

દામનગરનું પાદર આવ્યું ને માણસોના ટોળે ટોળા ઘર તરફ જતાં જોયા અને દબાવી રાખેલા રૂદનનો બંધ તૂટી ગયો. ઘરના દરવાજેથી દોટ મૂકી. પૂજ્ય પપ્પાજીને ચીપકી-ચીપકીને ઉઠાડવાના નિરર્થક પ્રયત્નો કરી જોયા. પરંતુ બહાવરું મન કેવી રીતે માને કે અચેતન દેહ કેવી રીતે ઉઠે ? બા એ રૂમમાં આવીને સ્થિતપ્રજ્ઞ થઇ ગયા. તેઓને મહામહેનતે રૂમની બહાર લઇ જવાયા. ન જાણે કેટલા સમય સુધી હું પપ્પાને મનાવતી રહી, ઝગડતી રહી પણ પુણ્ય પરવારી ગયું હોય ત્યાં કોનું જોર ચાલે ?


**'ભીંત પણ આસું બની ભાંગી પડી'**

અચાનક જ મમ્મી અને નાના ભાઇ-બહેનનો ખ્યાલ આવ્યો, તેને તો મેં આવીને જોયા પણ નહોતા. મને ત્યાં લઇ જવામાં આવી. મમ્મી તો અર્ધ બેભાન અવસ્થામાં મને જોઇને ચીસ પાડી ઉઠયા. જયશ્રી, હું તારા પપ્પાને ન સાચવી શકી, આપણે નોધારા થઇ ગયા. મને મારી જાત ઉપર વિશ્વાસ આવતો ન હતો કે સાવ પડી ભાંગેલી હું, મારામાં આટલી હિંમતનો સંચાર કયાંથી થયો ? નીરૂફૈબા સતત મમ્મી પાસે એને આશ્વાસન આપતા હતા. છતાં પણ મમ્મીના નંખાઇ ગયેલા ચહેરામાં મને મા-દીકરીના આલિંગનની અસર દેખાણી. ડોકટરને બોલાવાયા. મમ્મીને ઘેનનું ઇન્જેકશન આપ્યું. છતાં પણ મને કહે કે જયશ્રી, સ્નેહલ(સૌથી નાનો ભાઇ) રાતનો હીંચકા ઉપર ઉંધો પડયો છે. રડતો પણ નથી અને બોલતો પણ નથી એનું ધ્યાન રાખ. બંને નાની બહેનો મનીષા અને રૂપલ સ્નેહલ પાસે પહોંચી ગઇ હતી. સહુથી નાની બહેન ચેતના મમ્મી પાસે બેસીને સતત રડી રહી હતી. અમને ત્રણેય બહેનોને જોઇને સ્નેહલનું રૂદન પરાકાષ્ઠાએ પહોંચ્યું.

ઘરનાં દરેક સભ્ય ચિત્તભ્રમ અવસ્થામાં આવી ગયા હતા. તે વખતે મોબાઇલ ફોનની સુવિધા વપરાશમાં આવી ન હતી. મારો નાનો ભાઇ કેતન ત્યારે વડીલ ધનસુખકાકા સાથે આબુ ફરવા ગયો હતો. સંદેશાની કોઇપણ પ્રકારની આપ-લે શક્ય નહોતી. તે કારણે પણ કરૂણતામાં વધારો કર્યો.



અમ ભાઈ–બહેનોના માનસપટ પર એવું હતું કે દામનગર એટલે પપ્પા અને પપ્પા એટલે દામનગર. પરંતુ વહાલા તાતની અણધારી વિદાયે દામનગરનો નકશો માનસપટ પર ધૂંધળો થવા લાગ્યો.

હવે જ્યારે પૂજ્ય પપ્પાના પવિત્ર પાર્થિવ દેહને ઘરની બહાર લઈ જવાતો હતો ત્યારના દૃશ્યો હું ક્યારેય શબ્દોમાં વર્ણવી શકું તેમ જ નથી. કોણ કોને આશ્વાસન આપે ? વિશાળ જનસમુદાય ઘરની બહાર હતો. દામનગરમાં જાણે પ્રચંડ ધરતીકંપ આવ્યો હોય તેમ લોકો બહાવરા થઈ ફરતા હતા.

સંકલ્પ અને વિકલ્પના ધુમાડા મનની દશાને સ્થિર થવા દેતા નહોતા. અતીત–અનાગતના વિચારો આંતર મનને ભયભીત બનાવી દેતા હતા. ઘટના ઘા ન આપે અને પીડા ન બને એવી આંતરદૃષ્ટિ મારામાં નહોતી.

નશ્વરદેહની અંતિમ વિદાયમાં હજારોની મેદની હતી. જુદી જુદી દિશાએથી ત્રૂટક ત્રૂટક શબ્દો અને વાક્યો સાંભળવા મળતા હતા. જેમકે, 'અમારો આધાર છીનવાઈ ગયો', 'અમારો ભગવાન હતો', 'દામનગરનો નાથ અમને કોના ભરોસે મૂકીને હાલી નીકળ્યો.', 'ગરીબોનો બેલી હતો એ...'

અને...અને બહુજન મત મુજબ ૨ જૂન, ૧૯૮૪ની રાત્રે જ્યારે પપ્પાનો આતમરૂપી હંસલો દેહરૂપી પિંજર છોડીને ચાલી નીકળ્યો એ અરસામાં આ સમાચારની હજું કોઈને ખબર પણ નહોતી ત્યારે ઘણા બધા લોકોએ આકાશમાં તેજ લિસોટા જોયો હતો.

પૂજ્ય પપ્પા પાસે જિનશાસનના અમૃત વચનોનો ખજાનો હતો. તેમાંથી યથાશક્ય પ્રસાદી બધાને પીરસતા હતા. સંત–મહાત્માના મુખેથી પ્રવાહિત શબ્દો તેની કલમમાં કંડારાઈ જતા હતા. તેમની પાસેથી વારંવાર સાંભળેલું.

બેટા ! સાચા ધર્મીજનને,

**"મરણનો ભય ન હોય, જીવવાનો લોભ ન હોય,**
**દુઃખની પરવા ન હોય અને સુખની તમન્ના ન હોય."**

આવાં વાક્યો સ્મરણ મનમાં લાવીને દિલનો ખાલીપો ભરવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ ધર્મપિતા–આદર્શપિતા–વ્હાલા પપ્પાની ખોટ આ ભવ માટે તો જીવનનો હિસ્સો બની ગઇ છે.

**દીકરીના ભાવિ જીવનનો નકશો પિતા પર આધારિત હોય છે. પુણ્યની કચાશે એ નકશા પરનું નકશીકામ જ અધૂરું છૂટી ગયું.**

પૂજ્ય પપ્પા સાથેનું પ્રત્યક્ષ તાદાત્મ્ય છૂટી ગયું જાણે કે માનસિક સંતુલન હલી ગયું. તેઓની સાથે વીતાવેલી થોડી ક્ષણોની માત્ર કાલક્રમાનુસારની સ્મૃતિ અને યાદદાસ્તનો સંગ્રહ જીવનનું ઝવેરાત બની ગઇ છે.



**"ચાલ્યા ગયા સમયની ખરી ગઇ છે કોઇ ક્ષણ**
**રહી રહી તે પાંપણોમાં હવે પાંગર્યા કરે**
**આપની યાદ મનમાં તરવર્યા કરે**
**વેરાન ઘરમાં જેમ હવાઓ ફર્યા કરે."**



૩ જૂન, ૧૯૮૪ના દિવસે બગડીયા પરિવારના નિકટજન, સ્નેહીજન એવાં વડીલ ધર્મબંધુ પ્રદીપભાઇ શેઠ (જેઓ હાલ જ્ઞાનગચ્છમાં સાધુના ઉત્તમાચારના પાલન કરતાં થકા શ્રમણધર્મની શોભામાં યશકલગીરૂપ છે,) તેમનું આગમન થયું.

વ્યથિત ચિત્તને અંકુશમાં રાખવા જાણે મહાવતરૂપે આવ્યા. વીરવાણીનો અસ્ખલિત ધોધ મધ્યરાત્રિ સુધી ચાલુ રાખી દિલના દર્દને ઉપશમાવવામાં સહાયક બન્યા.

**"અતીતના ઉડીને, આવે નિત્ય મધુર શમણાં**
**આંખોના દ્વારેથી, માનસ પર વહેતાં ઝરણાં**
**આવે દિવસે ને રાતે, અચૂક એ તો નવરાં પડતાં**
**મીંચેલી પાંપણના બંધ દ્વારેથી પ્રવેશ કરતાં."**

**અનઉપકૃત પરહિતરતપણું :**

अभिवादनशीलस्य, नित्यं वृध्धोपजीविनः ।
चत्वारिं तस्य वर्धन्ते आयु-विद्या यशोबलम् ।।

કહ્યું છે કે, 'જેઓને વડીલોની સેવાનો સ્વભાવ બની ગયો છે અને જેઓ તેમની આજ્ઞામાં રહે છે, તેમના આયુષ્ય, વિદ્યા, યશ અને બળ ખૂબ વધતા રહે છે.

મન તરંગે ચડે છે કે પૂજ્ય પપ્પાજી તો નખશિખ આવા જ હતા છતાં આટલું અલ્પ આયુષ્ય કેમ ?

આ પ્રસંગ આલેખવાનો હેતુ ફક્ત પૂજ્ય પપ્પામાં રહેલી પરહિતરતપણાની ભાવના દર્શાવવાનો છે. કોઈના દિલને ઠેસ પહોંચાડવાનો લેશમાત્ર ઈરાદો નથી.

પૂજ્ય પપ્પાના મોટાબહેન જસવંતીબેન સાવરકુંડલામાં રહે. તેમના બીજા નંબરના પુત્રી વર્ષાબેન, એક દિવસ કોલેજની પીકનીકમાં ગયા. પરત આવ્યા ત્યારે કોઈ અશુભ કર્મના ઉદયે કંઈક અસાધારણ માનસિક સ્થિતિ લઈને આવ્યા. ખૂબ દવાઓ કરી પરંતુ કાંઈ જ ફરક ન પડયો. અંતે કોઈના કહેવાથી થાકીને ફકીર પાસે ગયા. તેમણે તેઓના અનુષ્ઠાન દ્વારા દાણા મંત્રીને આપ્યા. અને સાથે સાથે કહ્યું કે, 'આ મંત્રેલા દાણા જો કોઈ પુરુષ મધ્યરાત્રિએ સાવરકુંડલાના સ્મશાને નદી પાર કરીને એકલો મૂકવા જાય અને પાછા ફરતી વખતે પાછું વાળીને જુએ નહિ તો આ દીકરી ચોક્કસ સાજી થઈ જશે.

સ્વાભાવિક છે કે ઘરના સભ્યો તરફથી પ્રયત્નો ચાલું જ હશે પરંતુ કોઈ આ કાર્ય કરવા તૈયાર નહિ થયું હોય, એક દિવસ

જસીફૈબાનો ફોન પપ્પા પર આવ્યો કે જયંતિ, ફકીરે આ ઉપાય બતાવ્યો છે પણ દાણા સ્મશાને મૂકવા જવા કોઇ તૈયાર થતું નથી. પપ્પા તો દીનદુઃખીયાના બેલી, સાંભળીને તૂરત જ જવાની મરજી દેખાડી. મને યાદ છે તે પ્રમાણે મમ્મી નારાજ હતા અને મેં પણ મમ્મીને મારો ટેકો આપેલો છતાં પણ પપ્પાજીનું એક જ લક્ષ્ય કે ભાણીબેનને સારું થઇ જતું હોય તો હું જઇશ જ અને ગયા પણ ખરા. એ કાર્ય પાર પાડીને પરત પણ આવી ગયા.

## હૃદયમાંથી વહેતું ઉપનિષદ્ :

ભૂતકાળ તો 'ચીંથરે બાંધ્યા રતન' જેવો છે. આવા પિતાના ખોળે વીતેલા દિવસો 'મહાતીર્થ યાત્રા'ના દિવસો જેવા બની ગયા છે. હું ફરી ફરી આ સ્મરણયાત્રા કરું છું અને આજે પણ 'એ દિવસો'ને અનુભવું છું.

ગુણગરિષ્ઠ પપ્પાજીના જીવનપુષ્પની સુવાસ તો સ્થળ-કાળના સીમાડાને ઓળંગીને અવિરતપણે પમરતી અને પાંગરતી રહી છે. તેમના જીવનને મેં નજદીકથી જાણ્યું, માણ્યું અને અનુભવ્યું છે.

બગડીયા પરિવારની પુત્ર-પુત્રીઓની ભાવિ પેઢી આ ગુણ-ગરિમાને વાગોળીને જીવનમાં ઉતારે એ મહેચ્છા તો સદાય રહેશે.



એક સારો માણસ (gentleman)

ખરો માણસ (greatman)

અને

શ્રેષ્ઠમાણસ (superman)

ના ત્રિવેણી સંગમનો સમન્વય એ જ ખરા અર્થમાં પૂ. બા-દાદાજીનો લાડકવાયો જયંતિ.

## સત્સંગી :

चन्दनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमाः ।

चन्द्रचन्दनयोर्मध्ये, शीतला साधुसङ्गतिः ।।

આ સુભાષિતમાં ચંદ્ર અને ચંદન કરતાં પણ સાધુ સંગતિને ટાઢક આપનાર ગણાવી છે.

દિવસ હોય કે રાત જ્યારે પણ પોતાની સાંસારિક ફરજો ઉપરાંતનો જે સમય મળે તે મહદ્અંશે સાધુ–સંતોના ચરણોમાં વીતાવતા.

તેઓ હંમેશા કહેતા કે સત્સંગ એ માનવતાનું પ્રવેશદ્વાર (Gateway of humanity) છે. સત્સંગે પતિતો સંત બને છે, કુસંગે સંતો પતિત.

સાધુ–સાધ્વીજીઓના સાન્નિધ્યથી જ તેઓ શ્રી પન્નવણાજી સૂત્રના થોકડાનો અભ્યાસ કરી શક્યા હતા. અનેક ધર્મકથાઓ તેમને કંઠસ્થ હતી. નવા નવા સ્તવનો રચવાના અને ગાવાના શોખને પુષ્ટિ પણ તેઓને આ સહયોગથી સાંપડી હતી. મહાનુભાવોના જીવન–કવનને આત્મસાત કરવાનો પ્રબળ પુરુષાર્થ સત્સંગના માધ્યમથી તેઓ કરી શક્યા હતા.

સત્સંગના પરિણામરૂપ તેઓની હસ્તલિખિત નોટ આજે મારા માટે અમૂલ્ય ખજાનો છે. તેમના મધુરકંઠે ગવાયેલા સ્તવનોની ઓડિયો કેસેટ્સ સહરામાં વીરડી સમાન શીતળતા બક્ષે છે.

તેમના મુખે કહેવાયેલું કુસંગે બરબાદીના આરે પહોંચેલા વિરાગી ઈલાચીકુમારનું જીવન અને સત્સંગે ટર્નિંગ પોઈન્ટ પામેલા ક્રૂર હત્યારા અંગુલિમાલનું જીવન સ્મૃતિપટ પર અક્ષરશઃ જીવંત છે.

સત્સંગ થકી પરિવારને સંસ્કારધામ બનાવનાર પૂજ્ય પપ્પાને શત શત પ્રણામ.

**'એક ઘડી આધી ઘડી, આધી મેં ભી આધા.**
**તુલસી ! સંગત સંત કી કટે કોટિ અપરાધ.'**

## વડીલોના પૂજક :

માતૃ દેવો ભવઃ । પિતૃ દેવો ભવઃ । ની લાગણીને આત્મસાત્ કરનાર પૂજ્ય પપ્પા માતા–પિતાના તો અનન્ય ભક્ત હતા જ પરંતુ ગામમાં પણ કોઈ વડીલ પછી ભલે તે જૈન હોય કે જૈનેતર, ગરીબ હોય કે અમીર તેમનો પણ એટલો જ આદર કરતા. તેઓની નાની–મોટી જરૂરિયાતો સંતોષવી, હાથ પકડીને અગર ગાડીમાં ગંતવ્ય સ્થાને પહોંચાડવા, તેમની સાથે રમૂજ કરી તેને આનંદમાં રાખવા આ બધી પ્રવૃતિઓની હું રોજબરોજની સાક્ષી હતી.

પથદ્દષ્ટા પૂજ્ય પપ્પાજીની આદરતાના કિસ્સા મારા બાળ માનસ પર ત્યારે જે અંકિત થઇ ગયા હતા તે આજે હજુ એવા ને એવા તરોતાજા છે.

દામનગરમાં ઘેર વડીલ રંભાબેન ઘરનું કામ કરતા. સંયુક્ત કુટુંબ અને મહેમાનોની અવરજવર ઘણી રહે તેથી કામ પણ વધારે રહે. જ્યારે પણ પપ્પાજી દુકાનેથી ઘેર આવે ત્યારે રંભાબેનને કુશળમંગલ પૂછે અને ઢગલો વાસણ માંજતા જુએ કે તરત જ મને અથવા મનીષાને કહે કે તમે લોકો તેમની મદદ કરો. એ વડીલ છે કેટલું કરી શકે ? અને અમે બંને બહેનો તરત જ રંભાબેનને વાસણમાં મદદ કરવા બેસી જઇએ. ત્યારે પપ્પાજીના ચહેરા પરનો આનંદ એ હાલ મારા માટે અમૂલ્ય નજરાણું છે.

અમારી દુકાનમાં મહેતાજી હતા. અપરણીત હતા. દુકાનમાં જ રહેતા હતા. પણ મને યાદ છે ત્યાં સુધી એક આત્મીયજનની માફક તેઓ તેમના ખોરાક વિશે, તેમની તબિયત અંગે ધ્યાન રાખતા. એકલતા તેમને કયારેય સતાવે નહિ તેના માટે સતત સભાન રહેતા.

## દોષે નીરસ :



સામાન્યતઃ રોજબરોજ જીવનમાં કોઇનો વાંક કાઢવો સહજ હોય છે. પરંતુ પપ્પાજી સાથેના ૧૯ વર્ષના સહવાસ દરમિયાન મને સ્મૃતિમાં નથી કે મેં કયારેય તેમની આગળ કોઇનું ઘસાતું સાંભળ્યું હોય.

અરે ! હું પણ કયારેક બહેનપણીની, સ્કૂલના ટીચરની કે ભાઇ–બહેનોની ફરિયાદ કરું તો પણ મને સમજાવતા કે કોઇના દોષ ન જોવાય, આપણી સમજણ ઓછી છે તેવું જ મનાય. અને છતાં પણ દુઃખ લાગે તો માફ કરી દેવાય. એને યાદ કરીને આર્તધ્યાન ન કરાય. માફી આપીશ એટલે તારી બધી જ ફરિયાદ દૂર થઇ જશે.

પૂ. પપ્પાજીની ડાયરી મુજબ,

**‘દીજે દાન લીજે યશ. કીજે પરોપકાર ખાજે ગમ.**
**પીજે પ્રેમરસ પાળજે શીલ. ટાળજે કુશીલ આચરજે ધરમ.’**

## સ્વધર્મપાલક :

પૂજ્ય પપ્પાજીનું સૂત્ર હતું, જે માણસ સુખી હોય તે બીજા ધર્મધ્યાન આદિ ઓછાવત્તા કરે તો હજુ ચાલે પણ તેણે માનવતાના કાર્યો તો કરવા જ જોઇએ. ધનની મૂર્છા એકદમ ઉતારી નાખીને તેણે બીજાને દુ:ખમુક્તિ આપવી જ જોઇએ.

દામનગરમાં જરૂરિયાતવાળા અથવા બીજી કોઇ રીતે પણ પરેશાન હોય તેવા માણસો પપ્પાજી પાસે દોડી આવતા, અને કાયમ હસતે મોઢે જ પરત જતા. ધર્મી તરીકે તેમનો સ્વધર્મ સ્વદોષ દર્શન હતો. અને સાચા અર્થમાં પત્ની, બાળકો અને જિજ્ઞાસુઓને ધર્મની સમજણ સતત આપતા રહીને ધર્મમાર્ગમાં સ્થિર કરતા. **ક્રોધની સામે ક્ષમા એ તેમનો મુખ્યત્વે સ્વધર્મ હતો.**

## પરલોકદષ્ટા :

જયારથી સમજણના ઘરમાં આવી ત્યારથી પૂજ્ય પપ્પાજી પાસેથી સાંભળું છુ કે બેટા ! જો છઠ્ઠા આરામાં જન્મ ન લેવો હોય તો ખૂબ ધર્મ કરજે. પાપથી ડરજે. ખૂબ પુણ્ય સંચય કરજે અને દેવગતિના આયુષ્યનો બંધ પડે તેવા ભાવો સદાય રાખજે. આગળ વધીને કહેતા કે દેવલોકમાં જઇને પણ નિત્ય સીમંધર સ્વામીની દેશના સાંભળવા જવાની તો ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરીને મોક્ષે જવાય.

ત્યારે છ આરા : ઉત્સર્પિણી-અવસર્પિણી કાળચક્રનું પ્રાથમિક જ્ઞાન મને નાની ઉંમરે પપ્પાએ સમજાવેલું હતું.

આજે જ્યારે મારા સંતાનો મોટા થયા છે ત્યારે હું વિચારું છું કે કેવો આત્મા પૂજ્ય પપ્પાજીનો હશે કે જેણે નાનપણથી ધાર્મિક શિક્ષણ પોતાના સંતાનોને આપવા માટે કમર કસી હતી. વેપારમાં એટલા વ્યસ્ત હતા છતાં તેનું Life Management અદ્ભૂત અને અનુકરણીય હતું. આ બધું મેં જોયા-અનુભવ્યા છતાં હું મારા સંતાનોને આટલો સરસ સમજણનો ધાર્મિક વારસો આપવામાં ઉણી ઉતરી છું. વ્યાપારના હિસાબો શીખવાડતા શીખવાડતા પાપ-પુણ્યના હિસાબો મને કયારે સમજાવી દીધા તેની ખબર જ ન રહી!

પપ્પાજી વોલીબોલ રમવાના શોખીન હતા અને સારું રમતા પણ હતા. મુંબઇ-ચુનાભઠ્ઠી ખાતે વડીલ ભોગીબાપુજી ને ત્યાં અમે વેકેશનમાં થોડા દિવસો રહેતા. ત્યાં સોસાયટીનો જ વોલીબોલ કોટ છે. વ્હેલી સવારે હું અને પપ્પા ત્યાં વોલીબોલ રમવા જતાં હતા. એકાદ કલાક રમ્યા પછી થાકીને લોથપોથ થઇને જયારે ત્યાં પાળી પર બેસીએ ત્યારે પપ્પાજી કહેતા, જયશ્રી !

‘ઇરિયાવહી’નો કાઉસ્સગ કરી લઇએ. આપણે ઘણા વાયુકાયના જીવ અને પગ નીચે ત્રસ જીવો હણ્યા હશે. મિચ્છામિ દુક્કડમ્ દેવાંથી તે પાપ હળવું બની જાય. સાધુ સંતો તો ગૌચરી જાય કે પરઠવા જાય આવીને તરત જ કાઉસ્સગ કરી લે. અને હું પણ તેમ કરવા પ્રેરાતી. આવી ‘પાપ ભીરુતા’ની સમજણ પણ સમયે સમયે આપતા.

**આદર્શ પપ્પા :**

‘સદાય હસતો ચહેરો’ એ મારા પૂજ્ય પપ્પાજીની ઓળખાણ. આજે જ્યારે હું મારા સંતાનોને કહું છુ કે ‘માની જા. નહિ તો પપ્પાને કહી દઇશ’ એવું વાક્ય તો મેં ક્યારેય મારી મમ્મી પાસેથી સાંભળ્યું જ નથી કારણ પપ્પાજી કદી ગુસ્સે થયા જ નથી.

મેં પ્રાથમિક શિક્ષણ દામનગરમાં લીધું. ત્યારે ઘરના દરેક સભ્યો સૂર્યાસ્ત પહેલાં જમી લેતા હતા. પછી ચૌવિહાર જ કરી લે તેવું નહોતું પરંતુ એ શિષ્ટાચાર હતો. જ્યારે રાત્રે પૂજ્ય પપ્પાજી દુકાનેથી ઘેર આવે ત્યારે નાના–મોટા દરેક પૂજ્ય બા–દાદાજી સહિત તેમની આસપાસ ગોઠવાઇ જતાં. અને પછી શરૂ થતી અમારી મસ્તીની પાઠશાળા.

સૌ પ્રથમ ભક્તિગીતો શરૂ થતાં. અમે બધા ભાઇ–બહેન પૂર્વ તૈયારી કરીને જ બેઠા હોઇએ તેથી વારા મુજબ દરેક પોતાના સ્તવન રજૂ કરતા. દરેક સ્તવનમાં પૂજ્ય પપ્પાજી હાથથી તાલ આપતા અગર મુખથી પણ સૂર પુરાવતા અને વધારે હોંશથી એટલે ગાતા કે અમારા દ્વારા ગવાતા દરેક સ્તવનો ઓડિયો કેસેટમાં રેકોર્ડ થતાં. ઘણાં બધાં ભક્તિગીતો અમને દરેકને કંઠસ્થહતા એટલે સામૂહિક અવાજમાં પ્રાર્થનાનું ચમત્કારિક બળ અનુભવાતું હતું. પૂજ્ય બા–દાદાજી તેમના ધાર્મિક તેમજ વ્યવહારિક અનુભવો પ્રસંગરૂપે રજૂ કરતાં.



સહુથી વધારે આકર્ષણનું કેન્દ્ર હતો પપ્પાજી દ્વારા રજૂ કરાતો શ્રી ગૌતમ ગણધર અને આનંદ શ્રાવકનો સંવાદ. શ્રી શાંતિલાલ શાહના કંઠે ગવાયેલ ગદ્ય–પદ્ય આ સંવાદને પૂજ્ય પપ્પાજી આબેહૂબ રીતે રજૂ કરતા કે અમે લોકો દરરોજ તે સાંભળતા. આખો દિવસ વ્યાપારમાં વ્યસ્ત હોવા છતાં એટલા તરોતાજા રહેતા કે પ્રભુભક્તિમાં એકાકાર બની જતાં.

અરે ! અમારે કોઇ ભાઇ–બહેનને સ્કૂલનું હોમવર્ક બાકી હોય તો પૂજ્ય બા કહેતા, જલ્દી કરો હમણાં જયંતિ આવશે પછી ભક્તિ કરવાની છે અને અમે પણ પૂજ્ય પપ્પાજીના આવ્યા પહેલાં હોંશે – હોંશે દરેક કાર્યો પૂર્ણ કરી લેતા. આજુબાજુમાં પટેલ – વાણિયાનો પાડોશ હતો, તેઓ પણ ઉત્સુકતાથી પપ્પાજીને સાંભળવા આવતા હતા.

હું કોલેજના સેકન્ડ યરમાં હતી. એ દિવસે ધૂળેટી હતી. પૂ. પપ્પાજી સવારે સોમનાથમેલમાં અમદાવાદ આવ્યા. તહેવારોમાં પ્રાયઃ કરીને પપ્પાજી અમારી સાથે રહેવાનું પસંદ કરતા. બપોરે બધાં જમીને પરવાર્યા. નવરંગપુરા ઉપાશ્રયે દર્શનાર્થે જવાનો પ્રોગ્રામ પપ્પાજી બનાવતા હતા. તેવામાં ૧૦ થી ૧૨ છોકરા – છોકરીનું જૂથનીચેથી અવાજો કરવા લાગ્યું. જયશ્રી! નીચે આવ. નહિતર અમે ઉપર આવીશું. બાલ્કનીમાંથી જોયું. કોલેજના સહપાઠી હતા. મમ્મી તો થોડા ગુસ્સે થયા. પરંતુ પપ્પાજીએ શાંત કરીને કહ્યું, વાંધો નહિ, ઉપર આવવા દે, હું પરિસ્થિતિ સંભાળી લઈશ. બધાં ઉપર આવ્યા. દરવાજો પપ્પાજીએ જ ખોલ્યો અને ખૂબ મીઠો આવકાર આપ્યો. બધાંને બેસાડીને નાસ્તો અને સરબત લેવા જણાવ્યું. તેમાંથી એકે હિંમત કરી કહ્યું અમે જયશ્રીને રમવા લઈ જવા આવ્યા છીએ. ત્યારે પપ્પાજીએ જવાબ દીધો. બેટા! અમે જૈન છીએ અને અમારા ધર્મમાં ધૂળેટી રમવી બહુ પાપ છે. તેથી જયશ્રી રમવા ન આવી શકે, અને વળી હું પણ એક કે બે દિવસ માટે જ આવતો હોઉં તેથી અમારે પણ દર્શનાર્થે જવાનું છે. પણ તમે લોકો આ દામનગરના ગાંઠિયા–પેંડા સાથે લેતા જાવ, બહુ સરસ આવે છે. બધાં હસતાં હસતાં પરત ગયા.



મને હાશ થઈ કે મિત્રો પાસે નીચા દેખાવાનો ડર ટળી ગયો અને બધું સમું સુતરું પાર પડી ગયું. બીજે દિવસે કોલેજમાં દરેકની કોમેન્ટ એક જ હતી યાર! તું lucky છે. તારા પપ્પા તો બહુ loving છે. અમને મળવાની મજા આવી.

ઘેર આવીને પપ્પાને ભેટીને કહ્યું, પપ્પા! you are the best.

આજે પણ ધૂળેટીને દિવસે આ પ્રસંગ યાદ કરીને ગર્વભેર મારા પપ્પાને યાદ કરું છું.

### પૂજ્ય દાદાજીની અંતિમ સમાધિ અવસ્થા :

પૂજ્ય દાદાજીને લીવર કેન્સરનું નિદાન થયેલું. છતાં પણ અજબ – ગજબની સમતા દાદાજીના ચહેરા પર હતી. મુંબઈમાં કેન્સરનું નિદાન થયું. ત્યારે જોધપુરમાં એકી સાથે છ પવિત્રાત્માની દીક્ષાનો પ્રસંગ હતો. પૂજ્ય દાદાજીની ભાવના એ હતી કે મુંબઈમાં કાંઈ Treatment કરાવવી નથી. દીક્ષામાં હાજરી આપીને પછી દામનગર જ જવું છે. દવા કરવી નથી ફક્ત સમતાભાવે સહન કરીને જીવન સફળ કરવું છે. દામનગર આવીને

ધર્મકરણીમાં રત પૂજ્ય દાદાજીનું શરીર ક્ષીણ થવા લાગ્યું. મન પ્રભુમય બનતું ચાલ્યું.



## ૪ ફેબ્રુઆરી, ૧૯૭૯ નો ચિરવિદાયનો દિન :

સવારથી જ સંથારાની ભાવના. સ્વજનોના મોહે સંથારો વિલંબે ચડ્યો. સાંજ થતા બધાને વ્યક્તિગત બોલાવીને આશીર્વાદ આપીને ખમાવવા લાગ્યા.

ગોંડલ સંપ્રદાયના સાધનાદેવી પૂ. લલિતાબાઈ, પૂ. હર્ષિદાબાઈ આદિ મહાસતીજીઓ માંગલિક સંભળાવવા આવ્યા. એ મહાસતીજીના મુખેથી બોલાયેલા શબ્દો હજુ મારા કાનમાં ગૂંજે છે. 'જગુભાઈ, દેવલોકના દ્વાર ખૂલ્લા છે. તમને આવકારવા ત્યાં બધાં હાજરાહજૂર છે.' અને પૂજ્ય દાદાજીએ હસતા મુખે બે હાથજોડવામાં સ્હેજ જગ્યા રહી ગઈ હશે એ મુદ્રામાં દેહત્યાગ કર્યો. સાંજે ૬–૦૦ કલાકે પૂજ્ય દાદાજીના આત્માએ ઉર્ધ્વગમન કર્યું. ૭૬ વર્ષ સુધી શાસનની સેવા કરી.

પૂજ્ય પપ્પાજી, પૂજ્ય દાદાજીની અતિ નિકટ હતા તેમને ખૂબ વસમું લાગી ગયું. ડોક્ટરો બોલાવવા પડ્યા. પછી કંઈક સરખું થતાં પૂજ્ય દાદાજીના મૃત્યુ – મહોત્સવની અંતિમક્રિયામાં સહભાગી થયા.

પૂજ્ય દાદાજીની છત્રછાયા ગુમાવ્યાનું દુઃખ પપ્પાજીને કેટલું થયું હશે તે હું સુપેરે અનુભવી શકું છું.

બસ, આ પ્રસંગ પપ્પાજી માટે 'ટર્નિંગ પોઈન્ટ' હતો. ધર્મનો અનુરાગ તો હતો જ પરંતુ હવે તેમની દરેક કરણીમાં ઉદાસીન વૃત્તિ નજરે પડતી હતી. દીક્ષા લેવાની ભાવના પ્રબળ બનતી જતી હતી.

**'જ્યાં પાપ જ્યારે એકપણ તજવું અતિ મુશ્કેલ છે.**
**તે ધન્ય છે, જેઓ અઢાર પાપથી વિરમેલ છે !**
**ક્યાં પાપમય મુજ જિંદગી, ક્યાં પાપશૂન્ય મુનિજીવન !**
**આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું ?'**





**'આપણું બધું જ છતાં આપણું ન કાંઈ'** એવું જળમાં કમળ જેવું જીવન જીવીને, એ સુવાસને અમારા સહુના હૃદયમાં એવી રીતે પાથરી ગયા કે જેમાંથી અમને અહર્નિશ, પળ પળ જીવવાની પ્રેરણા મળે છે.

**'બહુ ગમે છે જૂની યાદોમાં જીવવું**
**સમય જો નવા ખયાલો ન આવવા દે.'**







**‘આંખમાં એની સૌમ્ય મૃદુતા, નિર્મળ એની વિચારધારા**
**હૈયે એને હેતની માળા, મારું–તારું જરા ન જાણે**
**ના ભાવિની હો માયા.’**

જેમની પર અપાર પ્રીતિ હોય તેની વાત કરતાં શબ્દો પણ હારી જાય, તો એ કલમની કેદમાં પણ કેવી રીતે પૂરાય ?

**જયશ્રી સંજય શાહ**

‘ શ્રી જયંતિભાઈના હસ્તાક્ષરે... ’

## પૂ. પપ્પાની અંગત ડાયરીમાંથી અવતરણ

તમારા હૃદયને સાધનામય બનાવજો
સિદ્ધાંતનાં સત્યો હૈયામાં સ્થિર બનાવવા
પ્રયત્ન કરજો - કોઈપણ વાંચન કરતા જવું.
કરી જવું.. સદ્‌ગુરુએ પણ એ વાતને
જીવનમાં ઓતપ્રોત બનાવવું અઘરૂં છે -
સાધકની સાધના જીવનમાં રૂપાંતરણ -
જ છે. આપણું જીવન આજ કરતાં કાલ
શુદ્ધ - પવિત્ર બનવું જોઈએ —

પૂ. મહારાજશ્રીના સાંનિધ્યમાં જે અમે જોયો લાગે છે સંતનું જીવન.
જ્યારે સમાજીકરણમાં જેવા સિદ્ધાંતો નિકુ
સંતના વાણીના સંતના આચારો ઝાંખીના પ્રવૃત્તિ અને સંસ્કારો
જોવું જોઈએ છે તેવું જ પારદર્શક જીવન દેખાય છે.

જીવનની આરપાર જુઓ પધારજો-
જીવનનું સ્વરૂપ નિરાકાર છે તેના ઉપર ધ્યાન કરો- જીવન
દેખાય તેને તરત દૂર કરવા પ્રયત્ન કરો -જીવનનું
સર્જન અને વિસર્જન બંને આપણા હાથમાં છે
સમાધાનપૂર્વક આ જીવનમાં રહેતા રહેજો તે
ક્ષણભરના જીવનમાં કાંઈ કરવા યોગ્ય છે-

લિ. ... 
... 
... 
તારીખ 28/2/09

(રાગ:- દુનિયા મેં હમ આયે હૈ તો જીના હી પડેગા)

મધર ઇન્દિરા

આવશે એ કામ ક્યારે કરીએ શકાય ના.
દીપક બુઝાશે ક્યારે સમજી શકાય ના -
બુદ્બુદને મહેલ સમજી રચ્યા'તા હું -
પાનાનો મહેલ છે એ મને ખબર પડી નહીં -
ખબર નહીં ... ———
ખબર નહીં આ મહેલનાં નહીં કરવા ભરોસા (૨)
આવશે એ કામ ક્યારે ...

પ્રમાદ અને પ્રપંચમાં મેં જીવન વીતાવ્યું
તુફાન એક આવ્યું ને મેં સર્વ ગુમાવ્યું...
સામાન પછી ... ——
સામાન પછી સામું તારે ઘાટ ચડ્યા ના. (૨)
આવશે એ કામ ક્યારે.

જીવન દીપકની જ્યોત ઝગ ઝગ થતી ગઈ
ઘડપણ આવ્યું ને ઉપર ઘડ્યું વળી ગઈ
પરભવનું :- - - - - - - -
પરભવનું હું તો ભાથું કાંઈ બાંધી શક્યો ના.
આવશે એ કામ ક્યારે

એક જુઠી માટીના કાયા. (૨)
દુખના ભરાણ રાજન ચપટી.
નીચે ન ધુળમાં એના માયા –
એક જુઠી માટી

૧ આ કાયા એક કાયની કુકી.
જાણીને કર તું એની જુડી.
આવા આવા કેટક રંગીલા, કરકરતા
રાયા... એક જુઠી માટીના કાય

૨ આ કાયા એક જગમગતા દીવડા.
કરોડ કાયા ને જ્યોત જલવતા
કામ જણાવે દીપ બુઝાયો. ને કાયા સંગ
ઠાયા... એક જુઠી માટીના

એક જુઠી માટીના કાયા –
૧ રામ રામ રટ આરે મુરખ મન
ઠાકુ મળાવશે. પારસના ભેળ.
માનજે તું એ મન ભાઇ. (૨)
ઠાકુર કાયાના માયા. – એક જુઠી
એક જુઠી માટીના કાયા –

पूज्य महात्मा जी का हस्ताक्षर लिखित ~~[illegible]~~ प्रजा को
मांगी गांधी

<u>दीक्षा आप लीजिये</u>

। दीक्षा आप लीजिये. औरों को दिलाइये
कोई लो नित पावें दीक्षा, उनको साथ दीजिये. (१)
। जब दीक्षा संस्कार मुक्ति से कोई छूट न पायेगा
तीर्थंकर को दीक्षा से ही सिद्धि गति को पायेगा. (२)
दीक्षा को ले कर प्रेरणा कर्म बंधन कट जायेगा
संयम आप औरों को तारे, परम पद वह लीन जायेगा (३)
। दीक्षा में जो सहायक बड़ी दलाली पायेगा
आगे भव में सिद्धि या दीक्षा अंतराय
। जैसे जैसे तुम हो दीक्षित, उनको मेरा है कोटि (?)
तेरे इन्द्रियों को निग्रह वो हीये और होपावेगा (४)
आहारादि के सब भोगों को संयम मुनि जनावेगा
कोई पीता जैसा रहता है वैसा रहना जनायेगा. (५)
मेरा दलाल करो [illegible], मेरा पुण्य पालन [illegible]
आगामी भव में बारह में तीर्थंकर वो होंगे

## આદર્શ શ્રાવક રત્નની ચિરવિદાય

**કુસગ્ગે જહં ઓસ બિન્દુએ, થોવં ચિટ્ઠિઇ લંબમાણએ**
**એવં મણુયાણ જીવીયં, સમયં ગોયમા પમાયએ**

– ઉતરાધ્યયન સૂત્ર

દામનગર નિવાસી સ્વ. શ્રી જગજીવનદાસ રતનશી બગડીયાના સુપુત્ર શ્રી જયંતિલાલ ઉ.વ. ૪૬નો દેહ વિલય તા. ૨–૬–૮૪ રાત્રીના ૧૧.૪૫ કલાકે હાર્ટ એટેકથી થયો.

વારસાગત સંસ્કારો અને દામનગર જેવા મહાન ધાર્મિક ક્ષેત્રમાં સર્વ સંપ્રદાયના પૂ. સંત–સતીજીઓનું નિરંતર પદાર્પણ અને બે વર્ષ પહેલાજ જ્ઞાનગચ્છના પૂ. મહાત્માજી મ.સા.ઠા.૩ તથા ગો.સં.ના વયોવૃદ્ધ પૂ. પ્રેમમુનીજી મ.સા. ઠા.૨ ના ચાતુર્માસ નો અપૂર્વ લાભ અને સુધર્મ પ્રચાર મંડળની શિબિરનો લાભ અને છેલ્લા પંદર દિવસનું બો.સં. ના પૂ. નૂતનગુરૂનું સાનિધ્ય, આ બધા શુભ નિમિત્તોની જીવંત અસરે, એમની ધાર્મિક સ્તવનો, ગીતો, ભજનો અને વ્યાખ્યાનવાણી અને વિતરાગ ભાવોથી ભરપૂર, સંતોના સ્વમુખેથી સાંભળેલી શાસ્ત્રોની અપૂર્વ ભાવોની ધારણાની રૂચિમાં ખૂબ ખૂબ ઉમેરો કર્યો.

પોતાના સાહજીક, સરળ, નિખાલસ, વિનમ્ર અને હસમુખા વલણથી જ્યારે –જ્યારે દામનગરમાં કે અન્ય સ્થળોએ પૂ.સંત સતીજીઓના દર્શનનો લાભ મેળવે ત્યારે–ત્યારે નવી નવી ધારણાઓ કરે અને પોતે કંઠસ્થ કરેલું સહજ ભાવે, અવસર જોઇ, વિનય–વિવેકથી એવી કળાથી પીરસે કે એ વખતનો પોતાના અંતરનો સ્વપર કલ્યાણનો શુભ–ભાવ, ઉજ્જવળ ભાવ સ્પષ્ટ તરી આવે.

આવા નિત્ય ક્રમથી, પૂર્વના સંચિત અશુભ કર્મોના દેવાને તેમણે બહુજ ઝડપથી ચુકવી દીધાનું અને થોકબંધ શુભ કર્મો અને પુણ્યની રાશી એકઠી કર્યાનું, અન્ય જીવો તેમાંથી પ્રેરણા મેળવે એ દ્રષ્ટિએ જગત સમક્ષ જાહેર કરવા માટે જાણે કે પ્રત્યક્ષ સાક્ષીઓ રૂપે અંતિમ સમયે ચહેરા ઉપરનું દિવ્ય તેજ અને મૃદુહાસ્ય હાજર થઇ ગયા !

વેપારના ક્ષેત્રે, સામાજીક અને ધાર્મિક સંસ્થાઓના કારોબારમાં ગૃહસ્થાશ્રમી કૌટુંબીક જીવનમાં અબાલવૃદ્ધ સૌના દીલને જીતી લઈને જાણે કે મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો હોય તેવું દ્રશ્ય અંતિમયાત્રા અને સમગ્ર નગરજનોની શ્રદ્ધાંજલી સમયે, બહુ સ્પષ્ટપણે જણાતું હતું.

સંત સતીજીઓ, શ્રાવક–શ્રાવીકાઓ ભાવ દિક્ષાર્થીબ્હેનો–ભાઇઓની વૈયાવચ્ચ દ્વારા કાંઇક વિશેષ મેળવી આત્માનું કાર્ય સાધી લેવાની તીવ્ર ભાવના તેમના જીવન સાથે વણાઇ ગયેલી હતી.

બગડીયા પરિવારનું આ અણમોલ શ્રાવક રત્ન, ધુપસળી જેવું જીવન જીવી અકાળે કરમાઇ જતા તેમના માતુશ્રી, ધર્મપત્નિ, ચાર પુત્રીઓ, બે પુત્રો અને કાંતિભાઇ, ભોગીભાઇ, ધનસુખભાઇ, જશીબેન, નીરૂબેન જેવા ભાઇ બ્હેનો પોતાના આપ્તજનના ગુણોનું સ્મરણ કરતા કરતા વારંવાર અવાક બની જાય છે. અને તેમાથી પ્રેરણા મેળવી સાંત્વન મેળવે છે.

સ્વ. નો આત્મા જૈન ધર્મના શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ નિમિત્તોને વહેલાસર પ્રાપ્ત કરી જલદી જલદી શાશ્વત સુખોને પ્રાપ્ત કરે એવી પ્રાર્થના.



**– તંત્રી**

> एषा ब्राह्मी स्थितिः पार्थ ! नैनां प्राप्य विमुह्यति।
> स्थित्वाऽस्यामन्तकालेऽपि, ब्रह्मनिर्वाण मृच्छति ॥
> -ગીતા-

# ભાવાંજલિ

આપણા સૌના સ્નેહી, સ્વજન અને લાડકવાયા, બગડીયા પરિવારના દૈદિપ્યમાન રત્નસમા ભાઇ જયંતિલાલનું ગઇકાલે અકાળે દેહાવસાન થયું. પૂર્ણવિકસિત સુવાસિત પુષ્પ, કાળની ગહનગતિ અને વિધિની વક્રતાથી એકાએક ખરી પડ્યું છે. દામનગરના સમાજજીવનને અજવાળતો સૌમ્ય-શીતલ પ્રકાશ બુઝાય ગયો તેનો ઉંડો વિષાદ સમસ્ત નગરજનોમાં વ્યાપ્ત થયો છે.

ભગવાન મહાવીરે તેમની અંતિમવાણીમાં સમ્યકત્વ પરાક્રમના ૭૩ બોલ પ્રબોધ્યા છે, અને ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં સ્થિતપ્રજ્ઞના જે લક્ષણો બતાવેલા તેમાંના મોટાભાગના લક્ષણો ભાઇ જયંતિલાલે નાનીવયમાં આત્મસાત કર્યા હતા તેમ કહેવામાં અતિશયોક્તિ થવાનો મુદ્દલ ભય નથી.

ગૃહસ્થજીવનમાં રહી સંસાર વ્યવહાર-વ્યાપારના સઘળા કાર્યો કરતાં કરતાં પણ તેમનું આંતરિક વલણ હંમેશા ધર્મ અને વિતરાગતા પ્રત્યે રહેતું હતું. તેમના સઘળા વ્યવહારો ધર્મયુક્ત અધિષ્ઠાન ઉપર સ્થિત થયેલા જોવા મળ્યા છે.

ખૂબજ ઋજુ-નિખાલસ અને પ્રેમાળ સ્વભાવ, કરુણા અને અનુકંપાસભર્યું સંવેદનશીલ હૃદય, અક્રોધ અને અવૈર જેને સહજ સાધ્ય બની રહેલા. જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણીસંગમ જેનામાં સંક્રાન્ત થયેલો હતો તેવા ભાઈ જયંતિલાલ ભલે સ્થૂલસ્વરૂપે આપણા વચ્ચે વિદ્યમાન રહ્યાં નથી, પરંતુ તેમના ઉદાત્ત માનવીય ગુણોથી પુરસ્કૃત જીવન સૌ યુવાનોને, સ્નેહી સ્વજનોને અને નગરજનોને સુક્ષ્મરૂપે ચિરઃકાળ પર્યંત પ્રેરણા આપતું રહેશે.

તેઓની વસમી વિદાયથી તેમના કુટુંબની ઉપર આવી પડેલા આત્યંતિક દુઃખને સહન કરવાની શક્તિ ઈશ્વર પ્રદાન કરે તેમજ તેમના ઉર્ધ્વપ્રતિ પ્રયાણ થયેલા આત્માને ઈશ્વર પરમમોક્ષ અને પરમધામમાં સ્થિત કરે તેવી વિનમ્ર પ્રાર્થનાસહ અમારી સૌની હૃદયપૂર્વકની ભાવાંજલિ સમર્પિત કરીએ છીએ. ૐ.

લી.

દામનગર.
તા. ૪-૬-૯૮

દામનગરની વિવિધ જાહેર સામાજિક સંસ્થા
તથા ધાર્મિકસંસ્થાઓ અને નાગરિકો....

તા. ૪-૬-૮૪ સોમવાર સાંજના ૫-૩૦ કલાકે જૈન મહાજનવાડીમાં દામનગરની વિવિધ જાહેર સામાજીક સંસ્થાઓ તથા જ્ઞાતિસંસ્થાઓના ઉપક્રમે દામનગરના સમસ્ત નાગરિકોની સભા ભાઇ જયંતિલાલના દેહાવસાનનો શોક પ્રદર્શિત કરવા પ્રસંગે મળેલ તેમાં અપાયેલી નમ્ર ભાવાંજલિ.

પ્રતિ: શ્રી બગડીયા પરિવાર તરફ-





## ગુણાનુવાદ સભા

**સ્થળ : મહાજન વાડી, દામનગર.**

**દિનાંક – ૧૫–૬–૮૪ ની પ્રભાતે :**

પૂજ્ય પપ્પાને શ્રદ્ધાંજલિ આપવા પરમ પૂજ્ય નૂતનગુરુ આદિ સંતો ઉગ્ર વિહાર કરી દામનગર પધાર્યા હતા. દૂર–દૂરથી શ્રેષ્ઠ શ્રાવકવર્ગો પણ તેનો હિસ્સો બન્યા હતા.

**અધ્યાત્મયોગી શ્રી નૂતન ગુરુના શ્રીમુખેથી...**

આજે આપણે બધાં ભાવનાપૂર્વક ધર્મપ્રેમી શ્રી જયંતિભાઈને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છીએ. શ્રી જયંતિભાઈનું જીવન ડાઘ વિનાના સ્વચ્છ, શુદ્ધ દર્પણ જેવું હતું, તે સર્વવિદિત છે.



જ્યારે પણ અમે અહીં આવ્યા, શ્રી જયંતિભાઈ સાથે રહેવાનું થયું, તેમનો વૈરાગ્ય, આટલો મોટો વહીવટ સંભાળવા છતાં જળકમળવત્ સંસારના સુખો વચ્ચે રહીને અલિપ્ત રહેવું, તેનો સત્સંગ બળવાન, ભીતર વૈરાગ્યની દૃઢ ભાવના, નિત્ય અશરણ, સંસાર, એકત્વ, અશુચિ ભાવના અંદરમાં હૃદયંગમ સતત વહેતી હોય ત્યારે તેમના માટે પેઢી પણ ધર્મમંદિર બની જાય.



અહીં ઉપાશ્રય આવે તો તેમાં પણ પરમાત્માની ભક્તિના ગીતો, તત્ત્વજ્ઞાનનું ચિંતન, ભીતરમાં ધર્મની નિરંતર આરાધના, ઉપરછલ્લી બિલ્કુલ નહિં, જીવનમાં સચ્ચાઈ કેમ પ્રગટે? અહીંથી શું લઈને જવાનું છે? આ બધું ચિંતન તેના જીવનમાં ચાલતું.

સવારે રોજ મારી સાથે ફરવા આવતા, મને બહું સરસ કંપની મળી ગઈ હતી કે અહીંથી જવાનું ગમતું નહિ. પેઢીમાં કામકાજ બંધ કરીને પણ વ્યાખ્યાનનો લાભ લેતા. બપોરે ૩ થી ૫ નોટ

લઈને આવે અને આધ્યાત્મિક ભજનો સીધા હૃદય પર ચોટ લગાડે તેવાં ભાવવાહી ઢંગથી ગાતા. અમે બધાં સાધુઓ સાંભળતા અને ૩ થી ૫ શ્રી જયંતિભાઈ બોલતા, આ રીતે અમે તેના સત્સંગનો ખૂબ લાભ લીધો છે.

સાંજે પ્રતિક્રમણ પૂરું થયા પછી પણ બધાં અશરણ ભાવનાને લગતાં મરણનાં ભજનો આપણાં હૃદયને જગાડે. સુષુપ્ત નીંદને, મનને જાગૃત કરવાને માટે કેમ જાણે આ અગાઉથી તૈયારી ન હોય તેવું લાગતું હતું. પેઢીમાં કદાચ કાંતિભાઈ, ભોગીભાઈએ નોટુંની થપ્પી ભેગી કરી હશે પરંતુ આ ઓલિયાએ તો ભજનોની આધ્યાત્મિક મૂડી જ ભેગી કરી હતી.

પૂજ્ય મહાત્માજીના સંસર્ગમાં તેમણે ઘણાં – ઘણાં સાચા મોતીથી ન મૂલવી શકાય તેવા–તેવા સુવાક્યો જીવનમાં કંડારેલા હતા.

છેલ્લે તો મને પૂજ્ય મહાત્માજીની શૈલીથી પ્રવચન પણ સંભાળાવ્યું, જાણે મહાત્માજી જ બોલે છે તેવું લાગતું. આપણને જેની રસ–રૂચિ હોય તે જલ્દી યાદ રહી જાય. જેટલું પેઢીનું યાદ ન રહેતું તેવું આ યાદ રહેતું. વેપારની પ્રવૃતિની સાથે આ રંગ લાગ્યો હતો તે મજીઠીયો હતો, પેલો તેની આગળ પતંગિયો હતો.

હળુકર્મીઆત્માએ તેમનાં જીવનમાં પ્રમાણિક્તા, સચ્ચાઈને જ અપનાવી છે. ગુપ્તદાન પણ ઘણાં કર્યા છે. અંતરાત્મામાં દયા, કરુણા, સત્ય અને પ્રેમ લોકોની વચ્ચે રહીને પણ જીતી લીધા. અંતરમાં ઈર્ષ્યા નહિં, દુકાનના માણસો પ્રત્યે ભલમનસાઈ, હું શેઠ છું તેવું અભિમાન નહિં, મોટાઈનું નામ નહિં, નમ્રતાની મૂર્તિ, આપણે બધાં એક જ છીએ તેવું સાયુજ્ય માણસો સાથે કેળવેલું.

બહારથી જુદું અને ભીતર જુદું હોય તો ધર્મ આપણી ચેતનાને સ્પર્શીશકતો નથી.

## ‘અસંખયં જીવિયં મા પમાયએ’

શ્રી જયંતિભાઈએ ભગવાનની વાત આપણી સમક્ષ ખડી કરી દીધી. કલ્પના ન કરી શકીએ, બે ઘડી વિસ્મયમાં મૂકી દે તેવું ક્ષણભંગૂર છે આ જીવન. અચાનક લાહીમાં ખબર મળ્યા, ન કલ્પી શકાય તેવું તંદુરસ્ત શરીર. આ જીવનમાં છાશવારે દર્દો આવી જાય છે.

નાની વયમાં હાથતાળી દઈને જેમ વીજળીનો ચમકારો અષાઢી મેઘમાં હોય એવું જીવન તેજસ્વી જીવી ગયા. જીવીને પણ મનુષ્યજીવનનો સાર યથાશક્તિ લઈને ગયા અને આપણને આત્મા અને ધર્મજાગૃતિની સુંદર પ્રેરણા આપી ગયા છે.

આપણે પણ યત્કિચિંત્ સારું જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત કરીએ તેવી પરમ પ્રાર્થના...

## શ્રાવકશ્રેષ્ઠી મુરબ્બી શ્રી જસવંતલાલ શાંતિલાલ શાહ–માટુંગા



આ પ્રસંગે આવી રીતે ઉપસ્થિત થવું પડશે તેવી કલ્પના પણ ન હતી. ગુરુભગવંતોના ફરમાન મુજબ મનુષ્ય જીવન ક્ષણભંગૂર છે, અનિત્ય છે, ક્યારે તૂટી જશે તેનો આપણને કોઈ ખ્યાલ ન હોય, આ બધાં પ્રસંગો જે બને છે તેનાથી આપણને વિચારતા કરી મૂકે કે જે વર્ષો ગયા તે ગયા હવે જે હાથમાં છે તેનું શું કરવું? જીવનમાં કાંઈ ફેરફાર કરવો કે નહિ ?

જયંતિભાઈના સમાચાર વાંચતા એટલો બધો આંચકો લાગ્યો કે જીવનના બાકી વર્ષો ધર્મની – આત્માની આરાધના સિવાય બીજે લગાડવા તે નરી મૂર્ખાઈ છે. જે જે સમય વ્યતીત થાય છે તે પાછો આવશે નહિં.



ધર્મ શું? જીવનના ચોવીસ કલાક દરમિયાન એકેએક પ્રવૃતિમાં ધર્મ સાથે રહેવો જોઈએ, તે શ્રી જયંતિભાઈમાં હતું. ગામમાં સાંભળતા જાણ્યું કે ચોવીસ કલાક ધર્મને અંતરમાં રાખીને કામ કરેલું. આ કાર્ય જયાં સુધી આંતરિક સ્ફૂરણા ન થાય ત્યાં સુધી બનતું નથી, તેને માટે આ સહજ બની ગયું હતું. કુટુંબને આ એક આઘાત છે. કુટુંબની એક્તા, સંપ ભારવહન કરવામાં સહાયરૂપ બનશે.

આવાં ધર્મીકુટુંબને ત્યાં આ જાતનું દુઃખ? પૂર્વકૃત કર્મ કોઈને છોડતા નથી. આવો કર્મસિધ્ધાંત જૈન દર્શન સિવાય ક્યાંય મળે તેમ નથી. તે પામ્યા પછી પણ આત્માની આરાધના ન થાય તો મનુષ્ય જીવનનો ઉદ્દેશ શું? મનુષ્ય જીવનની સફળતા ધર્મને સમજી મોક્ષમાર્ગે પ્રયાણ કરીએ તેમાં જ રહેલી છે. માટે હવે શું કરવું તે નક્કી કરવું જ છે.

શ્રી જયંતિભાઈ પ્રત્યે ખરેખર સદ્ભાવના હોય તો તેના ગુણોને આપણે જીવનમાં ઉતારીએ તો શ્રધ્ધાંજલિ સાચી લેખે લાગે. વિચારવું ઘટે કે જે તેની સાથે બન્યું તે આપણી સાથે પણ બની શકે તેમ છે.

મોહનીય કર્મ કેમ સતાવી રહ્યું છે તે હટાવવાનો ઉપાય પૂજ્ય ગુરુભગવંતો દ્વારા જૈન દર્શનમાં જ મળશે.

બગડીયા કુટુંબ પર આવી પડેલી આફત મોટી છે. આવી વ્યક્તિની પ્રશંસા પૂજ્ય ગુરુ ભગવંતોના સ્વમુખેથી સાંભળીએ તે જ તેની મહત્તા બતાવે છે. અનુકંપા, પરિગ્રહની મમતા ઘટયા સિવાય ન આવી શકે.

## શ્રી પ્રદીપભાઇ શેઠ, અમદાવાદ

**હૈયે હામ..... આશ્વાસનની અમીરાત**

અસંખયં જીવિયં મા પમાયએ – પ્રભુ મહાવીરના વચનો સંદેશ આપી રહ્યા છે કે – આ જગતમાં વાસણ તૂટે કે વસ્ત્ર ફાટે તો સાંધી શકાય પરંતુ આયુષ્ય તૂટ્યા પછી સાંધી શકાતું નથી.

**સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મ સ્વરૂપ**
**દેહ મરે છે હું નથી મરતો અજર અમર પદ આ મારું.**

નાશ તો શરીરનો થાય છે. જયંતિભાઈના આત્મગુણો તો આપણી સંગાથે પડછાયાની જેમ છે. તેમના કયા ગુણની અનુમોદના કરુ ! જાણે કેમ ‘ઓલિયો’ માનવી અવતર્યો અને આત્માના કાર્ય કરતો ગયો. આવો અહેસાસ થયા વિના રહેતો નથી.

આવા હળુકર્મી આત્માઓજ કુટુંબની ઇમારતને રોશન કરનાર હોય છે. ખૂબ સ્વસ્થ રહેશો. આર્તધ્યાનથી બચીને ધર્મધ્યાનમાં ઉજમાળ બનશો. સંયોગનો વિયોગ છે પરંતુ વિયોગમાંથી વૈરાગ્યભાવ કેળવવો તે જ સાચી શ્રદ્ધાંજલિ છે.

## કુ. જયશ્રી જયંતિલાલ બગડીયા

દેવાધિદેવ, ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અલૌકિક શાસનને શોભાવી રહેલા પૂજ્ય મુનિ ભગવંતો, પૂજ્ય મહાસતીજીઓ, બહારગામથી ઉપસ્થિત થયેલા વડીલ સ્નેહીજનો તથા સમસ્ત દામનગરના વડીલ ભાઈઓ તથા બહેનો...

આપ સર્વેની સમક્ષ હમણાં જ પૂજ્ય ગુરુ ભગવંતોએ મનુષ્યજન્મની સાર્થકતા સમજાવી. શું બોલવું, શું ન બોલવું આવા વિકલ્પો વચ્ચે પણ લોકલાડીલા અને જન્મીને જીવી પણ જાણ્યું અને મરી પણ જાણ્યું એવા સ્વર્ગસ્થ મારા પરમ ઉપકારી પૂજ્ય પિતાશ્રીના ગુણો બે શબ્દો બોલવા મને પ્રેરણા કરી રહ્યા છે.

**बैठे थे थामकर के**

**तब जानेवाले ने कहाँ**

**देखो ! भरोसा नही है,**

**क्षणभंगूर देह का**

**शुभ भावो की जोली भर लो**

**जिससे डर नही मरण का.**

માનવી તણાં ધાર્યા કદી થતાં નથી. માનવી ધારે છે કાંઈ અને થાય છે કાંઈ, પણ જે જન્મીને જીવતાં શીખી જાય છે તેને ગમે ત્યારે કાંઈ પણ થાય તો ચિંતા રહેતી નથી અને ખરેખર તેવું જ કાંઈક બનવા પામ્યું.

સ્વ. પપ્પાની આંતરિક સાધના ઘણાં જ ઉચ્ચ પ્રકારની હતી.કષાય ઉપશાંતિ અને નિર્લેપતા અનન્ય હતી. ભદ્રપરિણામી હોવાથી સંસારના સંબંધોમાં અને પ્રવૃત્તિઓમાં જ્યારે જ્યારે આંટીઘૂંટીઓ આવ્યા કરતી ત્યારે ત્યારે ધર્મશ્રધ્ધાએ તેઓ મજબૂત રહી પોતાનું કાર્ય કર્યે જતા હતાં અને એ રીતે અશુભનું શુભમાં સંક્રમણ કરવાની કળા પૂજ્ય મહાત્માજી મ.સા. પાસેથી દામનગર ચાતુર્માસ સમયે તેઓએ પ્રાપ્ત કરી હોય તેમ જણાતું હતું. બીજાને કેમ શાતા મળે? શાંતિ પહોંચે તે લક્ષ તેનાં જીવનમાં કાયમ

માટે બની રહ્યું હતું.

હસમુખા સ્વભાવથી આબાલવૃધ્ધ દરેકની સાથે તેમણે જીવન જીવી જાણ્યું, આ રીતે આત્માની અમરતા અને દેહની ક્ષણભંગુરતા જાણવા છતાંયે રાગભાવ હોવાથી તેમની યાદી સતાવી જાય તે સ્વાભાવિક છે. પણ જ્યારે જ્યારે તેમના દિવ્ય જીવન સંબંધી દામનગરવાસીઓ તરફથી અનેક ગુણો સાંભળવા મળે છે ત્યારે થાય છે કે તેઓ હજુ જીવી જ રહ્યા છે, અમારી – તમારી સાથે નહિં, અન્ય દિવ્ય સ્થાનમાં.

અમારા બધાં ઉપર તેમનો અનંત અનંત ઉપકાર રહેલો છે. અમોને ધર્મના શ્રેષ્ઠ માર્ગે ચડાવી, ધર્મમય જીવન જ જીવવાની સતત પ્રેરણા કરી અમને સતત પ્રોત્સાહિત કરતાં રહેતા, અને એ દિશામાં અમારી સમ્યક્ શરૂઆતે તેમના આત્મિક આનંદમાં ઘણી ઘણી વૃધ્ધિ કરેલી. અંતિમ સમયે તેમના ચહેરાનું દિવ્ય તેજ આભાસ કરાવી જતું કે હમણાં જ આપણી સાથે બેઠા થઈને વાતો કરશે. આવાં આવાં પ્રશસ્ત ભાવોમાં પોતાની મુસાફરી ટૂંક સમયમાં જ પૂરી કરી વિદાય લઈ લેશે તે સ્વપ્નમાં કે કલ્પનામાં પણ નહોતું. !

**અહિંસામય જૈન ધર્મ જ ત્રાણ – શરણભૂત છે.** આ વાક્ય અમને બહુ જ ઘૂંટાવતા. આવાં પરમ ઉપકારી પપ્પાના આત્મિક ગુણો અમારા માનસપટ પર મધૂરા સંભારણા રૂપે કાયમ રહેશે.

## આંખો ભીની ભીની થાય...

(રાગ : સારંગા... તેરી યાદ મેં)

જયંતિભાઈની યાદમાં, આંખો ભીની ભીની થાય
હો... ગુણો તમારાં સંભારતા, ભાવ વિભોર બનાય... હો ...

બગડીયા પરિવારનો, હતો લાડીલો જયંત
સંતભક્તિ ધર્મપ્રેમથી, સંસાર બનાવ્યો સિમીત
એની ચિર વિદાયથી, હૈયે થયો વજ્રાઘાત... હો ...

સાધર્મિક ભક્તિ કરી, કર્યું જેણે ગુપ્તદાન
સંતપાત્રમાં દાન દઈ, લીધો જેણે ઘણો લાભ
૨૮મી પુણ્યતિથિએ, સંસ્મરણો તાજા થાય... હો ...

ધન્ય તમારા માવિત્રો અને ધન્ય તમારું જીવન
ઉદારતા દિલની ઘણી, જીવન બન્યું ઉપવન
મુઠી ઊંચેરો માનવી, કરીએ આ તમને નમન... હો ...

જગુબાપાનો હીરલો, કાળ એને લૂંટી જાય
ભાઈ–બેનીનો પ્યારો જયંત, સૌને છોડી ચાલ્યો જાય
ગુણલા ગાઈએ ભાવથી, કેમ આપને ભૂલાય... હો ...

કુદરતનો આ નિયમ છે, જનમ્યો અવશ્ય જાય
ખીલેલું ફૂલ ઉદ્યાનમાં– સાંજ પડે કરમાય
સ્થાન પામ્યા સંતહૃદયમાં, જીવનનું સદ્ભાગ્ય... હો ...

હસ્તી ભલે આજે નથી, પ્રતીતિ છે દિલમાંય
આદર્શો સઘળા જીવંત છે, સૌએ માણી મીઠી છાંય
'સેવક' આપે શ્રદ્ધાંજલિ, શીઘ્ર મુક્તિને પમાય... હો ...

**બા.બ્ર. શ્રી હંસાબાઈ મ.જી.**

‘ સ્વજનોની સ્નેહ સરગમ ’

## બાલ્યવયની અલપ – ઝલપ :

સરળ, નિરાભિમાની, જતું કરવાની ભાવના, સહિષ્ણુતા અને ઉદારતા આદિ અનેક ગુણોથી શોભિત એવા વ્હાલસોયા બંધુ સાથેના પ્રસંગો તો ઘણાં હોય છતાં આજે જે સ્મૃતિમાં છે તેનો અર્ક.

## કુટુંબને એકસૂત્રતામાં બાંધી રાખવાનું કૌશલ :

એક વખત કૌટુંબિક પ્રસંગમાં મારું સ્વમાન ઘવાયું. એ પછી ભોજન સમારંભમાં હાજર નહિ રહેવાનો મેં નિર્ણય કરી લીધો. જયંતિભાઈને ખબર પડી. મને સમજાવી, 'નીરૂબેન! કુટુંબનો પ્રસંગ એ આપણા બધાનો ગણાય. શબ્દો ગાંઠે બાંધીને આવા



નજીવા કારણસર તમે જમવા ન આવો તે સારું કહેવાય? ચાલો, આપણે જમવા સાથે જ જઈએ.' અને અહંકારથી બોજીલ થયેલું મારું મન હળવું બનીને જયંતિભાઈ સાથે ભોજનમાં જવા સંમત થઈ ગયું. નમ્ર શૈલીથી કહેલી વાત હૃદય સોંસરવી ઉતરી ગઈ. સંપ અને સુલેહમાં માનનારા વ્હાલા ભાઈની કૌટુંબિક ભાવના વંદનીય હતી.

કુટુંબમાં નાના–મોટા કોઈને પણ એકબીજા સાથે મનદુઃખ થાય ત્યારે કોઈના પણ મનમાં ડંખ ન રહી જાય તે રીતે સુલેહ–સમાધાન કરાવવાની Master Key તેમની પાસે હતી.

## क्षमा वीरस्य भूषणम् :

એક દિવસ ઉપાશ્રયમાં હું મહારાજશ્રીના દર્શનાર્થે ગઈ. પૂજ્યશ્રીએ મને અન્ય સંપ્રદાયના જૈનાચાર્ય પ્રત્યેના લગાવ અંગે આડકતરી રીતે કહે તેવો ભાવ મશ્કરીમાં સરળ ભાવથી વ્યક્ત કર્યો. મને પીડા થઈ અને પ્રત્યુતર પણ મેં સહજ રીતે reactive વ્યક્ત કર્યો. ઘેર આવી જયંતિભાઈને પ્રસંગ કહ્યો. સાંજનું ટાણું હતું. ફરવા જવાનો મારો સમય હતો. પૂરી વાત સાંભળીને જયંતિભાઈએ કહ્યું, 'નીરૂબેન, ફરવા જતાં પહેલાં પૂજ્ય મહારાજશ્રીને ખમાવીને આગળ જજો. ભલે તમારો વાંક નથી. તમે સાચા છો. છતાં પણ અત્યારે જ જાઓ.' મેં કહ્યું, મારે ઉતાવળ છે, કાલે જઈશ. છતાં પણ એવી લાગણી અને ભાવથી ખમાવવાની વાતને દોહરાવી અને કંઈ રીતે મને અસર થઈ તે ખબર નથી. પણ હું ઘેરથી નીકળી સીધી ઉપાશ્રયે પૂજ્ય મહારાજશ્રીને ખમાવવા પહોંચી ગઈ. ખમાવીને ઉપાશ્રયની બહાર નીકળી, સામે જ દરવાજો પેઢીનો દેખાય, જયંતિભાઈ બેઠા હતા તેના ચહેરા પરનું હાસ્ય હું આજે પણ ભૂલી શકતી નથી.

આ અસર તેની નિખાલસતા, સરળતા અને મૈત્રીભાવભર્યા હૃદ્યોદ્ગારની જ હતી.

ક્ષમાપનાનો ગુણ તો વટવૃક્ષ બનીને ફાલ્યો હતો. અંતરમાં કોઈ પ્રત્યે દ્વેષ કે વેર-ઝેરનો જરા સરખો પણ ભાવ નહિ. 'સવિ જીવ કરૂં સુખરસી'ની સતત ભાવના ભાવતા. આનંદ શ્રાવક અને ગૌતમસ્વામીના ખમાવવાના પ્રસંગને એવી રીતે વર્ણવતા કે જાણે સાંભળનારા સાક્ષાત્ ચોથા આરામાં આવી ગયા હોય. ગામમાં પણ લોકોના મનદુઃખ દૂર કરવા પહોંચી જતા હતા.

**''સર્વથા સહુ સુખી થાઓ, સમતા સહુ સમાચરો;**

**સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.''**

કુટુંબમાં પિતરાઈ ભાઈ-બહેનોની અવર-જવર ઘણી જ રહેતી. પ્રસંગોપાત દરેક બેનોને સાસરેથી તેડાવવામાં આવતી. એવા પ્રસંગે યા અન્ય કોઈ રીતે પણ જો લેતી-દેતીનો વ્યવહાર કોઈથી ચૂકાઈ ગયો હોય કે ખ્યાલ બહાર ગયો હોય તો બારોબાર તેવાં પ્રસંગો અન્યને ખ્યાલ પણ ન આવે તેવી સહજ રીતે સાચવી લેતા.

આ હતી તેમની મોટપ, ઉદારતા અને પોતાપણાની ભાવના.

**‘‘લે આ મને ગમ્યું તે મારું પણ જો તને ગમે તો તારું**
**મારું, તારું ને ગમવું પણ લાવ, લાવ કરિયે સહિયારું**
**તું જીતે ને થાઉં ખુશી હું લે ને, ફરી ફરીને હારું’’**

**‘‘સાથે રમતાં, સાથે ફરતાં; સાથે ધીંગા–મસ્તી કરતાં,**
**નવકુકીની રમત રમતાં; સાત–આઠ પણ ખૂબ જ રમતાં,**
**દિવસો એ ફરી યાદ કરું છું; આજ લગી તારી વાટ જોઉં છું,**
**તારો કોઈ સંદેશો ના’વે; મને તારી યાદ સતાવે**
**ઓ ભઈલા! ખૂબ ખૂબ યાદ તું આવે.’’**



કોઈપણ રમત હોય ચાહે તે નવકુકી હોય, ગદ્ધાપાડો કે સાત–આઠ ગંજીપાની રમત હોય, જો હું હાર તરફ હોઉં તો બાજી ફોક કરું, તો પણ સામાન્ય અણગમો વ્યક્ત કરી ફરી રમવા લાગી જતાં. જો તેઓ હારી જવાના હોય તો પણ છેક સુધી રમતાં. નાનપણથી જ બીજાને ખુશ જોઈને ખૂબ જ રાજી થતાં.



## અનન્ય માતૃભક્તિ :

જયંતિભાઈ, પૂજ્ય બા પાસે મોડી રાત સુધી બેસતાં. આખા દિવસની બધી જ વાતો પૂજ્ય બાને રમૂજી શૈલીમાં કરે અને પછી મીઠી મીઠી જિનવાણીથી ભાવિત સજ્ઝાય, સ્તવનો અને ગીતો મધૂર કંઠે સંભળાવે. આમ, પૂજ્ય બાનું વાત્સલ્ય માણતા જાય અને ભજનોના રસબાણ પીરસતા જાય. પૂજ્ય બા પણ એટલા જ સંગીત – ભજન ગીતના પ્રેમી અને સ્વાધ્યાય પ્રેમી હતા.

પૂજ્ય બા–ભાઈના તમામ ધાર્મિક સંસ્કારનો તથા ઉદારતાનો વારસો જાણે તેમને આબેહૂબ મળી ગયો ન હોય તેવું બધાને અનુભવાતું હતું.

## રંગભૂમિનો જીવ :

નાટક જોવાનો ખૂબ શોખ હતો. રંગભૂમિની કેળવણી પામેલા કલાકાર જેવી કલા તેમનામાં સહજ હતી. કોઈપણ વ્યક્તિની મીમીક્રી હુબહુ કરી શકતા. રામાયણની ચોપાઈ રાગ સાથે સુંદર રીતે ગાઈ શકતા.

## દૃઢ સંકલ્પ બળ :

અંતરાયકર્મ ઘણું પાતળું પાડેલું તેથી અવારનવાર તપશ્ચર્યા ઘણી જ આનંદોલ્લાસ સાથે કરી શકતા. એક વખત લાંબી તપશ્ચર્યા હતી અને કંઈક ત્રણ દિવસના ઉપવાસ સાથે ભેળવ્યા. પછી પિત્ત ચઢ્યું. વસમું લાગ્યું. તબિયત ઘણી જ બગડી. બધા ગભરાયા. મેં આગારનો ઉપયોગ કરી ઉપવાસ પારી ઔષધ આદિ લેવા કહ્યું. તો પણ અડગ રહ્યા. પચ્ચક્ખાણ તો ન જ તોડું, તેવું દૃઢ મનોબળ! છતાં પણ તેમના મને એવું અનુભવ્યું હશે કે હવે તેઓ નહિ બચે તેથી આંખમાં આંસુ સાથે ઘરનાને ભલામણ કરી. તમે જયશ્રી અને નીરૂબેનને ખૂબ સાચવજો, તેને કાંઈ ન કહેતા. આટલી વેદનામાં પણ આટલી વ્હાલભરી ભલામણ. શાસનદેવની કૃપાથી પિત્ત શાંત થયું અને તપશ્ચર્યા આનંદથી પાર પડી.

## આંતરશત્રુ વિજેતા :

મેં તેમને ગુસ્સો કરતાં ક્યારેય જોયા જ નથી. આટલા વિશાળ પરિવારમાં ઘરમાં નાનાથી માંડીને મોટા સભ્યો સાથેનો તેમનો વ્યવહાર હંમેશા મૈત્રીભર્યો રહ્યો છે. કોઈની સાથે સામાન્ય બોલાચાલી પણ સ્મરણમાં નથી. એક વખત દામનગરમાં ભૂતખાને (અમારું ઘર) પૂજ્યશ્રી વિમલાતાઈ (દીદી) પધારેલા. જયંતિભાઈ રાત્રે ત્યાં બેસવા આવ્યા. પૂજ્ય દીદી પાસે સ્તવન ગાયું. ત્યારબાદ મેં દીદીને કહ્યું, આ મારા ભાઈને ક્યારેય ગુસ્સો ન આવે. પૂજ્ય દીદીએ ચોક્કસ તેમની સામે નજર સ્થિર કરી અને પ્રશંસાના ભાવમાં બોલ્યા, 'એમ, એ તો ખૂબ સારું કહેવાય.' અને એ વખાણ જયંતિભાઈને ન ગમ્યા કે ન સ્વીકાર્યા. તેઓ કહે કે, એમાં શું? એ તો નીરૂબેન કહ્યા કરે. એવા **નિરાભિમાની** અને **સગુણી** હતા.

### કુટુંબ વત્સલ :

પરિવારજનોનું અમદાવાદ અભ્યાસ નિમિત્તે રહેવાનું બનેલું, ત્યારે પણ દામનગર રહી દુકાન – વ્યાપાર – વ્યવહારમાં રસપૂર્વક



ધ્યાન દેતાં અને તેમના અનેક સદ્ગુણોથી મોટા બંને ભાઈઓ પૂજ્ય કાંતિભાઈ તથા પૂજ્ય ભોગીભાઈ પેઢીના સૂત્રધાર, પેઢી જમાવવા માટે રાત–દિન તનતોડ મહેનત કરી નિવૃત અને નિશ્ચિંત થઈ ગયા હતા. તે ભાઈઓનો પરસ્પર પ્રેમ જોઈને હૈયામાં ઠંડક વળતી. અરસ–પરસ વહેતાં પ્રેમના ઝરણાં અનુભવ્યા છે. અને આવા સંગઠિત, નિઃસ્વાર્થ વ્યવહારોને અંગે આગળ વધતી પેઢીનો લાભ અનેક જરૂરિયાતવાળી વ્યક્તિને, સમાજના વિવિધ ક્ષેત્રોને અને સંસ્થાઓને મળી શક્યો.

અને આ બધું શક્ય બન્યું છે સહકાર, સંપ, પ્રેમ અને ઔદાર્યથી જ!

શુધ્ધ વિચાર, વચન અને વર્તનથી જે સમયે જે સંજોગ આવે તેને સમભાવે સહેવા એ સંસારમાં રહીને પણ સાધુતાની સાધના છે. જે જયંતિભાઈમાં સહજ હતી.

**સુશ્રી નીરૂબહેન બગડીયા**

# સહજીવનની સંનિધિ

**‘‘અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દંપતી;**
**વિનિમય કરે નિજ રસતણો ઉર ઉર આગળ ઉઘડી.**
**સંસાર સ્વાર્થ અભિન્ન થાતાં ભેદનું કારણ નહિ;**
**સ્ત્રીપુરુષની તેથી જ સહુમાં મિત્રતા ઉત્તમ કહી.’’**



આજે મારી મોટી દીકરીએ મને તેના પપ્પા સાથે વીતાવેલા ૨૦ાા વર્ષોની યાદોમાં ખોવાઈ જવાનો Golden Chance આપ્યો છે. શું લખું? શું ન લખું? એ વિચારોમાં યાદોનો મેળો ભરાવા માંડ્યો છે.

ક્યારેક લાગણીની ગલીઓમાં શબ્દોય ભૂલા પડી જાય છે. ત્યારે એટલું જ કહેવાનું કે હૃદયની સર્વ વાતો હોઠ પર આવી નથી શકતી. આવે જો કદી તો સાચો અર્થ સમજાવી નથી શકતી.

છતાં પણ મારા ક્ષયોપશમ પ્રમાણે મારી સ્મૃતિઓને શબ્દદેહ આપવાની કોશીશ કરી છે.

હું પિતૃગૃહેથી શ્વસુરગૃહે આવી ત્યારે મારી ઉંમર ૧૯ વર્ષની હતી. પ્રબળ પુણ્યોદયે હું જગજીવનદાસ રતનશી બગડીયા પરિવારનો હિસ્સો બની. અત્યાધિક પુણ્યબળે અને ઈશ્વરીય અસીમ કૃપાથી હું ચરિત્ર નાયકની અર્ધાંગિની બનવાનું સૌભાગ્ય પામી. લગ્નગીતોમાં જેમ ગવાય છે, ‘સસરા તમારા દશરથસરીખા, સાસુ તમારા કૌશલ્યા સરીખા.’ એવું જ નહિ બલ્કે એનાથી પણ વધારે પામી. પૂજ્ય દાદાજીના



પ્રેમભર્યા અનુશાસનથી કુટુંબમાં સંપ, સંસ્કાર અને માન મર્યાદા પ્રશંસાપાત્ર હતા. આવા પરિવાર સાથે તાલ મિલાવવામાં, જાતને સુવ્યવસ્થિત ગોઠવવામાં મારાં સ્વર્ગસ્થ પતિનો અનન્ય ફાળો હતો. દામ્પત્યજીવનના દરેક પગલે તેઓ મારા માટે Friend, Philosopher અને Guide હતા. આવા પુણ્યશાળી, હળુકર્મી આત્મા સાથે હું સપ્તપદીના બંધનમાં બંધાઈ એ મારા માટે ગૌરવની વાત છે.

સહજીવન દરમિયાન તેમના સંસ્કાર વૈભવના છાંટા ઝીલવાને પાત્ર તો હું બની જ ગઈ. તેમના દરેક ગુણો મોટા હતા કારણ જે ગુણો કેળવવા માટે સાધકો વર્ષોથી સાધના કરતા હોય છે એ તેમના માટે સહજ હતા.

### let go, let go, let go....

જતું કરવાની ભાવના, ગમે તેવા પ્રસંગોમાં અહંકાર તેનાથી હજારો માઈલ દૂર રહેતો.

### अतिथि देवो भव:

આ મંત્ર તેમણે આત્મસાત્ કરેલો હતો. આંગણે ગમે તે સમયે, ગમે તેટલા મહેમાનો આવે હસતાં મુખે દરેકનું સ્વાગત થતું. તેમના આતિથ્ય સત્કારમાં કોઈ કમી ન રહેતી. બધાને જમાડીને પછી પોતે જમતાં. ક્યારેક અપેક્ષાથી વધારે મહેમાન થઈ ગયા હોય તો કુનેહપૂર્વક પરિસ્થિતિ સંભાળી લેતા અને મને કહેતા કે મને ભૂખ જરાપણ નથી હું સાંજે જમીશ જેથી કરીને પોતે મહેમાનોની સારી રીતે સરભરા કરી શકે.

દરેક વ્યક્તિમાં જે સારું હોય તેની લ્હાણી કરતાં. હંમેશા દેવાની ભાવના ઉત્કૃષ્ટ રહેતી. કોઈના દોષ તો તેમને ક્યારેય દેખાતા જ નહોતા. નાનામાં નાના માણસની માફી માંગવામાં પણ કદી ક્ષોભ અનુભવતા નહોતા. દરેકને પ્રેમથી રાખવાની તમન્ના રહેતી. ગુસ્સો શબ્દ તેમના શબ્દકોશમાં ન હતો. સહજીવન દરમિયાન મને ક્યારેય કટુ વચન કહેલ નથી કે ગુસ્સો પણ કર્યો નથી. મારી

ફરિયાદને ક્યારેય અવગણી નથી પરંતુ હંમેશા સમજાવટથી સમાધાન હકારાત્મક અભિગમ દ્વારા અપનાવ્યું છે.

વૈયાવચ્ચ કરવી એ તેના જીવનનો આનંદ હતો. સાધુ–સાધ્વીજીઓની શ્રાવક જીવનની મર્યાદામાં રહીને સેવા કરવી એવાં જ વિચારો સતત એમના મનમાં રહેતા. દીક્ષાર્થીભાઈ–બહેનોને પોતાનું ઘર યાદ ન આવે તેવી રીતે કાળજી લેતા.

ગરીબ માણસોને તેમની જરૂરિયાત મુજબ પરંતુ તેમનું સ્વમાન સચવાય તે રીતે સહાય કરતા. તેમના દિલમાં હંમેશા મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહ્યા કરતું.

## Good People Die Early

મારા ઉત્કૃષ્ટ અંતરાય કર્મના ઉદયે તેમનો સાથછૂટી ગયો. તેમનું સાંનિધ્ય – સામીપ્ય વધારે ન માણી શકી એ મારા પુન્યની કચાશ છે. દોષદ્રષ્ટિ કે દ્વેષદ્રષ્ટિને સર્વથા નિષિધ્ધ ગણી, સર્વ સંગે નિર્મળ અમીરાતભર્યું જીવન જીવી જનાર તેમનો આત્મા બહું જલ્દી મોક્ષપુરીનો સ્વામી બને તેવી જિનેશ્વરને મંગલ પ્રાર્થના.

તેમના વિશે થોડામાં ઘણું કહી દઉં છું.

મોટાઈ નહિ, માનવીની માનવતાનાં, દેવતાનાં દર્શન થાય, આવા અનેક ગુણોથી સભર છે જેમનું જીવન. આ તો માત્ર જીવનનો અલપ–ઝલપ પ્રસ્તાવ છે.

'સદ્‌ગુણોનો કોષ' છે જેમનું જીવન થોડુંક જ જાણ્યું છે, તેથી ગુણ ઘણાં છતાં કાગળ ને કલમ કમ છે.

**સહધર્મચારિણી**
**શ્રી હંસાબહેન જયંતિભાઈ બગડીયા**

સદ્‌ગુણોનો વિપુલ ખજાનો એટલે મારો લઘુબંધુ જયંતિ. મહાન પુણ્યોદયે આવાં બંધુની પ્રાપ્તિ થાય છે. પરદુઃખભંજન હોવાને કારણે કુટુંબમાં, સમાજમાં, ગામમાં દરેક માટે છૂટે હાથે આપવાનો ઉમદા અને ઉદાર સ્વભાવ હતો અને એ પણ કોઈપણ જાતની અપેક્ષા વગર દરેકનું કાર્ય કરી આપવાની સરળતા હતી.



વિનમ્રતા અને સહનશીલતાના ગુણોથી યુક્ત હતા. કુટુંબમાં ક્યાંય નાની એવી ગેરસમજણ દ્વારા જો મનદુઃખ ઊભા થયા હોય તો તેને જોડી આપવાનું ગજબ કૌવત ધરાવતા હતા. કોઈપણ વ્યક્તિને એક બીજા પ્રત્યે દ્વેષ ન રહે તે રીતે સમાધાન કરાવીને, સાધુ સંતોના વ્યાખ્યાનનો કોઈ પ્રસંગ સંભળાવીને, બધાને હસાવીને વાતાવરણ હળવું ફૂલ કરી નાખતા હતા. સંયુક્ત કુટુંબને આનંદથી જોડી રાખવાની કડીરૂપ હતા. કુટુંબને એકસૂત્રતામાં બાંધી રાખવાનું કૌશલ્ય ધરાવતા હતા.

ધાર્મિક ક્ષેત્રે ખૂબ જ રૂચિ ધરાવતા હતા. ભાવવાહી ગીતોના શોખીન હતા. દરેક પરિસ્થિતિમાં આત્મિક આનંદ માણવાની કલા હતી.

## "મારે જીવવું થોડું ને હું કોનાથી બગાડું"

આ ગીત બહુ જ ગાતા હતા. જાણે કે પોતાને આગોતરા જાણ ન થઈ ગઈ હોય તેવી રીતે આ સ્તવન દોહરાવતા હતા.

દરેક સંત–સતીજીઓ અને સંઘના હૃદયમાં તેમનું અદકેરું સ્થાન હતું.

શ્રાવકના એકવીસ ગુણોના દર્શન તેમનામાં થતાં હતાં.

બોટાદ સંપ્રદાયના અધ્યત્મયોગી, સરલતાના મૂર્તિ પૂ. નવીનચંદ્રજી મ.સા.ની તેમણે તન–મનથી ખૂબ જ વૈયાવચ્ચ કરેલી હતી અને પૂજ્ય મહાત્માજી મ.સા.ના ચાતુર્માસમાં અનન્ય લાભ લઈ તેમના ગુણો પણ ગ્રહણ કર્યા હતાં.

ગરીબજનો માટે આધારરૂપ હતા. પરમોપકારી પિતાશ્રી જગજીવનભાઈનો વારસો તેમણે બરાબર સંભાળેલ હતો. માતા–પિતાની સેવા કરીને, તેમની આંતરડી ઠારીને ખરા અર્થમાં 'દેવના દીધેલ દીકરા' જેવું પુણ્ય કમાયો હતો.

જયંતિભાઈ જેવો ભાઈ કોઈ ભાગ્યશાળીને મળે તેવા તેનામાં ગુણો હતા. પરંતુ આપણા સહુના સહિયારા અશુભ કર્મના ઉદયે તેમનો અકાળે વિયોગ થયો.

અમારા જીવનમાં પણ તેના જેવાં ગુણો પ્રગટ થાય અને તેના જેવું જીવન બનાવવા રોજ તેમનું સ્મરણ રહે એ જ તેની સાચી સ્મરણાંજલિ...

**શ્રી કાંતિભાઈ જગજીવનદાસ બગડીયા**

# બગડીયા પરિવારનું ઝળહળતું રત્ન

સરળતા, સાત્વિકતા અને વડીલો – ગુરુજનો પ્રત્યે અપાર પ્રેમ આદિ ગુણોથી સમૃધ્ધ એવો મારો નાનો ભાઈ પણ અપરિગ્રહવૃત્તિમાં મારાથી મોટો કારણ કે તેણે કદી મને પૂછ્યું નથી કે જાણવાની ઈચ્છા પણ નથી કરી કે મારી, મારા ધર્મપત્ની અને પુત્ર–પુત્રીઓની આર્થિક સ્થિતિ શું છે? મારા ઉપરનો તેનો આવો અતૂટ વિશ્વાસ આજે ૨૮ વર્ષના વ્હાણા વીતી ગયા છતાંય તેની સાહજિક અકિંચનવૃત્તિ તરફ આદરની મને આજે પણ સ્મૃતિ આવ્યા કરે છે, જેથી તેનું સ્થાન ઉત્તરોત્તર આત્મિક ગુણોને પ્રગટાવવાની જ્યાં ઉજ્વલ તકો મળે ત્યાં જ હશે તેમ વિશ્વાસ થતાં અચાનક આવી પડેલા આ વિયોગના દુઃખને હળવું કરવા તે વિશ્વાસનો મજબૂત ટેકો મને આર્તધ્યાનથી ઉગારી શકે છે.

દેવ, ગુરુ, ધર્મની કૃપાએ મારા વડીલ બંધુ કાંતિભાઈ કે જેઓએ નાની ઉંમરથી મેસર્સ કાંતિલાલ જગજીવનદાસ બગડીયાની પેઢીની ધૂરા સંભાળેલી અને જેની પ્રગતિ અને વ્યાપારની સુવાસ સૌરાષ્ટ્ર, ગુજરાત, કચ્છ, મારવાડ, ખાનદેશ, તામિલનાડુ સુધી પ્રસરેલી. સ્વ. જયંતિભાઈની અનુપસ્થિતિમાં દુકાનનો વહીવટ શ્રી કાંતિભાઈએ અને મેં સંભાળ્યો. આવકનો બધો હિસ્સો ચારે ભાઈઓમાં સમાન રીતે વહેંચ્યો, જેથી લોકો પણ કહેતા કે ભાઈઓ પ્રત્યેનો આવો અપૂર્વ પ્રેમ ભાગ્યે જ જોવા મળે. આ બધું સ્હેજે શક્ય બન્યું તેમાં સ્વ. જયંતિભાઈની પુણ્યપ્રકૃતિનો પણ જબ્બર હિસ્સો ગણું છું.



હું પોતે જયંતિભાઈની હાજરીથી ગામના, શિક્ષણના, આરોગ્યના વિવિધ સાર્વજનિક કાર્યો કરી શક્યો. જયંતિભાઈએ પેઢીની જવાબદારી, જૈન ઉપાશ્રયની એટલે કે ચતુર્વિધ સંઘની સેવા ખૂબ સારી રીતે સંભાળી તેથી હું મારા કાર્યોમાં ઉત્તરોત્તર વૃધ્ધિ પામતો ગયો. પરંતુ આ બધા વિકાસ પાછળ વડીલ બંધુ શ્રી કાંતિભાઈનો પરિશ્રમ, ત્યાગ અને નિષ્ઠાનો ખૂબ મોટો ફાળો હતો.



ઘેર મહેમાનો ખૂબ રહેતા, જયંતિભાઈ બધાને જમાડીને જમતા, સહુને ચિત્ત પ્રસન્નતા રાખવા કહે, ગાયનો ગાય, પૂજ્ય બા ને અને સહુને હસાવે. **તેમની વિદાયથી ગામડે – ગામડે હળ, ખેતી, કોષ બંધ રહેલા, એવું માન તેમને મળેલું.** પેઢીના વહીવટ દરમિયાન તેમણે સહુની સાથે ઉદારતાવાળો વ્યવહાર રાખેલો. અમને તો પછી ખબર પડી કે તેમણે અનેકોને સહાય કરેલી. કોઈને નુકસાન થાય તેવો વ્યાપાર કે વ્યવહાર કદી કરેલો નહિ.

બાળકો ભણવા અમદાવાદ ગયા પરંતુ જયંતિભાઈને પેઢીની જવાબદારી હોવાથી તેઓ ૮૦% દામનગર જ રહેતા. ત્યારે પણ આડતિયાઓ કે ખરીદનાર સાથે ખૂબ આત્મીયતાપૂર્વકનો તેમનો વ્યવહાર રહેતો. પેઢીમાં ચા, દૂધ અને વિવિધ પ્રકારના પૌષ્ટિક નાસ્તા રાખતા. સામે જ ઉપાશ્રય તેથી સંત-સતીજીને ઉલ્લાસપૂર્વક વહોરાવતા. પેઢીએ આવનાર માણસોને પણ આગ્રહપૂર્વક જમાડતા હતા.

કોઈ કહે કે હું ગામડેથી માલ લાવ્યો અને તમને દીધો તેમાં હિસાબ મેળવતા નુકસાની આવી છે તો ખાનગીમાં વધુ રૂપિયા આપીને રાજી કરીને મોકલતા આવા આશીર્વાદ પણ મેળવેલા છે.

ગરીબ કે સાધર્મિકોને વાપરવા માંગે તે પહેલા જ પૈસા મોકલી આપતા. જરૂરિયાત મુજબ કોઈને ઘેર ગોળ, ઘી, અનાજ મોકલી આપતા. તેવી હકીકત શ્રી જયંતિભાઈના દેહવિલય બાદ જાણવા મળી, તેથી તેમને મળેલ આ માનવભવની સાર્થકતા ટૂંકા આયુષ્યમાં તેમણે કરી તેનો સંતોષ અને ગર્વ છે.



છેલ્લે મારી સુપુત્રી ચિ. પદમાને ત્યાં તેમના બીજા પુત્ર મલયના જન્મ થવાને એકાદ માસ બાકી હતો ત્યારે અમને ઉપાશ્રયેથી પ્રેમથી વળાવ્યા અને કહ્યું કે અહીંની જરાપણ ચિંતા કરશો નહિ ત્યાં પદુબેનનું કાર્ય શાંતિથી પૂર્ણ કરજો, જે અમારું તેમની જોડેનું અંતિમ મિલન બની ગયું. તેમના અચાનક દેહવિલયના સમાચારથી મારા ધર્મપત્ની પ્રભાબેન બેભાન થઈ ગયેલા. તેવો દિયર-ભોજાઈ વચ્ચેનો નિર્દોષ પ્રેમ હતો.

જયંતિભાઈ વિશે લખતાં લખતાં અત્યારે પણ વસમું લાગી જાય છે, આંખમાંથી અશ્રુધાર ચાલી જાય છે. આટલા વર્ષે પણ વ્હાલા ભાઈની વિદાય એટલી જ વસમી લાગે છે.

**ઈહંસિ ઉત્તમો ભંતે, પેચ્ચા હોહિસી ઉત્તમો,**
**લોગુત્તમુત્તમં ઠાણં સિધ્ધિં ગચ્છસિ નીરઓ.**

**શ્રી ભોગીભાઈ જગજીવનદાસ બગડીયા**

## સખા શિરમોર, બાંધવ ઊંચા

શ્રીકૃષ્ણ વાસુદેવ તેના મોટાભાઈ બલરામ પાસે જે લાડ પામ્યા હતા તેવાં જ લાડ પામવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું હતું. પરંતુ મારા એ ભાગ્યને કોનું ગ્રહણ લાગી ગયું કે મારા એ લાડ–પ્યાર અધૂરા છૂટી ગયા.

આજે જ્યારે મારી ભત્રીજી (પુત્રી) જયશ્રીએ કહ્યું, 'કાકા, પૂજ્ય પપ્પા વિષે તમારા અનુભવો – સ્મરણો લખવા માંડો, મારે પુસ્તક લખવું છે.' ખૂબ ખૂબ આનંદ થયો. અમારા પરિવારની આવી વિરલ વિભૂતિની જીવન ઝરમર લખાય તેનાથી રૂડું શું?



### Angle of truth, Love and brother hood :

જયંતિભાઈને એક પુત્ર અને પિતા તરીકે તો આપે જાણ્યા અને માણ્યા, પરંતુ આજે મારી સાથે સફર કરો એક વડીલ ભાઈ અને સવાયા મિત્ર તરીકે...

હું એસ.એસ.સી.માં હતો. ભણવા કરતાં તોફાની વધારે હતો. પરીક્ષા નજીક આવી રહી હતી અને એ જ વખતે મને ખૂબ જ તાવ આવ્યો. તાવ માથે ચઢી ગયો. સહન ન થાય. વડિલ ભાઈએ આખી રાત બાજુમાં બેસી માથે પોતાં મૂક્યાં. પછી થોડી રાહત થતી ગઈ. મેં પરીક્ષા આ વર્ષે ન આપવી તેવું નક્કી કર્યું. પરંતુ મને સમજાવી ફોસલાવી પ્રેમથી પરીક્ષા આપવા માટે રાજી કર્યો એટલું જ નહિ ત્યારે તો એસ.એસ.સી.ની પરીક્ષાનું કેન્દ્ર અમરેલી હતું તેથી અમારે ત્યાં પરીક્ષા દેવા જવું પડતું અને તેઓ મને અમરેલી સુધી મૂકવા આવ્યા અને ખૂબ હિંમત બંધાવી.

એકદા સાયનસનો તીવ્ર દુઃખાવો ઉપડયો. ઘરગથ્થુ ઉપચાર તેમજ ડોક્ટરની દવા બધું લેવા છતાં ખાસ ફર્ક જણાયો નહિ. પછી ડોક્ટરોના મત મુજબ ઓપરેશન કરાવવાનું નક્કી કર્યું. દામનગરમાં તે વખતે એવી સુવિધા નહોતી તેથી ભાવનગર મને લઈ જવાનું નક્કી થયું.





ઓપરેશનનો ભય તો સતાવતો હતો જ, પરંતુ ત્યાં પણ જયંતિભાઈએ ફરી મને હિંમત બંધાવી અને મારી સાથે ભાવનગર આવ્યા. ડોક્ટરોની સારવાર ઉપરાંત વડીલ ભાઈની પ્રેમપૂર્વક અને કાળજીથી લીધેલી સાર–સંભાળે હું એકદમ તાજો–માજો થઈ ગયો. બાળપણથી જ જયંતિભાઈ મારા માટે Safety Factor હતા. તેની હાજરીમાં હું દરેક રીતે નિશ્ચિંતતા અનુભવતો હતો.

યૌવનવયે જ્યારે મેં દામ્પત્ય જીવનની શરૂઆત કરી ત્યારે જયંતિભાઈ મારા માટે મોટાભાઈ + મિત્ર બની ગયા હતા. એક વખત પેઢીના કામે હું મદ્રાસ ગયો હતો. એ દરમિયાન મારો જયેષ્ઠ પુત્ર રાજીવ ઘણો જ નાનો હતો. એવામાં જ એ બીમાર થયો. દામનગરના ડોક્ટરથી ખાસ ફાયદો ન થયો. જયંતિભાઈને મામલો ગંભીર લાગતા મારી પત્ની દિવ્યા અને રાજીવને લઈને ટેક્સી દ્વારા અમદાવાદ પહોંચ્યા અને ત્યાં તાત્કાલિક સારવાર શરૂ કરાવી બીજે જ દિવસે હું પ્લેનથી અમદાવાદ પહોંચ્યો ત્યારે રાજીવને સમયસર સારવાર મળતાં ભયમુક્ત જાહેર કર્યો હતો. જયંતિભાઈની ત્વરિત નિર્ણયશક્તિ, સુઝ–બુઝ અને મારાપણાંના ભાવને લીધે આ શક્ય બન્યું હતું.

હું ધંધાર્થે અમદાવાદ રહેવા આવી ગયો. Lions club માં મેમ્બર થયો અને એક દિવસ Lions conference માં ભાગ લેવા માટે જાપાન જવા માટે પસંદગી પામ્યો. જવાનો દિવસ આવી ગયો. જયંતિભાઈ અમદાવાદ આવી ગયા હતા ફક્ત મને See off કરવા જ સ્તો. એટલામાં જ ચિ. રાજીવની તબિયત બગડી. ટીકીટ બધાની થઈ ગઈ હતી. જયંતિભાઈ ચિ. રાજીવને તેડીને મને મૂકવા આવ્યા અને હાથ દબાવીને એવી હૈયાધારણ આપી કે તું નિરાંત જીવે જા, અહીં કોઈની ચિંતા

કરતો નહિ, હું છું ને! આજે લખતાં લખતાં પણ આ બધાં દશ્યો યાદ કરું છું ને આંખમાંથી અશ્રુધારા ચાલી જાય છે.

તેમના માટે હું લખવા બેસું તો શબ્દો જ નહિ પણ પ્રસંગો પણ ઓછા પડે તેમ છે, ટૂંકા પડે તેમ છે. બસ, અફસોસ એ જ રહી ગયો અને પ્રભુ પાસે ફરિયાદ પણ એ જ રહી ગઈ કે તેમના અંતિમ સમયે હું તેમને મળી શક્યો નહિ. હું ત્યારે તેમના મોટા પુત્ર કેતન અને મદ્રાસ સ્થિત પિતરાઈ ભાઈ છોટુભાઈ સાથે આબુ ફરવા ગયો હતો. ત્યારે સંદેશાવ્યવહારની આપ–લે આજ જેવી શક્ય નહોતી તેથી હું તેમની અંતિમયાત્રામાં પણ હાજર ન રહી શક્યો. મારા કર્મોની કેવી વિટંબના! એવું વિચારી – વિચારીને આજે પણ મારા મનને સમજાવવાની કોશિશ કરી રહ્યો છું.

પેઢીની મિલ્કતની જ્યારે ચારે ભાઈઓ વચ્ચે વહેંચણી થઈ ત્યારે પણ તેમણે જે ઉદારતા દાખવેલી તેને લાખો – કરોડો વંદન. નીતિમતાનો ખરો સિધ્ધાંત તો તેણે જાળવી જાણ્યો અને જીવી પણ જાણ્યો. અંગત સ્વાર્થ તો તેને આજીવન સ્પર્શી પણ શક્યો નથી. **અમારા પરિવારમાં તે દરેક તબક્કે નંબર વન હતા.**



જયંતિભાઈ ખાવા અને ખવડાવવાના શોખીન હતા અને તપશ્ચર્યા કરવામાં પણ શૂરવીર હતા. પ્રાયઃ દરેક પર્યુષણમાં અઠાઈ તપની આરાધના તો કરતાં જ. ક્યારેક ૧૧ કે ૧૬ ઉપવાસ પણ કરતાં. ૮ હોય ૧૧ હોય કે ૧૬ ઉપવાસ હોય તેઓ છેલ્લા દિવસ સુધી તપસ્વીઓને ઘેરથી ઉપાશ્રય અને ઉપાશ્રયથી ઘેર ગાડીમાં લેવા–મૂકવા જવાની સેવા આપતા હતા. ભાવદીક્ષિત ભાઈ–બહેનોને ખૂબ જ અહોભાવપૂર્વક સાચવતાં. ત્યારના ભાવદીક્ષિતો હાલમાં જે દીક્ષિત થઈ ગયા છે તેઓ આજે પણ તેમના આનંદી અને સેવાભાવી સ્વભાવને વ્યાખ્યાનમાં દષ્ટાંત આપીને બિરદાવે છે.

**જે ઈતિહાસમાં જીવ્યા નથી, પરંતુ માનવતાનો, સિધ્ધાંતોનો, નૈતિકતાનો જેણે ઈતિહાસ સર્જ્યો છે, તેવા 'મૂઠી ઊંચેરા માનવી'ના જીવનમાંથી એકાદ ખોબો ભરીને અહીં છાંટ્યો છે. તેના થકી સ્વ. શ્રી જગજીવનદાસ રતનશી બગડીયાની આગામી પેઢીમાં જીવનમૂલ્યો ઉજાગર થાય અને આવિર્ભાવ પામે તેવી અપેક્ષા છે.**

અમારા પરિવારનો 'કોહીનૂર હીરો' આજે અમારાથી જોજનો દૂર દેવલોકમાં વસવાટ કરતો હશે, પરંતુ જયંતિભાઈનો આત્મા શીઘ્રાતિશીઘ્ર મોક્ષગતિને પામશે તેમાં બેમત નથી.

**શ્રી ધનસુખભાઈ જગજીવનદાસ બગડીયા**

## આમ ચાલ્યા જવાય ?

શાને ધ્રુજાવી ધરતી અને શાને દીધો ધ્રુજતો સમય
વિનાશ વેરી ચાલ્યો ગયો, ૨ જી જૂન, ૧૯૮૪ નો મહાપ્રલય.

ખુવારીના માતમ મહીં રઝળી રહ્યા લાખો હૃદય
હસતો રમતો કુટુંબ મેળો જાણે થંભી ગયો સમય
બાળપણ ભૂલું પડયું શાને દીધો રડતો સમય ?

કાળમીંઢ ! ઓ પ્રલય તે છાપી દીધો કાળો સમય
છિન્ન – ભિન્ન ભલે આજે પામશું અમે કાલે વિજય
લૂંછી આંસુ એકબીજાના કરશું 'જયંત' નો જય !



શાંતિદાતા ખોળો – અહોભાગ્ય બની ગયો.
સ્નેહલ સાંનિધ્યની ઝંખના અશ્રુબિંદુ બની ગઇ.
પરંતુ
જે સ્નેહ પામ્યો એ જીવનની સંજીવની બની ગયો.

કદી કલમ હાથમાં પકડી નથી. આજે જ્યારે મોટી બહેને પૂજ્ય પપ્પાજીની યાદોને ઉજાગર કરીને ગુણોની ગરિમા ગાવાનું મહાન કાર્ય હાથમાં લીધું છે તો એની અનુમોદનાર્થે સહભાગી બનવાનું સૌભાગ્ય મને સાંપડયું છે. મનમાં જાણે ૨૮ વર્ષોથી ધરબાયેલા વિચારો દરિયાના મોંજાની માફક ઉછળે છે.

૨ જૂન, ૧૯૮૪ ના દિવસે હું તો મારા કાકા અને મદ્રાસથી આવેલ મારા કઝીન સાથે માઉન્ટ આબુ ફરવા ગયો હતો. ત્યાંથી તા. ૪–૨ ના પરત ફરતાં સારંગપુર દોલતખાના, અમદાવાદના કાકાના ફ્લેટમાં વાતાવરણ ગમગીન હતું. હજુ મારાં બાળમાનસ પર કુદરતની આ જન્મ અને મૃત્યુની કરામતને સમજવાની પૂરતી સમજણ પણ નહોતી. ત્યારે તો

મને કોઈએ કાંઈ કહ્યું નહિ. અમદાવાદથી દામનગર આવવા નીકળ્યા ત્યારે રસ્તામાં મને પરિસ્થિતિનો ખ્યાલ ધીમે – ધીમે આવવો શરૂ થયો. પૂજય મમ્મી અને ભાઈ–બહેનને મળીને જાણે આંખમાંથી અશ્રુધોધ વહેવા લાગ્યો. દામનગરનું ઘર ખાલી–ખાલી લાગવા માંડયું. પપ્પાજીના હાકલા – પડકારા સંભળાતા બંધ થઈ ગયા. ભવિષ્યના સુખ–દુઃખ વિશે વિચારવા જેટલી પરિપકવતા હજુ હતી નહિ. આ બધી વિષમ પરિસ્થિતિમાં કુટુંબનો જબ્બર સાથ એ હતું અમારું ઉજળુ પાસું. શરૂઆતથી સંયુક્ત કુટુંબમાં રહેલા હોઈ એટલે કોઈ તકલીફ આવી શકે તેનો અંદાજ જ હતો નહિ. એટલે જેમ – જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ મને એટલે કે કુટુંબના મોટા પુત્રને એક પિતાની ગેરહાજરીને લીધે આવતી જવાબદારીઓનું ભાન થવા લાગ્યું. પરંતુ તેમાં પણ મારા પિતાતુલ્ય ધનસુખકાકા અને બંને બાપુજીઓનો સાથસહકાર મળતાં તેમજ મોસાળ પક્ષનો પણ સાથ મળતાં સમયની સાથે જવાબદારીઓ પૂરી કરવાની હિંમત મળતી રહી.

મોટી બહેનના લગ્નનો પ્રસંગ ૧૯૮૭ માં કર્યો તે પછી મારા બનેવી ડો. સંજય શાહ પણ જાણે મારા વડીલબંધુની જેમ મારી સાથે ઊભા રહ્યા અને સુખ–દુઃખમાં સંપૂર્ણ સાથસહકાર આપ્યો.



પૂજય પિતાશ્રીની હાજરીમાં તેમની મહાનતા સમજી શકું એટલો પરિપકવ હું નહોતો. પરંતુ જેમ જેમ પૂજય સાધુ–સંતો પાસેથી, ઘરના વડિલો પાસેથી, દુકાનના માણસો પાસેથી પપ્પાજી વિશે સાંભળતો ગયો ત્યારે તેમની સાથે વધારે ન રહી શક્યાનો અફસોસ વધતો ગયો. મારા પૂજય દાદી અત્યંત પ્રેમાળ અને ધર્મપરાયણ, તેઓ પોતાની પાસે બેસાડીને સમજણ આપતા કે આપણાં પુણ્યોદય ઘણાં જ ઓછા જેથી આપણે કુટુંબનું રત્ન વહેલું ગુમાવવું પડયું. હું નાનપણમાં ખૂબ જ જીદ્દી હતો. પરંતુ મેં ક્યારેય પપ્પાને ગુસ્સે થતાં જોયા નથી. એક પ્રસંગ છે જેણે મારી જીદ્દ છોડાવી. અમો

દર વેકેશનમાં ચોરવાડ ફરવા જતાં. એક વખત મારા તોફાન એટલા બધાં વધી ગયા કે તેમણે મને ચાલુ ગાડીમાંથી રસ્તા પર ઉતારી દીધો, તે પ્રસંગ મારા સ્મરણપટ પર અંક્તિ થઈ ગયેલ છે અને ત્યારબાદ મારી ખોટી જીદ પણ ઓછી થવા લાગી.

હજુ આજે પણ અમે જયારે દામનગર જઈએ ત્યારે તેમના સમકાલીન મિત્રો અમારી સમક્ષ પપ્પાના ગુણો સંભારે ત્યારે મને મારી જાત પર ગર્વ થાય કે આટલી મહાન વ્યક્તિનો હું અંશ છું. હવે તો દામનગરમાં તેમના સમકાલીન મિત્રો પછીની પેઢી વ્યવહારમાં છે પરંતુ તેમના મિત્રોએ તેમના બાળકોને પણ પપ્પાજીના પ્રસંગો કહ્યા હશે જેથી તે લોકો પણ જયંતિભાઈનો પરિવાર આવેલ છે

તેમ કહી ખૂબ માનપાન આપે.

અત્યારે પણ વેકેશનમાં અમે છ ભાઈ – બહેનોનો પરિવાર ભેગા થઈએ ત્યારે રાત્રે પપ્પાજીની યાદો વાગોળીએ, પૂજ્ય મમ્મી અને મોટી બંને બહેનો પાસેથી વધારે યાદોનો ખજાનો મળે. તેમના સ્તવનો ગાઈએ, તેમના કંઠે ગવાયેલા સ્તવનોની ઓડિયો કેસેટ સાંભળીએ. અમારાં બાળકોને પણ પૂજ્ય દાદાજીના પરોક્ષ સત્સંગમાં લઈ જઈએ. ત્યારે જાણે પપ્પાજી અમારી સાથે જ છે તેવું પવિત્ર વાતાવરણ લાગે.

જીવનમાં સંત–સતીજીઓની સેવા, માનવતા – દાનધર્મ અને અનુકંપાના સંસ્કારો શ્વાસે–શ્વાસે વણાયેલા હતા. સેવા અને સત્સંગ એ જ તેમનો પ્રાણવાયુ હતો. દુઃખ સહીને પણ સુખ આપવાની તૈયારી – તત્પરતા એ જ જેમનો જીવનમંત્ર હતો એવા પ્રેરણામૂર્તિ પપ્પાજીએ કંડારેલી રાહ પર હું ચાલવાની પાત્રતા કેળવી શકું એ જ પરમકૃપાળુ પાસે પ્રાર્થના...

**सागर की गहराई, आसमाँ का विस्तार,**

**इससे भी बढकर है पिता का प्यार....**

**કેતન જયંતિભાઈ બગડીયા**

# પપ્પાનો લાડકવાયો

પૂજ્ય પપ્પાએ કાયમી વિદાય લઈ લીધી છે એ વાતની સમજણ પણ ન પડતી હોય એ સમયે એટલે કે માત્ર ચાર જ વરસની ઉંમરે મેં પપ્પાનું વાત્સલ્ય ખોયું હતું.

થોડાં પણ જે લાડ પામ્યો છું તેની ધૂંધળી સ્મૃતિ છે અને વધારે જે કાંઈ જાણ્યા છે તે મોટા ભાઈ–બહેનો પાસેથી સાંભળેલા ગુણોનો ખજાનો છે.



He was Supportive,

He was Protective,

He was strong like a mount,

In his arms I would sleep, and

Wake up safe and sound.

આજે પણ એ દીવાસ્વપ્નમાં મારી જાતને બહેલાવું છું કે જો કોઈ દૈવી શક્તિ મને વરદાન માંગવાનું કહે તો હું કહી દઉં કે, 'દુનિયાના કોઈ સુખ મારે જોઈતા નથી, મને મારા પપ્પા પાછા આપી દો.' ચાર વર્ષથી બત્રીસ વર્ષની સફર દરમિયાન પિતાની છત્રછાયા વગરની દરેક ક્ષણેક્ષણના સરવાળા બાદબાકીના હિસાબો તો મારાથી વધારે કોણ રાખી શકે ?

અમારા છ ભાઇ–બહેનોમાં હું સૌથી નાનો એટલે દેખીતી રીતે જ પપ્પાનો લાડકો હતો. તેઓ મને હંમેશા ઉંચકી – ઉંચકીને ફરતા.

હું ક્યારેય નીચે ન બેસતા તેમના ખોળામાં જ બેસતો. મારી બધી જ નિર્દોષ જીદ તેઓ પૂરી કરતા. પછી એ દુકાન પાસેથી સોડા પીવાની હોય કે પછી સફેદ પેંડા માટેની હોય.

હું નાનો હતો ત્યારે જ અમદાવાદમાં બધાં ભાઈ – બહેનોના સારા શિક્ષણ માટે ઘર લીધેલું. પૂજ્ય પપ્પા ધંધાર્થે દામનગર રહેતા. ૧૫–૨૦ દિવસે અથવા મહિને બે કે ત્રણ દિવસ માટે અમદાવાદ આવતા. એ દિવસો દરમિયાન અમને ખૂબ મજા કરાવતા. પરંતુ જ્યારે જવાના હોય ત્યારે મને યાદ છે ત્યાં સુધી અમે બધા એલિસબ્રીજ સ્ટેશને તેમને મૂકવા જતાં, ટ્રેઈન આવી ગઈ હોય છતાં હું પપ્પાના હાથમાંથી નીચે ઉતરતો નહોતો, અને રડી–રડીને આખું સ્ટેશન ગજાવતો. મમ્મી અને મોટી બહેન જયશ્રી મહામુસીબતે પરિસ્થિતિ સંભાળતા.

હું પપ્પાને મારાં થી દૂર જાય તે જોઈ શકતો ન હતો, પરંતુ કુદરતે કાયમ માટે દૂર મોકલી દીધા હવે રડી – રડીને દુનિયા ગજાવું તો યે શું?

એક પ્રસંગ યાદ છે. જ્યારે પપ્પા અમદાવાદ આવવાના હોય ત્યારે બધાં મને લાડથી કહેતા કે, સ્નેહું! કાલે પપ્પા આવવાના છે અને મારો આનંદ જોઈને એ લોકો આનંદ પામતા. એવી જ રીતે એક દિવસ નિર્ધારિત દિવસે પપ્પા ન આવ્યા. કંઈક ધંધાકીય કારણસર આવવાનું બે દિવસ લંબાયું. મેં તોફાન શરૂ કર્યાં. બધાએ ખૂબ સમજાવવાની કોશિશ કરી છતાં પણ મારા ઉધામા ચાલુ જ રહ્યા. મેં મારી જાતને બાથરૂમમાં પૂરી દીધી અને રડતાં રડતાં કહેતો રહ્યો કે પપ્પા આવે અને સફેદ પેંડા પણ સાથે લઈને આવશે પછી જ હું બહાર આવીશ. અંતે, બાજુવાળા રસિકકાકાની ડરામણી ધમકીથી હું બહાર નીકળ્યો.

પૂજ્ય પપ્પાની વાતો રાત–રાત જાગીને પણ બધાં ભાઈ–બહેનોએ મમ્મી સાથે બેસીને વાગોળી છે. મને પપ્પાની ખોટ ન સાલે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે.

**પૂજ્ય પપ્પાનો ગુરુમંત્ર –**

**‘જે વ્યક્તિ જતું કરવાની ભાવના રાખે છે તેનું કોઈ દિવસ કાંઈ જતું નથી.’**

અમારી આર્થિક, ભૌતિક, ધાર્મિક તથા આધ્યાત્મિક પ્રગતિમાં પૂજ્ય મમ્મીનો ફાળો – ભૂમિકા અનન્ય રહ્યા છે. પૂજ્ય પપ્પાની

ગેરહાજરીમાં માતા–પિતા બંનેનો પ્રેમ પૂરો પાડી જીવનની કપરી મંઝિલો પાર કરી છે.

'મા'ની મમતાને બિરદાવવા આ કવિતા અહીં આલેખું છું.

**'મા' કેવી રીતે કહું તારો મહિમા કોને આપું તારી ઉપમા.**

**નદી જેવી મીઠી છે તું, પણ નદી કરતાં વધારે વિશાળ છે તું.**

**સાગર જેવી વિશાળ છે તું, પણ મનથી ખારાશ વગરની છે તું.**

**સૂરજની જેમ પ્રકાશિત કરે છે જીવનને તું, પણ ગરમ મિજાજ વગરની છે તું.**

**ચાંદ જેવી શીતળતા આપે છે તું, પણ દાગ વગરની મમતાથી સભર છે તું.**

**ફૂલની જેમ સુવાસિત કરે છે જીવનને તું, પણ કાંટા વગરનો પ્રેમ આપે છે તું.**

**'મા' કેવી રીતે કહું તારો મહિમા ? કોને આપું તારી ઉપમા?**

**'મહિમા' અને 'ઉપમા' શબ્દો પણ છે તારા વગર અધૂરાં.**

**કેમકે,**

**એમાં પણ સમાયેલી છે તું.**

Love of a father is one of the Nature's greatest masterpiece.

**સ્નેહલ જયંતિલાલ બગડીયા**

## વેદના – સંવેદનાની યાદવાસ્થલી

**मातृदेवो भवः। पितृदेवो भवः ।।**

સંસ્કૃતિનું મહાવિદ્યાલય એટલે માતા–પિતા. માતા–પિતા એક એવું વૃક્ષ છે જ્યાં ઝંઝાવાત પણ નિરાંતનો શ્વાસ લે છે. એટલે જ કવિએ કહ્યું છે, ધરતી પરનું સ્વર્ગ માતા–પિતાના ચરણોમાં છે.

મારા પૂજ્ય પપ્પાજી અત્યંત પ્રેમાળ અને અમારા ભાઈ–બહેનોના સાચા પથદર્શક બન્યા છે.

આજે મારી મોટી બહેને પપ્પાજીના પ્રેમાળ સહવાસને માણવાની પરોક્ષ તક આપી છે. ખૂબ ખૂબ અનુમોદના સાથે હું આ તકને વધાવું છું.

અમે નાના હતા ત્યારથી જ અમારા જીવનમાં માતા–પિતાનો ફાળો વિશિષ્ટ રહ્યો છે. દામનગર જેવાં નાના ગામમાં રહીને પણ અમારા ભણતર પાછળ ખૂબ જ ભોગ આપ્યો છે. ભણાવવાની સાથે સાથે જ ધર્મનું જ્ઞાન પણ આપ્યું છે. જૈનશાળામાં નિયમિત મોકલવા માટે પ્રલોભનો પણ આપ્યા છે.

અમારી દુકાન ઉપાશ્રયની સામે જ હતી. પપ્પાજી ત્રિકાળ સાધુ – સંતોના દર્શનાર્થે જતાં અને પેઢીમાં જ ઘણી બધી ખાદ્ય સામગ્રીઓ રાખતા જેથી સાધુ–સંતોની ગોચરીનો પણ લાભ લઈ શકાય. અમે પણ સ્કૂલે જઈએ ત્યારે ઉપાશ્રય દર્શન કરીને જ જઈએ તેવી સલાહ આપતા અને આગ્રહ પણ રાખતા. આમ, ભાવથી દર્શન કરવા અને ભાવથી વહોરાવવું એ અમને ગળથૂંથીમાં મળેલ છે.

સ્વ. પૂજ્ય દાદાજી, ધાર્મિક શિબિરના આયોજનથી બાળકોમાં અને યુવાનોમાં ધર્મજાગૃતિ લાવવામાં સક્રિય હતા. પપ્પાજીના સાથ–સહકારથી આ કાર્ય વેગવંતુ બન્યું અને દરેક ચાતુર્માસમાં શિબિરનું આયોજન થવા લાગ્યું. પપ્પાજીની નિઃસ્વાર્થ સેવા શિબિરાર્થીઓના ઉત્સાહમાં અને સાધુ–સાધ્વીજીઓના પુરુષાર્થમાં બમણો વધારો કરતી હતી. પપ્પાજીનો જૈન ધર્મ પ્રત્યેનો અહોભાવ સાધુ–સાધ્વીજીઓ પ્રત્યે પૂજ્ય ભાવ અને બહારગામથી આવેલા દર્શનાર્થીઓનો અતિથિસત્કાર અજોડ હતા. આ બધું સ્મરણમાં આવતાં આજે પણ ભાવથી મસ્તક નમી જાય છે.

આટલો મોટો ધંધો કરવા છતાં નિત્ય વ્યાખ્યાન શ્રવણ કરવાનું તેઓ ચૂકતા નહિ અને વળી દરેક વ્યાખ્યાન નોટમાં લખતા અને રાત્રે ભક્તિ સમયે બધા સાથે તે વિશે ચર્ચા કરતા. અમે નાના હતા તો પણ વ્યાખ્યાનનો હાર્દ અમને સમજમાં આવે તે રીતે સમજાવતા.




ઉદારતા અને આર્દ્રતા તેમના શ્વાસે-શ્વાસે ભરેલી હતી. એક વખત શાળાએથી પાછા ફરતાં હું દુકાને ગઈ ત્યાંથી પપ્પાજી મારી સાથે ઘેર આવવા નીકળ્યા. રસ્તામાં ગરીબ બે-ત્રણ છોકરાઓ કંઈક માંગવાની ચેષ્ટામાં ઊભા હતા. પપ્પાજીએ તેમને ફ્રૂટસ કેરી સાથે અને થોડું નમકીન અપાવ્યું. તે છોકરાઓ ખૂબ ખુશ થયા. તેનાથી વધારે પપ્પાજીના ચહેરા પરની ખુશી હતી. આમ પણ દામનગરમાં દરેક ઘર માટે પપ્પાજી 'સંકટ સમયની સાંકળ' સમાન હતા. પરોપકાર એ તેમના માટે પરમ આનંદ હતો.



તેમના જીવનકાળ દરમિયાન મેં તેમને ક્યારેય ગુસ્સે થતાં જોયા નથી. ક્રોધ - માન - માયા - લોભ પર તેમનો એટલો બધો કાબૂ હતો કે સાધુ સંતો પણ તેમનું ઉદાહરણ વ્યાખ્યાનમાં આપતા. તેમના જીવનમાં એક સૂત્ર તેમણે વણી લીધું હતું, **'સામો થાય આગ તો તમે થાજો પાણી'** અને વળી દુકાનમાં પ્રવેશ કરતાં જ **'કમ ખાના, ગમ ખાના, નમ જાના'** આ સૂત્ર અંક્તિ કરેલું હતું જે તેમણે પોતાના જીવનમાં આત્મસાત્ કરી લીધું હતું. તેઓ અમને હંમેશા એક શિખામણ આપતા, 'Adjust everywhere'. તેમનું માનવું હતું કે સામેવાળા ગમે તેટલા પ્રતિકુળ થયા કરે પરંતુ આપણામાં જો અનુકૂળ થવાની આવડત હોય તો દુનિયામાં દુઃખ જ ન રહે અને એ જ ધર્મ છે.

દરેક માતા-પિતા પોતાના બાળકોના ઉછેર - ભણતર પાછળ ભોગ આપતા જ હોય છે. પરંતુ તેની સાથે ધાર્મિક શિક્ષણને તેટલું જ નહિ પરંતુ તેનાથી પણ વધારે મહત્વ પપ્પાજી આપતા હતા. અમને નાની ઉંમરથી જ સામાયિક - પ્રતિક્રમણ શીખવાડવાની મહેનત તેમણે સાર્થક કરી હતી. ફક્ત ગોખાવવાનું જ નહિ પરંતુ તેનું મહત્વ સમજાવીને અમને હસતાં - રમતાં એ કંઠસ્થ થઈ ગયા હતા. જે આજે અમને બહું લાભકર્તા છે. પપ્પાજીને એવી ભાવના હતી કે મારા સંતાનોમાંથી કોઈને પણ દીક્ષાના ભાવ થાય તો હું રાજી-ખુશીથી તેને રજા આપું. અમદાવાદ કોલેજકાળ દરમિયાન મારી મોટી બહેન જયશ્રીને તેના પ્રબળ પુણ્યોદયે ધાર્મિક



અભ્યાસ કરવાનો મોકો પૂ. શ્રી પ્રેમમુનિ મ.સા. તથા પૂજ્ય ધીર ગુરુદેવ પાસે મળ્યો અને તેણે મન લગાવીને ધાર્મિક અભ્યાસ કરતાં ઘણું શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. પરિણામરૂપે તેનું જ્ઞાન વૈરાગ્યમાં પરિણમન થતાં દીક્ષાના ભાવ થયા. તે સાંભળી મારા પપ્પાજીના હરખનો પાર ન રહ્યો. તેઓ મને હંમેશા કહેતા, 'તું તારી મમ્મીને સમજાવજે કે જયશ્રીને દીક્ષાના ભાવ પ્રબળ બને તો તેમાં અંતરાય ન લે.' પરંતુ અચાનક પૂજ્ય પપ્પાજીનો સ્વર્ગવાસ અને મોટી બહેનનું પણ અંતરાયકર્મ બાકી હશે તો દીક્ષાની ભાવના અધૂરી રહી ગઈ. જે તેનાં સુષુપ્ત મનમાં આજે પણ છુપાયેલી છે. તે અમારી સાથે ધર્મની ચર્ચા કરે કે અમને સમજાવે ત્યારે અમે જોઈ શકીએ છીએ. મારા પપ્પાની absence માં અમારા કુટુંબની કોઈપણ મુશ્કેલીમાં મારી મોટી બહેન તેમણે મેળવેલું ધાર્મિક જ્ઞાન અમને પીરસી દરેકના મનનું સમાધાન કરાવે છે અને વારંવાર અમને કહે છે કે ભાવ તો દીક્ષાના ઉંચા જ રાખવાના.

પપ્પા જ્યારે પણ દામનગરથી અમને અમદાવાદ પત્ર લખતા ત્યારે ઉપાશ્રયમાં બિરાજીત સાધુ-સાધ્વીજીઓના દર્શન કરવાના અને પોતાના વતી શાતા પૂછવાનું ખાસ લખતા. આજે મને થોડીઘણી જે ધર્મની રૂચિ – સમજણ છે તેમાં મારા પપ્પાજીનો નિરંતર પ્રયત્ન છે. ફક્ત ધર્મની બાબતમાં જ નહિ પરંતુ જીવનના દરેક ક્ષેત્રે તેઓ અમને સમય સાથે તાલ મિલાવીને રહેવાનું શીખવતા. તેઓ હંમેશા શીખ આપતા, 'જીવનમાં ઉપરની તરફ જવા માટે ખૂબ જ શ્રમ કરવો પડે છે, પણ નીચે ઉતરતી વખતે બહુ મહેનત કરવી પડતી નથી.' વગર મહેનતે તમે બમણી ઝડપે નીચે ઉતરી શકો છો. એક વખત ઉપર પહોંચ્યા બાદ આંખોની સામે છવાયેલું દૃશ્ય ખૂબ જ અદ્ભુત લાગે છે.

પૂજ્ય પપ્પાજી વેપારમાં કુશળ અને પારંગત હતા. તેઓ કહેતા કે દરેક વસ્તુની ભૂખ તો હોય જ જેમ કે પૈસાની, ખાવા-પીવાની, લાગણીની, પરંતુ આ બધી ભૂખ સંતોષવા માટે આપણે સંતોષ નામનો ઓડકાર ખાવો જ જોઈએ. પોતાની સૂઝબુઝથી વ્યાપારને આગળ વધારનાર પપ્પાજી કહેતા કે **જીવનમાં અંગ્રેજી ન આવડે તો ચાલશે પરંતુ ગણિત તો કાચું ન જ હોવું જોઈએ.** પૈસા માટે ક્યારેય પણ સંબંધ કે લાગણીને અન્યાય ન થવો જોઈએ. સંબંધ, સંપત્તિ અને સમૃદ્ધિ વચ્ચે balance રાખી આગળ વધવું એ ડહાપણ છે.

પપ્પાજીએ જાણતા કે અજાણતા ક્યારેય કોઈ જીવને દુભવ્યા હોય તેવું યાદ નથી. તેમના કંઠમાં કામણ હતું. દરેક સ્તવન સુંદર રાગથી ગાઈ શકતા. સાધુ–સંતોના વ્યાખ્યાન તેઓના જ લહેકામાં અમને સંભળાવતા. બહુ જ જૂજ એવા ઝિંદાદિલ લોકો હોય છે જે મરે ત્યાં સુધી લહેજતથી જીવે છે. ઘણાં ઉત્સવની જેમ જિંદગી જીવે છે. એવા અનંત ઉપકારી પિતાના સંતાન હોવાનો મને ગર્વ છે.

આજે જયારે હું મારા પપ્પાજીના ફોટા સમક્ષ ઊભી રહું છું ત્યારે દરેક પળે તેમના જેવા બનવાનો મને વિચાર આવે છે અને હું મનમાં બોલી ઉઠું છું કે,

**'એટલી જ સમજ દેજે ભગવાન,**
**સુખ જયારે જ્યાં મળે**
**ત્યાં બધાના વિચાર દેજે.'**

પ્રેમના દરિયા સમાન અને મમતાના માન સરોવર સમાન માતા–પિતાની અમને એ જ શીખ હતી, અને તેમનું આચરણ પણ આ જ હતું.



જો ઘરને મંદિર બનાવવું હોય તો માતા–પિતા, સ્વજનોનું સન્માન કરો, ગુરુજનોની સ્તુતિ કરો, ધર્મ પ્રત્યે વિનય ભક્તિપૂર્વક બહુમાન રાખો, અતિથિનો સત્કાર કરો. બસ, ઘરમાં મંદિર જેવી શીતળતાનો અનુભવ થયા વિના નહિ રહે.

**'તાજમહેલના ચણતર જેવું બીજું કોઈ ચણતર નથી,**
**રાહુના નડતર જેવું બીજું કોઈ નડતર નથી.**
**કોહીનૂરના જડતર જેવું બીજું કોઈ જડતર નથી,**
**માતા–પિતાના ઘડતર જેવું બીજું કોઈ ઘડતર નથી.'**

**માટે જ કહેવાય છે, ૧૦૦ આચાર્ય = ૧ પિતા.**

માતા–પિતાનું મૂલ્ય અમૂલ્ય છે. કુદરત રૂઠે છે, ઈશ્વર સજા કરે છે, જયારે માતા–પિતા માફ કરે છે.

**મનીષા દિનેશ ખેતાણી**

## અવિસ્મરણીય વ્યક્તિત્વ

ભારતીય સંસ્કૃતિની રસાળ ભૂમિમાં અમૂલ્ય એવાં પાણીદાર મોતીઓ રહેલાં છે. એમાંથી બે અલભ્ય મોતી એટલે

**'માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ'**

મા નો પ્રેમ અદ્વિતીય, અનુપમ છે. જયારે પિતાનો પ્રેમ અલૌકિક હોય છે. તે પોતાના ખભા પર બાળકને બેસાડી દૂર દૂરની દુનિયાના અનુભવોનું દર્શન કરાવી સાચા અર્થમાં પથદર્શક બને છે.

**માતા–પિતા અમૃત છાયા; એનું અવનીમાં મૂલ્ય નથી.**

**સંતાન ભૂલે સેવા કરવી; એના જેવી કોઈ ભૂલ નથી.**

ચાલતાં શીખ્યા ત્યારથી પૂજ્ય પપ્પાની આંગળી પકડીને ઉપાશ્રયે પૂજ્ય સાધુ – સાધ્વીજીઓના દર્શન કરવા જતા. થોડી સમજણ આવ્યા પછી પપ્પાજી અમને ભાઈ–બહેનોને વ્યાખ્યાન સાંભળવા લઈ જતા. સામાયિકના પાઠ કંઠસ્થ કરવાનો આગ્રહ રાખતા અને અમે લોકો પણ આ બધું ઘણાં જ હોંશથી કરતા. રોજ રાત્રે ભક્તિ કરાવતા. નવાં નવાં સ્તવનો ખુદ પણ બનાવતા અને એમના અલગ અંદાજથી ગાતા. તેઓ અમને કહેતા કે જો ધર્મના સંસ્કાર હોય અને સાધુ – સાધ્વીજીઓનું સાન્નિધ્ય હોય તો જે કંઈપણ સાંભળેલુ કે શીખેલું હશે તે જીવનમાં ક્યારેક તો જરૂરથી કામમાં આવશે જ.

પપ્પાજી સારા તરવૈયા હતા. અમે લોકો પ્રાયઃ દર ઉનાળાના વેકેશનમાં ૧૫–૨૦ દિવસ ચોરવાડ ફરવા જતા. ત્યાં અમે ખૂબ મોજ – મસ્તી કરતાં. પપ્પાજી પણ ત્યાં અમારી સાથે અમારી જેવડા થઈને અમને ખૂબ આનંદ કરાવતા. ત્યાંનો દરિયા કિનારો અમારા માટે પ્રિય સ્થળ હતું. ત્યારનો એક પ્રસંગ યાદ આવે છે.

અમે લોકો રોજ સવારે દરિયે ન્હાવા જતા. ત્યાં એક પુલ કિનારે હતો. તેમાં પણ ખૂબ ધીંગા–મસ્તી કરતા. બીજા પણ ઘણાં પર્યટકો આવેલા હોય તેથી સવારે બધા બાથમાં ન્હાવા સાથે પડતા. હું નાની તેથી મારે પુલમાં પડવાનું નહોતું. કારણ કે તેમાં મારી ઉંચાઈ ટૂંકી પડતી હતી. તેથી હું, નાની બહેન અને ભાઈ અમે કિનારે મોજાં સાથે છબછબીયા કરતાં, અને પપ્પા તેમ જ મોટી

બંને બહેનો, મામા, માસી બધા પુલમાં Swimming કરતા. એક વખત મને પણ મન થઈ ગયું અને હું ઉત્સાહભેર પુલમાં પડી ત્યાં કોઈ પર્યટકનું ધ્યાન ગયું અને તેણે પપ્પાજીને કહ્યું કે કોઈ નાની બેબી પુલમાં પડી. પપ્પાએ ત્વરાથી મને બચાવી લીધી પછી બહાર લાવીને બપોરે જમાડીને એવી રીતે સમજાવી કે મેં ક્યારેય પછી આવો ખોટો પ્રયોગ કર્યો નથી.

પૂજ્ય પપ્પાજીનું વ્યક્તિત્વ જ એટલું આકર્ષક હતું કે કોઈ ક્યારેય તેમનું વચન ઉથાપતું નહિ. ચોરવાડ આવેલા બધા પર્યટકો પપ્પાજીને એક સ્વજન સમજીને જ વ્યવહાર કરતા. પ્રેમ અને લાગણી નીતરતું વિરલ વ્યક્તિત્વ એ જ પપ્પાની ઓળખાણ હતી. દરેકને પોતાના બનાવવાની કળા હસ્તગત હતી. All In One હતા.

માતા–પિતાએ આપણા સુખની, શરીરની, ચિત્ત પ્રસન્નતાની, સલામતીની ચિંતા કરી. પિતાએ ખભો આપ્યો, માતાએ ખોળો આપ્યો. પિતા આપણી સાથે બુદ્ધિના શિખરે ઉભા રહ્યા, જ્યારે માતા હૃદયની તળેટીએ ઉભા રહ્યા. પિતાએ જહેમત ઉઠાવી આપણને સારૂ શિક્ષણ આપવામાં, માતાએ જહેમત ઉઠાવી સંસ્કાર આપવામાં. પિતા સમજ્યા આપણી બુદ્ધિને, માતા સમજી આપણી લાગણીની ભાષાને.



આજે જ્યારે મોટી બહેને પપ્પાના ગુણોને ઉજાગર કરી અમારા બાળકો સુધી પહોંચાડવાનું બીડું ઝડપ્યું છે તેની હું ખુશીથી, દિલથી અનુમોદના કરું છું, માતા–પિતાના અનંત ઉપકારમાંથી અંશતઃ ઋણમુક્ત થવા આપના આ કાર્યને સર્વત્ર સરાહના મળે એ જ અભ્યર્થના...

*A father is a man who places his children above all other achievements.*

**રૂપલ વીરેન બાવીસી**

## વધુ સમજું તે પહેલાં....

હું ખૂબ જ નાની હતી જ્યારે મારા ઉપકારી પૂજ્ય પપ્પાનો સ્વર્ગવાસ થયો.



**'કોનાથી બગાડું રે, હું નહિ રે બગાડું,**
**મારે જીવવું થોડું ને હું કોનાથી બગાડું.'**

આ ગીત ગાતા ગાતા જ મને પપ્પાજીનો ચહેરો યાદ આવે છે. એટલો મધુર અવાજ, પોતે ગાઈ અને બધાને ગવડાવે. પપ્પાજીના સ્વર્ગવાસ વખતે મારી ઉંમર આઠ વર્ષની હતી અને મારા નાના ભાઈની ઉંમર ચાર વર્ષની એટલે મને બીજું તો કાંઈ યાદ નથી સિવાય કે પપ્પાજી સાથે પસાર કરેલી અંતિમ ક્ષણો.

પપ્પાજીના દેહાંત વખતે હું એમની બાજુમાં હતી એટલું જ મારું સદ્ભાગ્ય. પરંતુ એક વાત મને સતત સતાવે છે કે હું, મારો નાનો ભાઈ કે મમ્મી પપ્પાજીને બચાવી ન શક્યા. કાશ, હું થોડી મોટી હોત તો કદાચ કંઈક કરી શકત એવો વિચાર મનમાં સતત આવ્યા કરે છે.

કહે છે ને કે મૃત્યુ સામે કોઈનું ચાલતું નથી. ત્યારે હું અને નાનો ભાઈ મમ્મીને પૂછતા કે પપ્પા કેમ ભગવાન પાસે જતા રહ્યા, ત્યારે મમ્મી કહેતી, 'જે સારા માણસો હોય એમને ભગવાન જલ્દી પોતાની પાસે બોલાવી લે છે.'

પૂજ્ય પપ્પાના સ્વર્ગવાસ પહેલા બે દિવસે હું, સ્નેહલ, મમ્મી અને પપ્પા પાલીતાણા જાત્રા કરવા ગયા હતા. રસ્તામાં સ્તવન, ભક્તિ, ધર્મની વાતો કરતાં જાય અને અમને હસાવતા જાય એ સફર તો મારાં જીવનનું અંતિમ અને એકમાત્ર પપ્પાજી સાથેનું સુખદ સંભારણું રહી ગયું છે.

બીજા દિવસે રાત્રે અમે ચારે અગાશીમાં વાતો કરતાં હતાં. પપ્પાજી અમને રમાડતા હતા અને સાથે સાથે ધર્મની વાતો અમને સમજાવતા હતા. એકાએક પપ્પાજીને પેટમાં દુઃખવા લાગ્યું. મમ્મીને થયું ગેસ છે એટલે દવાઓ આપી, પરંતુ થોડીવારમાં દુઃખાવો વધી ગયો.  ઘરની સામે રહેતા ડોક્ટરને બોલાવ્યા. એમણે પણ દવા આપી અને કહ્યું કે હમણાં મટી જશે.



અમે નીચે આવ્યા, પપ્પાજીને બાથરૂમ જવું હતું મમ્મી તેમની સાથે હતા. થોડા આગળ વધ્યા ને મમ્મીના ખભા પર માથું ઢાળી દીધું. મમ્મીની એ ચીસ આજે પણ મારા કાનમાં ગૂંજે છે. પપ્પાજીને સુવડાવ્યા, જાણે ઊંઘી ગયા હોય તેવું લાગતું હતું. પછી તો ફોનના ચકરડા ઘૂમવા લાગ્યા. હું અને મારો ભાઈ સ્નેહલ આભા બની ગયા. શું બન્યું અને શું થઈ રહ્યું છે તેની અમને કાંઈ ખબર જ પડતી નહોતી. અમને એટલી પણ સમજણ ન હતી કે હમણાં રમત અધૂરી મૂકીને નીચે આવેલા પપ્પાજી હવે ક્યારેય અમારી સાથે રમવાના જ નથી!

મમ્મીનું આક્રંદ અને ઘરમાં પેઢીના અને આજુબાજુના માણસોની અવરજવર છતાં હું અને સ્નેહલ જાણે એકબાજુ ખૂણામાં એકલા પડી ગયા હતા. એ રાતનું દૃશ્ય વર્ણવવા આજે પણ હું સક્ષમ નથી. મને અને સ્નેહલને તો ખબર પણ નહોતી કે પપ્પાજીએ કાયમી વિદાય લઈ લીધી છે. મારી મોટી ત્રણેય બહેનો ત્યારે અમદાવાદમાં હતી અને ભાઈ કેતન આબુમાં હતો.

પૂજ્ય પપ્પાની વિદાય અમારા માટે સહન કરવી ખૂબ જ અસહ્ય હતી, પણ મારી મમ્મી માટે તો ખૂબ જ વધારે. અમારી બધી જ જવાબદારી મારી મમ્મી અને મોટી બહેન જયશ્રી પર હતી. અમને છ ભાઈ–બહેનોને મોટા કરવાં, અમદાવાદમાં ભણાવવા આ બધું જ ખૂબ જ કપરું કામ હતું. પણ કુદરતી મારી મમ્મીમાં દૈવીશક્તિ હશે કે કેમ આટલાં વર્ષો પસાર થઈ ગયા અને બધાં જ ભાઈ – બહેન સુવ્યવસ્થિત સાંસારિક જીવનમાં ગોઠવાઈગયા. જો કે મા, મોટી બહેનો અને ભાઈના સહકાર વગર આ બધું સહેલું નહોતું.

પૂજ્ય પપ્પાજીના સંસ્કારનો દીપ અમે પ્રજ્વલિત રાખીએ, જેટલું જીવીએ એ સારૂં જીવીએ, સત્કાર્ય કરીએ, ધર્મ ભાવનામાં તથા સાધુ–સાધ્વીજીની સેવામાં પસાર કરીએ એ જ પ્રભુ પાસે મંગલમય પ્રાર્થના.

**पिता सखा, पिता गुरुवर पिता शिल्पी, पिता माली**
**पिता ही जीवन - दाता, संतानो का दोष निवारक,**
**उनके जीवन को घडनेवाला, पिता ही भाग्य - विधाता ।**

**ચેતના સાગરભાઈ શાહ**

## સહજતાના સવ્યસાચી

ઈ.સ. ૧૯૮૭માં ૧૯ ફેબ્રુઆરીના જયશ્રી સાથે લગ્નગ્રંથિથી જોડાયા બાદ જીવનમાં એક નવું પરિમાણ ઉમેરાયું. લગ્ન એ બે વ્યક્તિ નહીં પરંતુ બે કુટુંબને જોડે છે, એ અનુસંધાને બગડીયા પરિવારમાં મારું પોતાપણું જોડાયું. વારંવાર, પ્રસંગોપાત અને પ્રસંગો વગર પણ હળવા-મળવાનું થવા લાગ્યું. આ બધી પળોમાં શરૂઆત થી લઇ આજ સુધી જો કાંઇ સૌથી વધુ તીવ્રતાથી અનુભવાયુ હોય તો તે છે સ્વ. પૂ. પપ્પાજીની હાજરી.

કોઇ વ્યક્તિ સ્થૂળ દેહે હાજર ન રહીને પણ સૂક્ષ્મરૂપે આટલી બધી તીવ્રતાથી પણ અનુભવી શકાય આ સત્ય મેં અનુભવ્યું છે. જયારે પણ મળીએ, જયાં પણ મળીએ તેમનાં વ્યક્તિત્વની સુગંધ હોય જ.

તેમનો જીવન પ્રત્યેનો અભિગમ જ તેમના ગુણરૂપી રથનો સારથિ હતો.

તેઓ બધાં જ માનવીય ગુણોને ખૂબ જ 'સહજતાથી' જીવ્યા છે. It was effortless for him...

અને એમની આ સહજતાએ જ મને સૌથી વધુ અભિભૂત કર્યો છે.

કહેવાય છે કે ધર્મ અને વ્યવહાર, એક સિક્કાની બે બાજુઓ છે, તે ઉક્તિને સાર્થક કરતું તેમનું જીવન હતું.

વસ્તુ, વિચાર કે વ્યક્તિના ઊંડાણમાં જઇ સહજતાથી સત્વને પામવું – આ એમનો સ્વભાવ.

જીવમાત્રને તેની ઉજળી અને આગવી બાજુથી જોવી અને તેની અન્ય બાબતો સ્વવિવેક પર છોડવી એવો તેમનો હકારાત્મક અભિગમ.

આને કારણે તેઓ બંને સત્યને જીવ્યા અને પોતાનાં અનુભવનું અમૃત બીજાને પણ પીવડાવ્યું.

તેમનામાં મેં આઠ ગુણો ખાસ અનુભવ્યા.

- કર્મણ્યભિરતમ્ – કર્મનિષ્ઠા
- ગર્વરહિતમ્ – ગર્વરહિતતા અને સાલસતા
- અતુચ્છમ્ – કોઈનેય તુચ્છ ન ગણવું
- ધર્મસંયુક્તમ્ – ધર્મયુક્ત આચરણ કરવું
- નિપુણમ્ – કાર્યને પૂર્ણ કુશળતાથી કરવું
- સ્તોકમ્ – થોડાકથી ચલાવી લેવું
- પૂર્વ સંકલિતમ્ – પૂર્વની પુણ્યાઈમાં વૃદ્ધિ કરવી
- મધુરમ્ – વિચાર, વાણી અને વર્તનમાં માધુર્ય.

આવાં વિશાળ, વ્યાપક અને પરિપક્વ દષ્ટિવાળા પૂ. પપ્પાજીને ટૂંકમાં પૂજન–અર્ચન કરુ તો,....

**સાદું જીવન ને સાદી વાણી, લેશ નહીં ખટપટ.**
**પ્રમાણિકપણે વ્યવહાર કીધો, ખોટો પૈસો એક ન લીધો.**
**દુ:ખીને દેખી દિલ રડે એનું, સહેવાય નહીં લવલેશ.**
**દેણદારનું ખત ફાડીને ટાળ્યો એનો બધો ક્લેશ.**

તેઓ સત્વરે તેમનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરી જ લેશે તેમાં કોઈ સંશય નથી.

તેમના ગુણોથી આકર્ષિત થઇ, અભિભૂત થઇ અટકી ન જતાં, આ બધાં ગુણો મારાં જીવનમાં પણ અવતરે અને હું પણ આ બધાં ગુણોથી જીવું એટલું જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થું છું, અને માંગું છું.

**ડૉ. સંજય મનુભાઇ શાહ**

## જેણે આપને જોયા હશે તે ધન્ય છે !

પ્રબળ પુણ્યોદયે બગડીયા પરિવારનો હિસ્સો બની પરંતુ ઘણાં જ અલ્પ પુણ્યે પૂ. પપ્પાજીના પ્યાર–દુલાર– આશીર્વાદથી વંચિત રહી.

ઉપાશ્રયે દર્શનાર્થે જઇએ ત્યારે પ્રાયઃ દરેક પૂ. સંત–સતીજીઓ પૂ. પપ્પાજીના ગુણોની પ્રશંસા કરી તેમને અચૂક યાદ કરે જ. ઘરમાં પણ અવાર–નવાર પપ્પાજીની પરોક્ષ હાજરી અનુભવાય. રાત્રિભક્તિની વાતો સાંભળીને થાય કે કાશ ! મેં પણ આ ભક્તિની ભીનાશ માણી હોત તો !

મારા બંને બાળકો પણ પૂ. દાદાજીની વાતો સાંભળીને મને કહે છે, ‘‘મમ્મી ! દાદાજી કેટલાં generous and grate હતા.

આટલા વર્ષો પછી પણ પૂ. પપ્પાજી દરેકના દિલમાં દીવો પ્રગટાવી રહ્યા છે જાણે તેમને ખબર જ હશે કે,

**‘‘અમે તો જઇશું અહીંથી પણ આ અમે ઊડાડયો ગુલાલ રહેશે,**
**ખબર નથી શું કરી ગયા પણ કરી ગયા તે કમાલ રહેશે.’’**

On listening to his life and living we really feel very proud that we are part of his family.

It is our badluck that we aren't able to recieve his love and affection.

For the children it is a very big blow as "grand fathers" have a powerful and lasting influences on their grand children.

Grand children are good observers and they can learn lessons from watching their grand father go through life with a sense of humour, dignity, hard work and generocity but it was our children's bad luck to miss him. A small poem dedicated to their beloved grand father by his grand children and daughter in laws.

Everyday we wonder why,

That you were taken high up to the sky, And we didn't get a chance to say goodbye, we are sorry,

There are so many things we want to say, That everynight we sit and pray.

Hoping you can hear us say,

We miss you and we love you.

There's so much hurt we feel inside.

And in nobody we can confide,

But we know you are watching over us,

Up above where the angles lie.

You're in our hearts,

And their you'll stay,

And be remembered every day,

Forever we will think of you and

miss you.

અ.સૌ. બીના કેતનકુમાર બગડીયા

# જેણે ત્યાગીને ભોગવી જાણ્યું...

લીધા કરતાં વધુ પાછું વાળવું અને જરૂરિયાતવાળાને ગમે તેમ કરીને મદદ કરવી તેવો તેનો મૂળથી જ સ્વભાવ.

મેં પંદરેક વર્ષની ઉંમરે દામનગર છોડ્યું, તે પહેલાં અને લગ્ન પછીના પાંચેક વર્ષમાં પિયર જતાં, જે કાંઈ સાથે રહ્યા તે મારી સાથેનો તેનો પ્રત્યક્ષ પરિચય. તે સિવાય મારા પૂજ્ય માતા–પિતા તથા પૂજ્ય બા સાથે તેઓ દામનગર રહ્યા તે તેમનો પરોક્ષ પરિચય.

નાનપણમાં તેમના મિત્રો તથા પિતરાઈ ભાઈઓને પોતાના ભાણામાંથી સારું સારું આપી દેવાની તેમની ટેવ. પૂજ્ય બા, પીરસતી વખતે ગરમ રોટલી તો સૌથી પહેલા જયંતિકાકાના જ ભાણામાં મૂકવાના હોય, પણ હજુ તો બા પાછા વળે એટલામાં તો રોટલી બીજાને અપાઈ ગઈ હોય. તેવું જ નવા બૂટ તથા નવા કપડામાં પણ થતું.

ગામમાં સઈ, સુથાર, વાળંદ, બેંકના ક્લાર્ક, દુકાનના કર્મચારીઓ કે ઘરકામ કરતા લોકો સાથે ખૂબ લાગણી – દયાનો ભાવ. અન્યને દઈને ખુશ થવાની આદત અને પૈસા કરતા સારપની જ વધારે મહત્તા. આદર્શોના ભોગે પૈસો મેળવી લેવાની ક્યારેય ભાવના નહિ જ. સંત સમાગમ, વૈયાવચ્ચ – ગોચરીનો લાભ, ભજનો – સ્તવનો ગાવાની, સત્સંગીઓને શાતા પમાડવાની તેની સહજ આવડતને તો હજુ સુધી સંત – સતીજીઓ પણ યાદ કરે છે.

ક્યારેક ક્યાંય છેતરાયા તો કહે કે, 'હવે એટલામાં શું થઈ ગયું? દેવલોકના દેવોની ટીલડીની કિંમત પણ આ સમગ્ર વૈભવ કરતાં વધુ હોય છે.' આવું આવું બોલીને છેતરાયાનો ખેદ હળવો કરીને જતું કરતા.

તેમને કાંઈક આ દેવોના વૈભવ વહેલા મેળવી લેવા હતા કે શું? અઠ્યાવીસ વર્ષ થવા આવ્યા તેમની વિદાયને, પણ લખવા બેઠી તો જાણે હમણાંની જ વાત હોય તેવું લાગે છે.

અમે તેમના સરળતા, સત્સંગ અને જતું કરવાના સ્વભાવને વધુને વધુ અપનાવીએ તે જ તેમને સાચી શ્રદ્ધાંજલિ.

સ્વ. જયંતિકાકાનો આત્મા જ્યાં હોય ત્યાં પણ બધાને સાત્વિક આનંદ આપતો જ હશે.

તેઓ પરમસુખ મેળવે તે જ પ્રભુને પ્રાર્થના.

**પદમા મનોજ લાખાણી**

## **સંયમ પંથના અનુરાગી**

**'આદમી મુસાફિર હૈ, આતા હૈ જાતા હૈ;**
**આતે-જાતે રસ્તે પેં, યાદેં છોડ જાતા હૈ.'**

પૂજ્ય જયંતિકાકા ઘણી જ યાદો વાગોળવા માટે છોડી ગયા છે.

**'ઝુમતી ચલી હવા, યાદ આ ગયા કોઈ;**
**બુઝતી બુઝતી યાદ કો, ફિર જગા ગયા કોઈ.'**

અંતરના દ્વારેથી ઊંડાણપૂર્વક ડોકિયું કરીએ ત્યારે દરેક જીવને સન્માન આપનાર કરૂણાભાવી, દયાવાન આ શરીરરૂપી દેવળને છોડી જનાર જયંતિકાકાની જ યાદ આવે.



**'કોનાથી બગાડું રે હું નહિ રે બગાડું,**
**મારે જીવવું થોડું ને હું કોનાથી બગાડું.'**

આ ગીતને વારંવાર દોહરાવનાર તેઓ સર્વ જીવોના મિત્ર હતા અને એ જાણે જાણતા જ હશે કે મારે થોડું જીવવાનું છે એમ એના ટૂંકા જીવનમાં દરેકના દિલમાં મીઠી મધુર યાદો છોડી ગયા.

પૂજ્ય જગજીવનદાદાની ઉદારતાનો વારસો પિતાશ્રી કાંતિભાઈએ સંભાળેલ, એ બંનેનો વારસો પૂજ્ય જયંતિકાકામાં મેં જાતે અનુભવેલ છે.

મને યાદ છે એ પ્રસંગ દાદાજી જરૂરિયાતમંદને ત્યાં કોઈને જાણ થયા વગર અનાજ તથા ઘી ઘરે પહોંચાડતા તે જ રીતે જયંતિકાકા પણ ઉદાર હાથે ગરીબોને મદદ કરતા. આ બાબત તેમનામાં રહેલી દયા અને કરૂણાની ઝાંખી કરાવે છે.

અમે સંયુક્ત પરિવારમાં રહેતા હતા. વેપારીઓ તથા ઉપાશ્રયના મહેમાનો ઘરે જમવા પધારતાં. જયંતિકાકાને રીંગણાનું શાક બહુ પ્રિય હતું. તેમને લાગતું કે આજે જમવાવાળા વધારે છે અને શાક ઘરના માટે ઘટશે તો કહેતા કે આજે મને શાકની ઈચ્છા નથી. મને

મજા નથી. આ જ બાબત તેમની ઉમદા કુટુંબભાવના દર્શાવે છે.

આ વ્યક્તિ દીક્ષા લે છે?.. ઓ... હો... હો... હો... તેમના માટે તન, મન અને ધન ખર્ચી નાખતા અને દીક્ષાર્થીઓનું અહોભાવથી ખરા અંતઃકરણપૂર્વક સન્માન કરતાં. તેમના ખીસ્સામાં, પેઢીમાં બદામની પૂરી. દીક્ષાર્થીઓ માટે અને સાધુ – સાધ્વીજીઓને વહોરાવવા માટે કાયમ રહેતી. આ જ બાબત જૈન ધર્મ પ્રત્યેની તેમની અડગ શ્રધ્ધા અને ભાવના દર્શાવે છે.

પોતાનામાં કરકસર કરીને લોકોની દુઆ લેતા. આ વડિલોનો વારસો આપણા પરિવારમાં જળવાઈ રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

પૂજ્ય જયંતિકાકા વિશે લખીએ તેટલું ઓછું છે. પ્રિયજનની યાદ તો હંમેશા હ્દયમાં જ સમાયેલી હોય છે. તેના વિશે બધું લખી નથી શકાતું. પરંતુ વારંવાર પ્રસંગે – પ્રસંગે તેમનો પ્રેમાળ ચહેરો અને સુકૃત્યો યાદ આવી જાય છે.

હું હંમેશા મારા સંતાનો જુલી અને હર્ષલ તથા પતિ કિશોર સાથે કાકામાં રહેલી ઉદારતા, કુટુંબ ભાવના, ધર્મભાવના અને તેનામાં રહેલા સદ્દ્ગુણોને યાદ કરી વાગોળતી હોઉં છું.



**સ્મિતા કિશોરભાઇ દોશી**

## My Gracious Nanaji

The name brings a feeling of excitement for knowing more about such a great Person whom I have never seen, never met but just felt. I have been brought up listening to the great works of jayanti Dada and how beautifully he lived his life. It is an honour to be a grandson of such a person who led his entire life in service of humanity. His way of leading life and his contribution to the society has taught me excellent moral lessons of living a happy and a contended life. Although the influence of his life has just come through chats with my mother, but still the heart is desperate to follow his principles of life in order to give tribute to such a great human who did beautiful things in his own kind way.

It is said good people die early. Jayanti dada has proved this by leading a wonderful yet contended life in his short span on this Earth and has left many things for the society to learn and cherish about.



*You Have Gone...*
*To Where Earth Turns into Heaven*
*And A Golden Paradise You Did Find*
*Although We Are Happy*
*For Your Peacefulness.*
*You Are Missed By Those You Left Behind*
*We share Grief, Disbelief And Sorrow*
*Wondering "How Can This Be ?"*
*Yet, We Are Thankful for The Memories*
*That Will Sustain Us For An Eternity*

***In Loving Memory of Nanaji***

**દ્યુમન સંજય શાહ**

# 'સંત-સતીજીઓની ગુણાંજલિ'

## યોગભ્રષ્ટ સાધક

આદર્શજીવી શ્રી જયંતિભાઈ

**स जातो एन जातेन्, याति कुल समुन्नतिम् ।**

**परिवर्तीनी संसारे, मृतको वा न जायते ।।**

અર્થાત્ આ પરિવર્તનશીલ જગતમાં કોણ જન્મતું નથી? અને મરતું નથી? પરંતુ તે જ જન્મેલો કહેવાય છે કે જેના જન્મથી દેશ, કુળ અને પોતાના પરિવારની ચઢતી અને ઉન્નતિ થાય છે. તે ઋષિની સુક્તિ મુજબ દામનગરમાં ધર્મ અને ધનથી સમૃધ્ધશાળી બગડીયા પરિવારમાં શ્રી જગજીવનભાઈ રતનશી બગડીયાના ચાર પુત્રો પૈકી કોઈ યોગભ્રષ્ટ આત્મા જેવા શ્રી જયંતિભાઈ એક આદર્શવાદી અને કુળદિપક કહી શકાય એવા જીવ હતા. ઉપરોક્ત લખવા મુજબ જયંતિભાઈ કોઈ યોગભ્રષ્ટ આત્મા કે સાધકના સમુદાયમાંથી છુટા પડેલા જીવ હશે. ગીતામાં કહેવાયું છે, 'સુચિમતાં શ્રીમતામ્ ગૃહે યોગભ્રષ્ટો ડભિજાયતે્' તે મુજબ જયંતિભાઈ આ બગડીયા પરિવારમાં કોઈ ઉચ્ચ કોટિનો આત્મા હશે.



અવારનવાર બોટાદ સંપ્રદાયના ક્ષેત્રના નાતે શેષકાળ – ચાતુર્માસ માટે દામનગર જવાનું બનતું હતું. તેમાં શ્રી જગજીવનભાઈ બગડીયા સંઘના આગેવાન અને ધર્મ પ્રત્યેની રૂચિવાળા પરિવારમાં વધારે સંપર્ક રહેતો હતો. જયંતિભાઈ વેપારમાં વ્યસ્ત હોવા છતાં ધર્મક્રિયા અને સાધુસંતના સમાગમમાં ખૂબ જ રહેતા હતા. જૈનવાડી અને ઉપાશ્રય સામે તેમની મોટી પેઢી હતી. બાજુમાં દેનાબેંક પણ હતી. જયંતિભાઈ જ્યારે વેપાર વ્યવસ્થામાંથી ફ્રી થાય કે તુરંત જ ઉપાશ્રય વાડીમાં અમારી પાસે આવી મુહપતિ બાંધી ધર્મચર્ચા અને કંઈક વ્યવહારની વાતો કરી બેંકના કર્મચારીઓ અને વેપારીઓને પણ અમારો સમાગમ કરાવતા.

પોતે નિર્લેપ રહી ધર્મચર્ચામાંથી સારભૂત ઉપદેશ વાક્યો ગ્રહણ કરી લે, તેમનું ચિંતન – મનન કર્યા કરે. 'જુઓ, મહારાજશ્રી સંસારમાં રહીને પણ નિર્દોષ, નિર્લેપ જીવન જીવવાનો એવો ઉપદેશ આપે છે કે આપણે બધાં સંસારનો બોજ લઈ ફરીએ છીએ અને મોટાઈમાં કર્મના બંધ પાડી મરીએ છીએ. બંને આંખો કાયમને માટે બંધ થઈ જાય ત્યાર પછી શું?' આમ દરેકને પોતાના મનોમન, મનમાંથી નીકળેલ શબ્દો સંભળાવી પોતે શાંત રહેતા હતા. વિનય, ભક્તિ અને સાદાઈથી ભર્યું ભર્યું તેમનું એક અનોખું જીવન હતું. વડીલોનો વિનય અને મર્યાદા સારી રીતે સાચવતા હતા. '**किं बहुना**'

તેઓના જીવનમાં ઘણી ઉદારતા અને દુઃખી જીવો પ્રત્યે લાગણી પ્રધાનતાવાળું જીવન હતું.

એક વખત મારી સાથે ગોચરી જતાં બજારમાં ભેગા થઈ ગયાં. 'પધારો, ઘરે લાભ આપો' ટૂંકા શબ્દમાં ઘણી અંતરની ભાવના હતી અને સાથે ચાલવા લાગ્યા. બજારના જૂના ઉપાશ્રય પાસે પહોંચતા કેરીની સીઝન ચાલુ હતી. એક શ્રમજીવી ગરીબ બાઈ પોતાના પાંચ–સાત વર્ષના છોકરાને સાથે લઈ ચાલતી હતી. બાળકનો સ્વભાવ છે, એમાં સીઝનની અમૃતફળ જેવી કેરીઓ બજારમાં અને લારીમાં જોતા પોતાની માતાને કેરીઓ તરફ હાથ લંબાવી આજીજી કરી. 'બા, મને કેરી અપાવ.' શ્રમજીવી ગરીબ બાઈની પોતાની પરિસ્થિતિ કેરી લઈ શકે તેવી નહોતી. એટલે ગુસ્સામાં બાળકને મારવા લાગી. 'મારાં રોયાં રોટલા ખાવાના સાંસાં છે! અને તારે કેરી ખાવી છે? મારે પેટ ક્યાંથી પડયો? કોઈ સારા ઘરે જન્મ લેવો તો ને'. આ દૃશ્ય મેં જોયું, શબ્દો સાંભળ્યા. હું તો જૈન સાધુ, પરંતુ શ્રી જયંતિભાઈ આ કરૂણ દૃશ્ય અને પેલી શ્રમજીવી ગરીબ બાઈના શબ્દો સાંભળી મારાથી છૂટા પડી એ લારીવાળાની પાસે જઈ પેલી બાઈ અને માર ખાતાં છોકરાને ઊભા રાખી કેરીવાળાને કહ્યું, 'આ બહેનને અઢી શેર કેરી આપી દે. હું પૈસા આપી દઈશ'. મેં દૂરથી આ દૃશ્ય જોયું. **અરે! ઓ હો સંસારી અને સાચા શ્રાવકો દુઃખિયાના દુઃખ અને દર્દ જોઈ તેના દુઃખ દૂર કરવા કેવાં વ્યવહારું બને છે?** આવાં તો અનેક પ્રસંગો તેમના જીવનમાં મેં અનુભવ્યા છે.

તેમના સ્વર્ગવાસ થયા પછી અમો લાઠીમાં હતા ત્યારે બગડીયા પરિવાર પૈકી બા.બ્ર. શ્રાવિકા નિર્મળાબહેન, શ્રી ભોગીભાઈ વગેરેની આગ્રહભરી ગદ્ગદ્િત કંઠે કરાયેલી વિનંતીને માન આપી લાઠીનો શેષકાળ પૂરો થતાં દામનગર સ્વ. શ્રી જયંતિભાઈની શ્રધ્ધાંજલિ પ્રસંગે હાજરી આપવાનું બન્યું. ગુણાનુવાદ સભામાં પરિવારના તેમજ જૈન–જૈનેતર ભાઈ બહેનો ગદ્ગદ્િત કંઠે ગુણોની ગરિમા ગાતા હતા. ઘણાં પટેલ ભાઈઓ પણ ઉદાર અને સંકટ સમયની સાંકળ ખેંચનાર જયંતિભાઈના ગુણાનુવાદ ગાતાં રડતાં હતાં.

વ્યાપાર – વ્યવહારમાં કુશળ ધાર્મિક હૃદયી શ્રી ભોગીભાઈ પણ કહેતા હતા કે 'અમારો આ નાનો ભાઈ જયંતિભાઈ તો કુળદીપક અને જીવન જીવવાના અરીસા સમાન હતા. તેમણે અનેક ગુપ્તદાન આપી અનેક દુઃખિયાના આંસૂ લૂંછેલા છે. કેટલાક કદરદાન વેપારીઓ, ખેડૂતો અને મજૂરો અમારી પાસે આવી શ્રી જયંતિભાઈએ આપેલા રાહતરૂપે કે ઉછીના આપેલા નાણાં પરત આપતા.' જયંતિભાઈને યાદ કરી રડતાં હતાં. આમ, જલતી જયોત સમાન શ્રી જયંતિભાઈના વિરહથી અમને ઘણું દુઃખ અને મહાન ખોટ પડી છે. પરંતુ તેમની ઉદારતા, સજ્જનતા અને સદ્ગુણની સૌરભવંતી અગરબત્તી જલતી રહી છે, તેમ અમે અનુભવીએ છીએ.

**‘જાનાર તો જાતાં રહ્યા, સદ્‌ગુણ તેનાં સાંભરે.’**

અમારાં સાધુ જીવનમાં પણ વિનય અને ભક્તિસભર હૃદયે ઘણો જ સહકાર આપતાં હતાં.

મારાં વડીલ રત્નાધિક શ્રી નવીનચંદ્રજી મહારાજને અનેક સંતો અને ગ્રંથોનો પરિચય હતો. એકવાર ભોળાભાવે તેઓશ્રીએ એ વખતના ચર્ચાસ્પદ અને મહાન વક્તા આચાર્યશ્રી રજનીશજીને એક પોસ્ટકાર્ડ લખી ઢસા જંકશન તેમનો આવાગમન અને પ્રોગ્રામ રાખવા આમંત્રણ આપી તે પી.સી. લખી, શ્રી જયંતિભાઈને પોસ્ટ કરવા આપ્યું. મારા પ્રત્યે ભક્તિ હોવાથી શ્રી જયંતિભાઈએ મને પોસ્ટકાર્ડ વંચાવ્યું અને ઉમેર્યું કે ‘આ પ્રોગ્રામ માટે મહારાજશ્રીએ આમંત્રણ આપી રજનીશજીને બોલાવ્યા છે એ આપણાં માટે સારું નથી. પણ હું તો મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે પી.સી. પોસ્ટ કરી દઉં છું.’ આપનું શું મંતવ્ય છે ? મેં એ પોસ્ટ ન કરવું એમ કહ્યું. પરંતુ તેમણે કહ્યું, ‘શ્રી મોટા મહારાજની ભાવના અને આજ્ઞા મુજબ મારે તે પોસ્ટ કરવું જ પડે’ અને તે પોસ્ટ થઈ ગયું.

રાતના પ્રતિક્રમણ પછી ચર્ચાના અંતે મેં કહ્યું, જયંતિભાઈ! પૂજ્ય ભૈયા નવીનચંદ્રજી મ.સા. ભોળપણમાં ખેંચાઈ જાય છે પરંતુ પછી તેઓ ખૂબ જ માનસિક પીડા અનુભવે છે અને પછી મને ખૂબ જ કરગરતાં કહે છે, ‘અમી, હવે આનું શું કરવું?’ મારાં આવાં ઘણાં અનુભવો હોવાથી મેં જયંતિભાઈને કહ્યું, ‘તમે મોટા વેપારી અને બધાની સાથે લાગવગ હોવાથી કાયદાકીય રીતે જો વાંધો ન હોય તો સવારે પોસ્ટમેન ટપાલ બહાર કાઢે ત્યારે આપણું પી.સી. લઈ ફાડી નાખવાનું છે.’ અને તેમ જ થયું.

ભવિષ્યની સામાજિક ખટપટ અને ચર્ચાસ્પદ પ્રસંગનો અંત આવી ગયો. આવી તો ઘણી બાબતોમાં શ્રી જયંતિભાઈ અમારા અંગત શ્રાવક અને સલાહકાર જેવા હતાં. મહાપુરુષોના ગુણનો કોઈ પાર હોતો નથી.

તેમની સુપુત્રી જયશ્રીનો પત્ર મળતાં તેમનાં સંપર્કમાં આવ્યા હોઈ તેમના સુમધુરા સ્મરણો લખી મોકલાવેલ છે. સાધુ જીવનની મર્યાદા પ્રમાણે થોડું લખાયેલ છે. ઓછું અધિક હોય તો ‘મિચ્છામિ દુક્કડમ્’.

**બોટાદ સંપ્રદાયના યશસ્વી, શાસનપ્રભાવક, સદૈવ વંદનીય**
**બ્રા.બ્ર. પરમ પૂજ્યશ્રી અમીગુરુ**

# પૂર્ણતા પ્રતિ પ્રયાણ હો !..... દિવ્યાંજલિ

પંચમ કાળમાં કલ્પવૃક્ષ સમા, સ્વનામ ધન્ય, ભદ્રપરિણામી, શ્રાવકવર્ય, સદ્‌ગુણ સંપન્ન, શ્રી જયંતિભાઇ જગજીવનદાસ બગડીયાનું પ્રેરણાસ્પદ વિરલ વ્યક્તિત્વ ::

કાઠિયાવાડના કોહિનૂર સમા, શ્રદ્ધામાં શૂરવીર દામનગર સ્થિત બગડીયા પરિવારનું નામ અને શ્રાવક શિરોમણી, આર્હત ધર્મોપાસક, શ્રાદ્ધવર્ય શ્રીમાન્ જગજીવનદાસ રતનશી બગડીયાની જીવનશૈલીથી ત્યાગીવર્ગ પ્રભાવિત હતો.

સહધર્મચારિણી, સરલમના સુશ્રાવિકા જેકુંવરબેન એટલે સમર્પણતા, સહનશીલતા અને સજાગતાની સરવાણી.

આવા પૂજનીય- વંદનીય માવતરના ખાનદાન ખોરડે જન્મીને જીવનને ધન્ય નહિ ધન્યાતિધન્ય બનાવનાર શ્રી જયંતિભાઇ બગડીયાનો પરિચય દીક્ષા પૂર્વે ઈ.સ. ૧૯૮૧માં દામનગરમાં ચાતુર્માસ બિરાજીત આધ્યાત્મયોગિની પારસમૈયા પૂ. રંભાબાઇ મહાસતીજીના સુશિષ્યા વિદુષી સાધ્વી રત્ના (માતા-પુત્રી) પૂ. અનસૂયાબાઇ મ.સ. અને પૂ. જ્યોત્સ્નાબાઇ મ.સ.ના દર્શનાર્થે જવાનું થયેલ ત્યારે થયો.

જોગાનુજોગ સને ૧૯૮૨માં ૧૫ ફેબ્રુઆરીના રોજ પરમોપકારી પિતાશ્રી પૂજ્યપાદ પ્રેમમુનિ મ.સા.ની ૮૦ વર્ષે અને મારી ૨૪માં વર્ષે ઉપલેટામાં દીક્ષા થયા બાદ પ્રથમ જ ચાતુર્માસ અને તે પણ પાંચ મહિનાનું, યથાનામ તથા ગુણને સાર્થક કરનારા પૂજ્ય મહાત્મા જયંતમુનિજી મ.સા.ની નિશ્રામાં દામનગર થયેલ.

ઈ.સ. ૧૯૮૨ના પ્રથમ ચાતુર્માસથી જેમનો પરિચય ગાઢ બન્યો હતો તે પ્રવચન સાંભળતા શ્રી જયંતિભાઈની જિનવાણી પ્રતિ અતૂટ શ્રદ્ધા-પ્રેમ અને વિશ્વાસ જાણે કે વાણી-વર્તનમાં એવા રંગાઇ ગયા, તેમનો અહોભાવ અને ઉલ્લાસ જોઇને પ્રશ્ન થાય કે આમ કેમ ? ત્યારે પૂ. મહાત્માજી મ.સા. સમાધાન આપે કે જયંતિભાઇને ભગવાનના સંતો ગમી ગયા. ત્યાગ આત્માને સ્પર્શી ગયો, આત્માની હળુકર્મીતા જાગી ગઇ અને ઉપાદાનની તૈયારીએ ઉત્તમ નિમિત્ત સામેથી મળી ગયું.

સંયમી જીવો પ્રત્યેનો તેમનો આદર હૃદયના ઊંડાણ અને ભાવોના ગાઢ સ્પર્શવાળો હતો. સંયમ જીવન તરફ પ્રયાણ કરવાં ઈચ્છતા સાધક જીવો પ્રત્યેનું તેમનું વાત્સલ્ય અને પ્રેમ ધર્મ પ્રત્યેના અગાધ સન્માનને દર્શાવનાર હોવા સાથે અંત : કરણનો સ્પર્શ કરાવનાર હતો.

પરિવાર પ્રત્યેનો તેનો નિર્મળ પ્રેમ, વડીલો તરફનો ઊંડો આદર, સ્વજનો તરફનો અનર્ગળ સ્નેહ મોહની ચીકાશથી ચીકણો નહીં, પણ પ્રેમલજ્યોત જેવો પાવન પ્રવાહ હતો. ધર્મનો સ્પર્શ માત્ર ક્રિયાત્મક કે અનુષ્ઠાનજન્ય જ નહિં; પરંતુ શ્રાવકના ત્રણ મનોરથના સંવેગ–નિર્વેદના કેન્દ્ર ને છોડ્યા વિનાના ઔદાસીન પૂર્વક સંસારવહનની જવાબદારી સંભાળતો હતો. દિનચર્યામાં ઘર પરિવાર, વ્યાપાર બધામાં જોડાવા છતાં પણ સ્વાધ્યાય વાંચન, સ્વજનો સાથે ધર્મચર્ચા, સંત–સતીજી પાસે વાંચના, પૃચ્છના આ બધું અવશ્ય તેમાં સંમિલિત હતું.

ધર્મપત્ની અને સંતાનો પ્રત્યેના પ્રેમમાં અપેક્ષા એ જ ડોકાયા કરતી હતી કે પત્ની ખરાં અર્થમાં સહ ધર્મચારિણી હોય અને સંતાનો મહાવીરના માર્ગને અનુસરતા હોય ! સંયમના માર્ગે જનાર વૈરાગીઓ આંગણે આવે ત્યારે તેનું હૃદય ગદ્‌ગદ્દિત બનતું અને સર્વ પ્રકારે સેવા વૈયાવચ્ચ કરી ધન્યતા અનુભવતું હતું.



ભદ્ર પ્રકૃતિ અને સરલ સ્વભાવથી સૌના હૃદયમાં સ્થાન મેળવનાર જયંતિભાઈની ઉદારતા, કરુણાવૃત્તિ, પરોપકારવૃત્તિ અને ઉપયોગી બનવાની સાહજિકતાથી તેણે સૌના હૃદયમાં અનોખું સ્થાન મેળવ્યું હતું.

જેમ કુશળ શિલ્પી તેની કલાકૃતિના એક–એક અંગને ઘડતી વખતે તેની કળાને સાવધાની અને સમજદારી પૂર્વક જો પ્રયોજે તો કલાકૃતિ શ્રેષ્ઠ બને, એમ જયંતિભાઈની જીવનકૃતિ એની એક–એક અંગની સૂઝ–બૂઝ પૂર્વકની સંકલનાને અભિવ્યક્ત કરતી હતી.

ઉગતાં સૂર્ય જેવું જાજવલ્યમાન જેનું જીવન, ખુમારીભર્યો સૌમ્ય જેનો ચહેરો, પવિત્ર જેની પ્રજ્ઞા તથા ચારિત્રના ચાહક અને ગુણોના વાહક ઉપરાંત ભક્તિ–રસમાં સ્નાન કરી હળવું બનેલું હૃદય આવું એક વિરલ વ્યક્તિત્વ, પરિવારના સામુહિક હીનપુણ્યે અકાળે વિલીન થયું.

પણ જેટલું જીવ્યા એ ક્ષણે ક્ષણે જીવ્યા. જીવનનો ઉજળો હિસાબ આપીને જીવ્યા. તેઓ હંમેશા માણસોથી ઘેરાયેલા રહેતા. મહેફિલના માણસ હતા. માણસો સાથે જીવ્યાં એટલું જ નહિં પણ પોતાના મૌન સાથે અને શબ્દો સાથે જીવ્યા.

પણ તેનું અસ્તિત્વ તો કદી અંત પામનાર નથી. જીવનનાં ઉચ્ચ આદર્શોને આત્મસાત્ કરી, અભિવ્યક્ત કરી વિલય પામેલ વ્યક્તિત્વ– અસ્તિત્વરૂપે તો આજ પણ સૌના સ્મરણમાં જીવંત જ છે. સદાયે તે જીવંત રહેશે અને પ્રેરણાની પરબ બની અનેકોને તે પ્રેરક બનશે.

જીવનયાત્રા લાંબી જ હોય એ જરૂરી નથી. પણ પેલી હિંદી કહેવત, 'જિંદગી લમ્બી નહીં, બડી હોની ચાહિયે' ની જેમ ''બડી'' તો હતી જ ! એટલે જયંતિભાઇની ટૂંકી જીવનયાત્રા પણ લાંબી ગુણયાત્રા કે વિકાસયાત્રા બની ગઇ છે.

શ્રદ્ધાંજલિરૂપે કહેવું હોય તો એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે સાધનાની કેડીએ ચાલતો પ્રવાસી પળભર ચૂક્યો હશે કે પાંચમાં આરાની અટવીમાં આવી પડ્યો, હવે ધોરી માર્ગનો પ્રવાસી, અપ્રમત્ત બની પ્રવાસ કરતો શીઘ્ર તેમનાં અધૂરાં મનોરથ પૂરાં કરી, પરમ કલ્યાણ પ્રાપ્તિનો આત્યંતિક પુરુષાર્થ સફળ કરે એ જ આદરાંજલિ સહ અભ્યર્થના.



**ગોંડલ સંપ્રદાયના પરમશ્રદ્ધેય**
**બા.બ્ર. પૂજ્ય ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.**

## આદર્શ શ્રમણોપાસકને શ્રદ્ધાસુમન

**'ખીલ્યું હતું એક બગડીયા કુટુંબમાં ફૂલ**
**જેના ગુણોના ગુલશનનું કરી શકાય ના મૂલ**
**શુભ ભાવના – સત્કાર્યોથી જીવન બનાવ્યું અમૂલ**
**આત્માર્થી સાધકે આત્માના આંક્યા મૂલ.'**

માનવ જીવન પ્રભુનો પ્રસાદ છે. જેમ દૂધમાં સાકર ભળે અને દૂધ મિષ્ટ બને તેમ સ્નેહ, સદ્ભાવના, સાધર્મિક ભક્તિનો ત્રિવેણીસંગમ જયાં જોવા મળતો. પવન બાગની દિશા તરફ વહે તો તાજગી આપે તેમ જીવન ધર્મની દિશા તરફ વહે તો જીવનને યશકલગી લગાવે છે.



**'ચાંદ તો હોગા ગગન કા, ચાંદની સબકે લિયે,**
**દીપ ચાહે હો કિસીકા, રોશની સબકે લિયે.'**

આ સંસારમાં અનેક મનુષ્યો જન્મ લે છે કિન્તુ તેમાં એ વ્યક્તિનું જીવન જ સફલ અને સાર્થક બને, જેનું જીવન પરોપકારાર્થે અને સ્વશ્રેયાર્થે વપરાય છે. બીજની સફળતા પૂર્ણિમા બનવામાં, બીજડાની સફળતા વટવૃક્ષ બનવામાં તેમ માનવજીવનની સફળતા જન્મ – મરણથી મુક્ત થવામાં છે.

સુશ્રાવક શ્રી જયંતિભાઈ – જેનો જન્મ દામનગરમાં દ્રઢધર્મી – પ્રિયધર્મી એવાં જગજીવનભાઈ બગડીયા પિતા, શાંતમૂર્તિ ધર્મશીલા માતા જેકુંવરબેનને ત્યાં થયો. બાલ્યવયથી જ સુસંસ્કારના સિંચન મળ્યા, અને યુવાન થતાં એ બધાં સંસ્કારો ખીલી ઉઠયા.

તેમનાં જીવનબાગમાં સરળતા – સૌમ્યતા – સાત્વિકતા અને સહનશીલતાના સુમનો ખીલ્યા હતા. વીરતા – ધીરતા – ગંભીરતાના ગુણોથી જે શોભતા હતા. તેમનું હૃદય દયાનું ઝરણું હતું. કોઈપણ દુઃખીજનને કે સાધર્મીને દેખે ત્યાં એનું દિલ દ્રવી ઉઠે. ગુપ્ત રીતે અનેકોને મદદ કરીને ગરીબોના તે બેલી બન્યા હતા. બધાં ભાઈઓમાં સંપ – સ્નેહની સરવાણી વહેતી હતી.

તેમાંય સવાયા આ જયંતિભાઈ, કુટુંબમાં તો શું સારાએ ગામમાં 'સારપ' ગુણથી છવાઈ ગયા હતા. એટલું જ નહિ, દામનગરમાં પધારનાર પૂ. સંત – સતીજીઓના દિલને પણ જીતી લઈને સંતોના હૃદયમાં પણ અનેરું સ્થાન પામ્યા હતા.

સંતાનોને પણ ધર્મ સંસ્કારના અમૃત પીવડાવ્યા હતા. તેઓની ભાવના એ હતી કે મારાં કોઈ સંતાન જૈન શાસનના શણગાર સમા અણગાર બને. હું તો સંયમ લઈ શક્યો નથી પરંતુ કોઈ કુટુંબમાંથી નીકળે તો ધન્ય બની જાઉં. કૃષ્ણ મહારાજા જેવી ધર્મ દલાલી એ ઘરમાં – કુટુંબમાં કરતાં. તેમાંય પૂજ્ય મહાત્માજી મ.સા.ના ચાતુર્માસથી તો તેઓ સંસાર ભાવથી બિલ્કુલ ઉદાસીન બની ગયા અને અલિપ્ત ભાવે રહેવા લાગ્યા.

તેમનો પ્રભુભક્તિનો પ્રેમ પણ અનેરો હતો. જ્યારે તેઓ ધર્મ ગીતો ગાતા હોય, તેના સુમધુર કંઠમાંથી નીકળતા શબ્દો સાંભળનારના દિલને સ્પર્શી જતાં... તેમનું એક પ્રિય ગીત હતું...

**'કોનાથી બગાડું રે હું નહિ રે બગાડું,**
**મારે જીવવું થોડું ને હું કોનાથી બગાડું...'**

ભલભલાના ભાવમાં આ ગીત સાંભળતા પરિવર્તન આવી જતાં. આ ગીત જાણે પોતાના જીવનને જ સ્પર્શતું હોય અને પોતાના આત્માને જ કહેતા હોય તેવું બન્યું. પરંતુ કુદરતના કાનૂનને, નિયતિના નિયમોને, ભાવિના ભીતરને કોણ પીછાણી શકે? ટાઈમના ટાઈમ ટેબલને તો જ્ઞાની જ જાણી શકે ને! ભાવિની ભૂગોળ, કર્મનું ગણિત આ ચર્મચક્ષુથી કોણ વાંચી શકે?

કિન્તુ...

**'સુખદુઃખમાં સદા હસતા રહ્યા તમે**
**સહુના હૃદયમાં વસતા રહ્યા તમે**
**હમણાં જ હતા જાણે નજર સમક્ષ તમે**
**પાંપણના પલકારે ચાલ્યા ગયા તમે.'**

દેહનો નાતો હવે રહ્યો નથી આપનાથી, પણ આત્મસૂર્ય તો કદી આથમતો નથી. ફૂલ જેવું ફોરમ ભર્યું જીવન જીવી ગયા. નિર્દંભ અને નિરાડંબરી.. **સંત ન હતા છતાંય તેમનામાં સૌમ્યતા અને સરલતાનો સમન્વય હતો.** વાત્સલ્ય અને વિનયનો વિનિયોગ

હતો, નિષ્ઠા અને નિખાલસતાનો નિયોગ હતો. બાકી તો કુદરતના કાનૂન પાસે કોનું ચાલ્યું છે?

**जातस्य हि ध्रुवं मृत्यु**

જન્મની પાછળ મૃત્યુ અવશ્ય છે. માટે જ  માનવજીવનમાં જાગૃત બનીને જીવવાનો ભગવાન મહાવીરનો સંદેશ છે.

**समयं गोयम् । मा पमायए**

બસ, આપના ગુણની ગુણઝારીનું કવન ક્યાં કરી શકાય?

આ તો સંક્ષેપમાં ગુણવાન આત્માના ગુણાનુવાદ કરવાનો મોકો મળ્યો, તેથી કહેવું પડે કે...

**રે શ્રદ્ધાલુ... આત્માર્થી સાધક!**

તું જ્યાં દિવ્યભૂમિમાં જન્મ પામ્યો હોય ત્યાંથી શીઘ્ર મનુષ્યભવમાં મહાવિદેહની એક સફર ખેડીને સિધ્ધાલયમાં શાશ્વત સુખનો સ્વામી બની જા.



અંતમાં,

**"પરમાર્થે પ્રીત અને ભક્તિમાં ચિત્ત**
**જીવનના જંગે તમે મેળવી છે જીત**
**સંસ્કાર સૌરભ પ્રસારી જીવન ઉદ્યાનમાં**
**પ્રગટાવ્યું આદર્શ જીવન સંગીત**
**શીઘ્ર સિધાવો સિધ્ધોના ક્ષેત્રે**
**જ્યાં છે આત્માની શાંતિ અમિત."**

**ગોંડલ સંપ્રદાયના તત્વવેત્તા**
**બા.બ્ર. પૂ. વનિતાબાઈ મ.જી.**

# ભક્તિમાર્ગનો ભોમિયો

નિર્દોષતા અને નિખાલસતા, સાત્વિક્તા અને સૌમ્યતા, સરળતા અને સાલસતાના બે કાંઠે વહેતી સરિતા જેવું જેનું જીવન હતું તે જયંતિભાઈ... યથાનામ તથા જીવન, જયવંતુ જીવન જીવી ગયા.

જયંતિભાઈનું જીવન એટલે ખીલેલા ગુલાબનો ગુલદસ્તો, મૈત્રીનો મહેરામણ, અત્તર જેવું સુગંધી અસ્તિત્વ.

હજુયે સ્મરણગોખે ઝબૂકી જાય છે એ હસતો-ખીલતો ભલો - ભોળો ચહેરો.. હાં... મહોરા વિનાનો નિર્ભેળ - પ્યોર ચહેરો. તેમનું સંવાદી જીવન જોતાં ખ્યાલ આવે કે પૂર્વના સંસ્કાર, કુટુંબના ઉચ્ચ ધર્મ સંસ્કાર અને સંતોના સંગે રંગે મળેલા સુંદર સંસ્કારના ત્રિભેટે ઉભેલા તેઓ આજે ક્ષર દેહે હયાત નથી, ગુણદેહે એમનું અસ્તિત્વ ઓગળ્યું નથી.

**'મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,**
**મરે છે માનવી પોતે, માનવીનું કામ જીવે છે.'**

એમના સફળ જીવનની સિધ્ધિ એ નહોતી શું? કે સંતો - ગુરુજનોને નિજ હૃદયમાં સ્થાપે, સાચવે તે સાધના છે, પરંતુ ગુરુના - સંતોના હૃદયમાં વસી જાય તે સિધ્ધિ છે. એમ મરૂધરના મોતી સમાન બહુશ્રુત પૂજ્ય સમર્થ ગુરુદેવ જેવાં મહા-સંતોના હૃદયમાં પણ તેઓ ગુણવૈભવથી વસી ગયા હતા. પરિચયમાં આવનાર પ્રત્યેક માટે પ્રાયઃ આમાં અપવાદ નહોતો.

જુઓને... મને તો છેક વૈરાગી અવસ્થાથી પરિચય. જિજ્ઞાસુ, વૈરાગી શ્રી નીરૂબેનના ધર્મસખી તરીકે સંસારમાં ઘણી જ વાર એમના ઘરે, કુટુંબ સાથે રહેવાનું બનતું. ઘણાં જ વૈરાગીઓ ગુરુદર્શને ત્યાં આવ્યા હોય, સાધર્મિકના સગપણ જેને વ્હાલા છે, ત્યાગી - વૈરાગી જેને ગમે છે એવાં જયંતિભાઈ ધર્મચર્ચા, જિજ્ઞાસા આદિ દ્વારા એટલાં નિકટ પરિચયમાં આવી જતાં કે જાણે અમે બધાં સરખે-સરખા ભાઈ-બહેન ન હોય! મોટું ઘર, મોટા દિલમાં સહુને આનંદ આવતો. એ વખતે એમની સહજ આત્મીયતાનો અનુભવ થયો. ત્યારે મનમાં થતું કે... આ જુદો જ જીવડો છે. ખરેખર,

**शुचिमतां श्रीमतां गेहे योगभ्रष्टाभिजायते ।**

પવિત્ર અને શ્રીમંતકુળમાં આવાં યોગભ્રષ્ટઆત્મા જન્મે છે. એકદમ ભલા, અણુ અણુમાં ધર્મશ્રદ્ધા વણાઈ ગઈ છે એવાં પિતાશ્રી

જગજીવનભાઈ અને સ્વાધ્યાયપ્રેમી સુજ્ઞ માતુશ્રી જેકુંવરબેનને ત્યાં જીવન નૈયા આગળ ધપાવવા અને કલ્યાણને કિનારે લઈ જવા આ ભાઈશ્રી અત્રે આવ્યા હતા. શાસ્ત્ર પણ કહે છે,

खेतं वत्थुं हिरण्णं च, पसवो दास पोरुसं ।

चतारि काम खंधाणि, तत्थ से उववज्जई ।।

मित्तवं नायवं होई, उच्चागोए य वण्णवं ।

अप्पायंके महा-पन्ने, अभिजाए जसोबले ।।

(શ્રી ઉત્તરા. સૂત્ર : અધ્ય.૩ ગાથા ૧૭/૧૮)

બડભાગી બગડીયા કુટુંબમાં પુણ્યાત્માને દશાંગી સુખ સાધનામાં સહાયક બનવા સ્હેજે મળે છે. પૂ. રત્નસુંદર મ.સા.ના પુસ્તકમાં વાંચેલ કે, 'જ્યાં કેન્દ્ર સ્થાને આત્મા રહેલો હોય, ભોગની વાત જ્યાં મૂલ્યહીન બની રહેતી હોય, પરલોકની સદ્ધરતા અને પ્રાંતે પરમ લોકની પ્રાપ્તિ માટે જ્યાં સહુને રસ હોય, સ્વભાવ રમણતાનું જ્યાં સહજ આકર્ષણ હોય આવા કુળને કહેવાય 'યોગીકુળ'. અભક્ષ્ય આહારની જ્યાં કલ્પના પણ ન હોય, મોટી હિંસા, અસભ્ય વાણી વર્તન જ્યાં સ્હેજે છૂટી ગયું હોય આવાં યોગીકુળમાં જન્મનારને આભ્યંતર વિકાસ સાધવાનો સહજ અવસર મળે છે. આવાં ઉચ્ચ શ્રાવક કુળમાં જન્મવું અને જીવવું – તે પાપનો નાતો તોડે અને ધર્મનો નાતો જોડે.



પ્રભુભક્તિ એવં દેવ, ગુરુ, ધર્મની ઉત્તમોત્તમ આદર સાથે સેવા, સાધર્મિક ભક્તિ, અનંત કર્મના ભુક્કા કરતાં સહજ અનુષ્ઠાનોના સેવન, સદ્નિમિત્તોની હાજરી આ તમામ સંયોજનયુક્ત સદ્ભાગ્ય એક જ પરિબળને આભારી છે. યોગીકુળમાં જન્મ. આવાં કુળમાં ખીલેલું જયંતિભાઈ નામનું કમળ હતું. આવાં સંસ્કાર વચ્ચે ઉછરેલ જયંતિભાઈને સંપત્તિ બહેકાવનારી કે ઉન્માર્ગે લઈ જનાર ન જ બને ને! અરે! જમાનાવાદનો એમનામાં પ્રવેશ જ ન હતો.

"High thinking and Simple living'

આ એમનું જીવનસૂત્ર. મારે મોક્ષ મેળવવો છે આ એમનો મંત્ર.

## દૂધમાં સાકર ભળી જાય એવો મળતાવડો સ્વભાવ.

દામનગર પૂ. દુલાબાપાના અતિભાવે અમારું ચાતુર્માસ થયું ત્યારે જયંતિભાઈએ અનેરો આનંદ અનુભવ્યો.

શ્રી મનુભાઈ, શ્રી બટુકભાઈ, શ્રી હસુભાઈ જેવાં મિત્રોને વ્યાખ્યાનમાં ખેંચી લાવવા, સામાયિક કરતાં કરી દેવાની આપણને પ્રેરણા કરવા પ્રેરે. પોતે રેગ્યુલર વ્યાખ્યાન, વાંચણીમાં તો હોય જ. સામે જ ઓફિસ જેથી જરાક ફ્રી થાય કે ઉપાશ્રયમાં પહોંચી જાય. શ્રી મણિભાઈ પારેખ વગેરે ત્રણે ભાઈઓ જયંતિભાઈની કંપનીમાં હોય, આવીને કહે, અરૂ સ્વામી, રાજુબાઈ મ.સા. પાસે ગીતો ગવડાવોને... ૨-૪ ગીતો સાંભળી પછી પોતે પણ સુંદર ગીતો ગાય. એમાંય આનંદ શ્રાવકનું ગીત તો શું મસ્ત ગાય! ઓતપ્રોત થયા વિના ન રહેવાય.

અમે જયારે રાત્રે ધર્મજાગરણ કરાવતા હોઈએ નિર્દોષ આનંદ - હળવાશની પળો ચાલતી હોય, પોતે ગ્રુપ સાથે પ્રતિક્રમણ કરીને આવીને દરવાજાના પેલા ઓટલા પર ગુપચુપ બેસી જાય અને બધું સાંભળે. ‘નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી મળે.’ શ્રીમદ્જીના આ કથન મુજબ - આનંદ એ જ એમનો ખોરાક.

**‘હસતાં હસતાં જીવવું છે, જીવતાં સદાયે હસવું છે,**
**ફરિયાદોની ફાઈલ સંકેલી, મસ્ત બનીને રહેવું છે.’**

આ પંક્તિ ચરિતાર્થ કરી હોય જીવનમાં એમ એમના મુખ પર સદા સ્મિત ચમકતું હોય, પાપ તો એમનાથી છેટું જ રહેતું હોય તેવું લાગે. અથવા કહો કે એમણે પાપ-પુણ્યના ગણિત સમજી જીવન તાત્વિક બનાવેલ. કર્મ, ધર્મના મર્મ સમજી જીવન સાત્વિક જીવ્યા.

આત્મા, અનાત્મા, સ્વભાવ - વિભાવના ભેદ ભણી એ જીવન આધ્યાત્મિક જીવ્યા.

એ તપસ્વી પણ ખરાં, મને ખ્યાલ છે ત્યાં સુધી દર વર્ષે પર્યુષણમાં અઠ્ઠાઈ કરતાં. છુટક - છુટક ઉપવાસ પણ અવારનવાર કરતાં. આમ, એ સંજ્ઞાની શીલા તોડવાનો પુરુષાર્થ કરતાં. ના.. સંજ્ઞાના સામૈયા નથી કર્યાં, યાદ આવે છે પેલો શ્લોક,

**देहे धने, कुटुंबे च, सर्व संसारिणां रतिः ।**

**जिने जिनमते, संघे पुनर्मोक्षाभिलाषितः ।।**

બિચારા! સર્વ સંસારી જનો દેહ, ધન અને કુટુંબની રતિ રાખી એની પાછળ જીવન ખેતી કરી નાખે છે. જયારે મોક્ષાભિલાષીને તો

પરમાત્મા, પરમાત્માનું શાસન અને પ્રભુનો ધર્મસંઘ એનો જ નાતો, એમાં જ હરખાતો, એનાં જ ગીતો ગાતો... એવા ધર્માત્મા હતા જયંતિભાઈ. ધન્ય જીવન ! ધન્ય ભાવના !

જયંતિભાઈનો વિશેષ ગુણ ઉડીને આંખે વળગે તેવો, ક્યો?

## ગુણદષ્ટિ, ગુણાનુરાગ અને ગુણાનુવાદ

શ્રી જગજીવનબાપા સાથે બહાર દર્શને જાય કે શ્રી વિનુભાઈ શાસ્ત્રના જબ્બર પક્ષપાતી, દામનગરમાં વસતા હોઈ જેથી ઘણાં નાના–મોટા સંત – સતીજીઓ ત્યાં આવે – દરેકમાં હોય તે 'વિશેષતા' એ ફૂલના ભ્રમરની માફક પકડી લેતાં.. અને એ ગુણોની લ્હાણી આપણી પાસે રજુ કરે. કહે છે ને કે,

પેલા વસ્તુપાળ મંત્રીની પરમાત્મા પાસે સાત માંગણી હતી.

(૧) અરિહંતને નમસ્કાર

(૨) આગમનો અભ્યાસ

(૩) સજ્જનોની દોસ્તી

(૪) સજ્જનોના ગુણાનુવાદ

(૫) કોઈના પણ અવર્ણવાદનો ત્યાગ

(૬) હિતકારી – પ્રિયવચન

(૭) આત્મ રૂચિને રમણતા.

જાણે શ્રી જયંતિભાઈએ આ માંગણીમાં પોતાની લાગણી જડી દીધી હતી કે શું?

આવાં ગુણમૂર્તિ જયંતિભાઈના યૌવનમાં જ નિધનના સમાચાર જ્યારે મળ્યા.. કાન પર વિશ્વાસ ન આવ્યો, મન મજબૂરીથી માને તો છે પણ હૃદયની ધરતીને એક આંચકો તો જરૂર અનુભવાયો.

શાણું માણસ દુનિયામાં વધુ નથી જીવતું.

જવાબદારી, સમજદારી અને સ્વધર્મે વફાદારીના ત્રિવેણી સંગમ પર વહેતું ઝરણું સુકાઈ ગયું.

ગુણવૈભવે વિલસતો ગુલમહોર નેસ્તનાબૂદ થઈ ગયો. જેના ગુણોની સુવાસ પર પ્રવાસ કરવો ગમે એવું ઉપવન ઉજડી ગયું.

ખેર! ત્યારે મનને ટપાર્યું કે,

**ज्वलितं मुहूर्त श्रेष्ठ, न तु चिरं धूमायितुं ।**

ધૂમાડા જેવાં લાંબા ચાલતાં જીવનની શું કિંમત ? એના કરતાં થોડા મુહૂર્ત સુવાસ ફેલાવી જતી પેલી અગરબત્તી જેવું જીવન શ્રેષ્ઠ છે ને!

માણસ કેટલું જીવ્યો તે મહત્વનું નથી, પરંતુ કેવું જીવ્યો તે મહત્વનું છે.

**'બુઝાઈ છો ને જાતી, ધૂપસળી મહેંકતી મહેંકતી'**

આ કુદરતનો શાશ્વત ક્રમ.. કુંડલી કાઢો કે નહિં, જ્યોતિષના થોથા ઉથલાવો કે નહિં, દરેકના જીવનમાં 'મૃત્યુયોગ' અનિવાર્ય આવે જ છે.

"Death is uncertainly certain.'

જગતમાં નિશ્ચિતમાં નિશ્ચિત ઘટના હોય તો મૃત્યુ છે. આવવાનું... આવવાનું... આવવાનું...

**नत्थि कालस्स अणागमो ।**

જગતમાં અનિશ્ચિતમાં અનિશ્ચિત ઘટના હોય તો પણ મૃત્યુ છે. ક્યારે આવશે તે નક્કી નથી.

આવું મૃત્યુ દ્વાર પર ટકોરા દે ત્યાર પૂર્વે આપણે પણ શ્રી જયંતિભાઈની જેમ મીઠાશ, હળવાશ, ઉજાસ, સુવાસના સથવારે ચાલી જીવનયાત્રા સફળ કરીએ તો જયંતિભાઈના ગુણભર્યાજીવનની ભાવાંજલિ આદરાંજલિ અર્પણ કરવાની પાત્રતા પામીએ.

**'જતાં જેની ખોટ જણાયે જીવ્યું એનું સફલ ગણાયે.'**

**બોટાદ સંપ્રદાયના ઉત્સાહી**
**બા.બ્ર. શ્રી અરુણાબાઈ મહાસતીજી**

## ‘વાત્સલ્યની વહેતી ધારાનો વિલય’

**‘પરિમલ પ્રસરાવતું પુષ્પ એકાએક કરમાઈ ગયું...**
**‘‘સરોવર સુકાયું, ફૂલ બિડાયું’’**

જેના જીવનમાં મહેંકી રહ્યું હતું મૈત્રીનું માધુર્ય, પ્રમોદભાવનાં પૂર વહી રહ્યાં હતા, કરુણાનો ધોધ છલકાઈ રહ્યો હતો, દયાનો દીપ જલી રહ્યો હતો એવા શ્રી જયંતિભાઈનાં જીવન વિષે શું લખવું ? ફૂટપટ્ટીથી સમુદ્ર માપવા જેવું છે.

જેમ ગુલાબની કળીકળીમાં સુવાસ હોય, હીરાનાં પાસે પાસે પ્રકાશ હોય, ક્ષીરસમુદ્રના બુંદેબુંદમાં સ્વાદ હોય તેમ શ્રી જયંતિભાઈનાં જીવનનાં દરેક પ્રસંગો પ્રેરણાદાયી હતા. અચાનક કાળરાજાએ ઝડપી લીધા અને સૌ નોધારા બની ગયા.

**‘‘નહોતી ખબર ક્રૂર બનશે કાળ, અચાનક ભરશે હરણફાળ,**
**તૂટી વિસામાની ડાળ, હવે ક્યાં શોધીએ તેમની ભાળ’’**



વર્ષો વિત્યા છતાં સૌનાં સ્મૃતિપટ પર અંકાયેલી આપના યશસ્વી જીવનની યાદગાર પળો વિસરાતી નથી. આપના વિરહે સૌનાં અંતર વેદનાથી વ્યથિત છે, સ્નેહથી સિંચેલા ઉપવનમાં સહુ આનંદ કિલ્લોલ કરતાં ....અત્યારે માળી વિના કુસુમો કરમાઈ રહ્યાં છે.

આપનાં સાનિધ્યમાં હાસ્ય રેલાતું, અમીદૃષ્ટિએ હૈયું સદા હરખાતું, આપનાં સ્નેહાળ સહવાસે મનડું મોજ કરતું, અત્યારે આપના વિયોગે અંતર અકળાઈ રહ્યાં છે. મન મુંઝાયછે આપના સુખદ સંભારણાની યાદો આંખ ભીંજવી દે છે.

આપની રગેરગમાં ધર્મ વ્યાપેલો હતો. સંતો પ્રત્યેની ભક્તિ અનન્ય હતી. દરેક સંતોનાં હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલું હતું. કંઠમાં મધુરતા એવી કે સાંભળતા સાંભળતા સંતોનાં હૈયા પણ આનંદવિભોર બનતા. તેમની આત્મીયતાભરી આંખો, વાત્સલ્યભરી વાતો, પ્રેમભરી પ્રેરણાઓ, સ્નેહભરી શિખામણો વારંવાર સ્મૃતિપટ પર આવ્યાં જ કરે છે.

સદ્‌ગુણોરૂપી બાગ ખીલવીને ચાલ્યા ગયા ને દામનગરની ધરતીને પાવન કરતા ગયા. તેમના મુખ પર સદા પ્રસન્નતા જણાતી.

પ્રસન્નવદન, મધુરવચન એ બે ઉમદાગુણ તેમનામાં અલંકૃત હતા. અનોખું વ્યક્તિત્વ, જોશીલી જબાન, ભાવવાહી ગીતોનું સર્જન, સૌને પ્રિયકારી કંઠકલા, ઉદારતા, હાસ્યભર્યો ચહેરો, આ બધા ગુણોનો સરવાળો એ જયંતિભાઇ ! સંપત્તિની સામે સન્મતિનો સુમેળ હતો. ભક્તિ જેની આંખો ને સમર્પણ જેની પાંખો હતી, જેના દ્વારા સાધનામાં– શાસનગગનમાં જેને ઉંચે ઉડાન લગાવી હતી. પરિવાર ને પેઢીનાં માણસો પ્રત્યે ખૂબ પ્રેમભર્યો વ્યવહાર હતો. અંતરમાં અમીરીને દિલમાં દિલેરી હતી. સંત–સતીઓની વૈયાવચ્ચ અને સંતસમાગમ દ્વારા સત્સમજણ મેળવવા તેઓ ખૂબ જ ઉત્સાહી હતા. સાદાઇ, સદાચાર, સચ્ચાઇ, સરળતા આદિ સદ્ગુણોનાં ભંડાર હતા. નાનામાં નાના માનવીની વાત સાંભળી તેને સંતોષ આપવાનો ગુણ અવર્ણનીય હતો. સ્વભાવમાં ભદ્રિકતા– નિખાલસતા અને ધર્મમાં શ્રદ્ધાવંત હતા.

કુટુંબ પ્રત્યેની ઐકયતા, વાત્સલ્ય ગજબનું હતું, સંપત્તિ અને સમૃદ્ધિ એ તો પુણ્યની પ્રસાદી છે, એમ માનીને મળેલી લક્ષ્મી જનતા જનાર્દનનાં સ્વધર્મી વાત્સલ્યતાનાં કાર્યોમાં વાપરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરેલ છે. તેમનું જીવન એક આદર્શ નમુનારૂપ હતું. ગરીબો, નિરાધાર પ્રત્યે સદા હમદર્દી રાખતા હતા. સાધુ–સંતોની સેવા એ એમના જીવનનો પ્રાણ હતો.

આદર્શ સુશ્રાવકરત્ન શ્રી જગજીવનભાઇને ચાર સુપુત્રોની જોડી હતી. કુદરતે અકાળે તોડી નાંખી. ધર્મવત્સલબા શ્રી જેકુંવરબેનનાં દિલદુલારા હતા, પ્રાણપ્યારા હતા... વાત્સલ્યના દરિયા જશીબેન તથા નીરૂબેનના વીરા હતા. શ્રી હંસાબેન ! આપને શું લખું ? સુજ્ઞેષુ કિં બહુના !

'સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી ? વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી ? એક પળમાં પાંપણના પલકારે આ અનિત્ય અવનિને છોડી અનંતના યાત્રી બની ગયા. (પૂ. જયોતિબાઇ મ.સ.) મારી પાસે ઘણા ગીતો ગવરાવતા ને પોતે પણ સુંદર ભાવવાહી ગીતો સુસ્વરકંઠે ગાતા. આ રીતે સંગીત સુરાવલિમાં બધા ખૂબ આનંદ અનુભવતા. તેઓનું પ્યારું ગીત 'કોનાથી બગાડું રે હું કોનાથી બગાડું, મારે જીવવું થોડું ને કોનાથી બગાડું' આ ગીત હજુપણ સ્મૃતિપટ પર ગુંજ્યા કરે છે... જેવાં ગીતના ભાવ છે તેવું જ તેમનું જીવન હતું. આવા ગુણીયલ આત્મા જયારે આ પૃથ્વી પરથી વિદાય લે ત્યારે ફક્ત બગડીયા પરિવારમાં જ નહિ, દામનગર ગામમાં જ નહિ પણ સારાયે સમાજમાં અપૂર્વ ખોટ પડી છે. ઝળહળતો સૂર્ય મધ્યાહને અસ્ત થઇ ગયો. નાવિક મઝધારે નાવ મૂકીને ચાલ્યો ગયો. સ્વજનો બધા રડતા રહ્યા, ખરેખર કાળ, કર્મ ને કુદરત પાસે કોઇનું ચાલતું નથી. આયુષ્યના દલિકો જયારે પૂર્ણ થાય ત્યારે એક સેંકડ પણ રોકવા કોઇ સમર્થ નથી. નત્થિ કાલસ્સ નાગમો– 'ધ બર્થ ઈઝ મેસેજ ઓફ ડેથ'

આચારાંગસૂત્રમાં કહ્યું છે, સે પુવ્વંપેચં, પચ્છાપેચં, ભેઉંરધમ્મં, વિદ્ધસણં ધમ્મં – પહેલાકે પછી આ દેહ નાશ થવાના સ્વભાવવાળો છે. ક્ષણે–ક્ષણે ભાવમરણે મરી રહ્યો છે – અચાનક અણધારી વિદાય આપણને જાગૃત કરે છે **अप्पं च खलु आउयं** આયુષ્ય અલ્પ છે. કાળરાજા ક્યારે ક્રૂર પંજો મારશે તેની ખબર નથી. આ અઘટિત સંવેગ અને વૈરાગ્યમાં વેગ વધારનાર છે. તેમને તો તેમનું જીવન સફળ બનાવી દીધું છે. 'ખરેખર, ભલે હૈયાતી નથી જયંતિભાઈની આ જગતમાં, પણ સિતારાની જેમ ચમકશે સદા ગગનમાં, ગુણો મહેંકતા હતા તેમના ઉદાર ઉર ઉપવનમાં, સદ્‌ગુણની સુવાસ સદાય રહેશે સહુના દિલમાં.'

અંતમાં તેમનો પવિત્ર મંગલમય આત્મા જ્યાં ગયો હોય ત્યાં ચિરઃશાંતિને પામે, ફરીથી મનુષ્યપર્યાય પ્રાપ્ત કરી જિનશાસનનું અનુસંધાન કરી અધુરી સાધના પૂર્ણ કરી સત્વરે સિદ્ધગતિને પામે એવી સ્નેહભરી શ્રદ્ધાંજલિ, ભાવભરી ભાવાંજલિ, પ્રેમભરી પુષ્પાંજલિ..


**બોટાદ સંપ્રદાયના**
**પૂ. સુશીલાબાઈ મહાસતીજી**
**પૂ. જ્યોતિબાઈ મહાસતીજી**

## વાત્સલ્યનો ઘુઘવાટ

**" વ્યક્તિ ચલી જાતી હૈ, સ્મૃતિ રહ જાતી હૈ,**
**હર ફૂલ કી મિટ્ટી મેં, મહક રહ જાતી હૈ,**
**ધન્ય હૈ વહ લોગ, જિનકે જાને કે બાદ ભી**
**ગૌરવ ભરી ગુણગાથા યાદ રહ જાતી હૈ"**

આજથી ૩૦ વર્ષ પહેલાની ભવ્ય સ્મૃતિ–સૌરાષ્ટ્રની ભૂમિ– જેમનું નામ જ દામનગર. જે આમ– દામ– ઠામથી સમૃદ્ધ એવી નગરી.

જેમાં શ્રેષ્ઠીવર્ય સુશ્રાવક જગજીવનદાસ રતનશી બગડીયા પરિવાર. જેકુંવરબેનને શ્રી ઉત્તરાધ્યય સૂત્રની ૨૦૦૦ ગાથા કંઠસ્થ હતી. પૂજ્ય ગુરુદેવ ધીરજમુનિ મ.સા.નું પ્રથમ જ ચાતુર્માસ દામનગરમાં પૂ. મહાત્માજી મ.સા. સાથે થયું. ત્યારે દર્શને જવાનો અમૂલ્ય અવસર મળ્યો, અને એ સમયે ત્યાંનો માહોલ જાણે ત્યાં વિદ્યાપીઠ ખૂલી હતી. જ્ઞાન યજ્ઞ મંડાયો હતો. ગયા હતા બે દિવસ માટે પણ એવું થાય કે રોકાઇ જઇએ. બીજીવાર સંસારી પિતાશ્રી પૂ. શાંતિભાઇ દોશી સાથે જવાનું થયું. તેઓ ક્યાંય વધારે રોકાવાની હા ન પાડે. પરંતુ ત્યાં બગડીયા પરિવારને જોઇને કહ્યું, અહીં વાંધો નથી.

આવા બગડિયા પરિવારના જયંતિભાઇ એટલે સહુ પ્રત્યે આદર, આતિથ્યભાવ ધરાવનાર ઉદારદિલા, ભાવની ભીનાશનો મહાસાગર રચીને જેમ સાગર પોતાના પેટાળમાં બધું જ સમાવે છે, તેમ દીન–દુઃખી, ગરીબ–તવંગર સહુ પ્રત્યે સમાન વાત્સલ્યથી ધબકતું જેમનું હૃદય હતું.

જિનશાસનના સંત–સતીજીઓને શાતા ઉપજાવવામાં અગ્રેસર એવો વૈયાવચ્ચનો ગુણ જીવનમાં વણાયેલો હતો આવાં જયંતિભાઇ એટલે વાત્સલ્યનું ઝરણું. એમની ભક્તિ જેમણે માણી હોય તે જ જાણે. એ સમયમાં બધા બહેનો જમવા બેઠા હોય ત્યારે ટેબલ પાસે ઊભા રહે અને બધાને આગ્રહ કરી–કરીને જમાડે. એ વૈરાગી વૃંદમાં તેમના એક ભાણેજ હતા રેખાબેન ચીમનલાલ કપાસી કે જેઓ આજે દીક્ષિત છે. તે જયંતિભાઇને 'મામા' કહેતા એટલે બધા જ બહેનો તેમને મામા કહીને બોલાવતા

અને બધાંના એ ‘પ્યારા મામા’ બની ગયા હતા.

એવા ‘જયંતિમામા’ એટલે સરલ, નિખાલસ વ્યક્તિત્વ, ધર્મની શ્રદ્ધા રગેરગમાં અને એ ચાતુર્માસમાં ચતુર્વિધ સંઘની ભક્તિથી તેમનાં આત્માએ તીર્થંકર નામ ગોત્ર બાંધી જ લીધું હશે એવો અહેસાસ થયા વિના રહેતો નથી. જેમની આંખમાં અમી નીતરતું એવાં શ્રાવક નાની ઊંમરમાં મોટું કામ કરી નામ કમાઇ ગયા. આજે તેમના આત્માને આપણાં વચ્ચેથી વિદાય લીધાને ૨૮ વર્ષના વહાણા વીતી ગયા છતાં જાણે સ્મૃતિ તાજી ને તાજી. આજે પણ એમના સ્વમુખે– મધુર કંઠે– ગૂંજતો નાદ કર્ણપટલ પર સંભળાઇ રહ્યો છે.

**“કોનાથી બગાડું રે હું નહિ રે બગાડું**
**મારે જીવવું થોડું ને હું કોનાથી બગાડું”**

જેવી કથની તેવી જ કરણી. આ કાવ્યને આત્મસાત્ બનાવ્યું હતું. બધાંની સાથે બનાવ્યું પણ બગાડ્યું કોઇની પણ સાથે નહિ. સંતાનોમાં ધર્મ સંસ્કારનું વાવેતર કરી, એમનાં જીવન ઘડતર માટે આપેલું અનોખું યોગદાન આજે ઝળહળી રહ્યું છે.



આજે તેમનું જીવન આલેખવા બેસીએ તો પાનાના પાના ભરાય એવું મહેંકતું જીવન જીવી ગયા.

બગડીયા પરિવારમાં ન પૂરાય તેવી ખોટ પડી ગઇ.

અંતમાં, ધર્મના રંગે રંગાયેલા જયંતિભાઇનો દિવ્ય આત્મા, જેમણે સંયમનો રસ જીવનમાં ઘૂંટ્યો હતો એ અધૂરી સાધના–ભાવના પૂર્ણ કરવા માટે એવાં પુણ્યના સંયોગો પ્રાપ્ત કરી, શીઘ્રાતિશીઘ્ર ભવકટ્ટી કરી ભગવાન બને તેવી પ્રેમાંજલિ, ગુણાંજલિ–ભાવાંજલિ એ પવિત્ર આત્માને પુષ્પાંજલિ.

**“દીપ ભલે બુઝાઇ ગયો, પણ જ્યોતિ તમારી ઝળહળતી**
**જિંદગી સાચા અર્થમાં જીવીને, પ્રેમ–દીપ પ્રગટાવ્યા.”**

**ગોંડલ સંપ્રદાયના સરલ હદયા**
**બા.બ્ર. પૂ. મીનાબાઇ મ.સ.**

## ‘ સ્નેહીજનોની સ્મરણાંજલિ ’

## અજાતશત્રુ



પરમ સ્નેહી, અજાતશત્રુ શ્રી જયંતિભાઇ બગડીયાના અરિહંત શરણ થવાના સમાચાર મળ્યા, કલ્પનામાં પણ વિશ્વાસ ન કરી શકાય અને જીરવી પણ ન શકાય એવો કારમો ઘા મનમાં લાગ્યો.

સાંજના સમયે જેમની સાથે દિલખુલાસાથી વાતો થઇ હોય તે જયંતિભાઇ રાતના અમને વિલાપ કરતાં આખરી વિદાય લઇ લે તે વાત હજુ પણ અસત્ય જ લાગે છે.

સ્વ. શ્રી જયંતિભાઇ એટલે નિખાલસ, પ્રમાણિક, સત્યનિષ્ઠા અને ધર્મનિષ્ઠામાં વિશ્વાસ રાખનાર એક અનોખું વ્યક્તિત્વ. સગા–સબંધીને તકલીફ ની પળોમાં મદદ કરનાર, સમાજસેવી, સાધુ–સાધ્વીજીઓની અવિરત સેવા કરનાર,અઠ્ઠાઇ તપના આરાધક, દરેક પરિસ્થિતનો પુરુષાર્થ વડે સામનો કરનારા, હસમુખા સ્વભાવના ના શ્રી જયંતિભાઇ વિરલાં જ હતા.

અમે છ સાઢુભાઇઓ, પણ બધામાં એમના જેવો મુઠ્ઠી ઊંચેરો કોઇ નહિં. મારી સાથે ખૂબ જ આત્મીયતા – લાગણી અને પ્રેમના સંબંધ. એમનાં સરળ સ્વભાવના લીધે હું એમની મશ્કરી કરતો પણ તેઓશ્રી ક્યારેય ખોટું લગાડતા નહિ.

જેતપુર અમારું સાસરું, તેથી જયારે પણ મારે જેતપુર આવવાનું થાય ત્યારે દામનગરથી પરિવાર સાથે મળવા આવતાં અને ખાસ આગ્રહ કરીને દામનગર લઇ જતાં. મહેમાનગતિ, આવકાર, આદર તેમની પાસેથી ખાસ શીખવા જેવાં હતા.

તેમનું એક સદાબહાર વાક્ય આજે પણ મારાં કર્ણપટલ પર ધ્વનિત થયા કરે છે અને એ છે. ‘‘એ ભલે ભલે’’ તથા ‘‘એ ભાઇ ભલે

ભલે ...'' વાતચીત દરમ્યાન ખુશી દર્શાવવા તથા હકારનો ભાવ દર્શાવવા તેઓ આ શબ્દોનો ઉપયોગ કરતાં.

હોલીડે-કેમ્પ, ચોરવાડમાં એમની સાથે વીતાવેલ યાદગાર પળો આજે પણ ભૂલાય તેમ નથી.

એમના ધર્મપત્ની હંસાબહેને આવેલ કારમો ઘા જીરવીને બધી સાંસારિક જવાબદારીઓ ધૈર્યતાથી પૂર્ણ કરી. બાળકોને મોટા કર્યા, સારુ ભણાવ્યાં, પરણાવ્યા અને ચારેય દીકરીઓને ખૂબ જ સારા પરિવારમાં પરણાવી.

હંસાબહેન બધી જ બહેનોમાં મોટા. ખૂબ જ હોશિયાર વિનય-વિવેકી. ઘર, બાળકો, વડિલોને સંભાળવાનું અને સેવા કરવાનું કોઈ એમની પાસેથી શીખે. વ્યવહારિક પ્રસંગે તેમની સાથે જ ચર્ચા-વિચારણા કરીને નિર્ણય લેવાતો. શ્રી જયંતિભાઈનું સાન્નિધ્ય અને સામીપ્ય માણ્યું હોય તે દરેક જીવ અવશ્યમેવ પુણ્યશાળી જ હોય.

સદ્દગત આત્માની તિથિપ્રસંગે ગણ્યું ગણાય નહી એટલું માનવ મહેરામણ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા હાજર હતું. વાતાવરણ એવું હતું કે જાણે પશુ-પક્ષી અને ઝાડ-પાંદડા પણ રુદન કરતા હોય !

એમના જવાથી મેં જાણે સર્વસ્વ ખોઈ દીધુ હોય તેવું અનુભવું છું. સુખ-દુઃખનો સાથી અને સર્વજીવોનો મદદકર્તા અનંતની યાત્રાએ ચાલ્યો ગયો. ભગવાને અમારા ઉપર જ કેમ આ કારમો ઘા કર્યો ? સારા માણસોની ભગવાનને પણ જરૂર હોય છે એ સત્યતાનો અનુભવ થયો.

એક સારા માણસના દરેક લક્ષણોથી શોભિત, પછી ભલે તે 'ગીતા'માં વર્ણવેલા હોય કે જૈન શાસ્ત્રમાં નિર્દેશ કરેલા હોય, તે દરેકને આબાદ રીતે જીવી, અલ્પ આયુમાં પણ જીવન સફળ કરી ગયા.

પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને પોતાની પાસે સ્થાન આપે એ પ્રાર્થના જ એમને સાચી હૃદયાંજલિ....

**શ્રી રજનીકાન્ત જયંતિલાલ કોઠારી**
**જલગાંવ (મહારાષ્ટ્ર)**

# કુટુંબ વત્સલ

સ્વ. શ્રી જયંતિભાઇ જગજીવનદાસ બગડીયા વિશે જે કાંઇ લખુ તે ઘણું જ ઓછું પડે તેમ છે. તેમનું જીવન સરળ અને સૌમ્ય ગુણોથી ભરેલું હતું. ઉદારતા, વિશાળતા અને દરેક જીવો પ્રત્યે મૈત્રીભાવ તેને ગળથૂંથીમાં હતો. પોતાનું જીવન બીજાને કેમ ઉપયોગી બને તેવી નિરંતર ઉચ્ચ ભાવના જ તેમના મનમાં રમતી હતી, એટલું જ નહીં પરંતુ એ ભાવનાને સાકાર કરવા હરહંમેશ, હરક્ષણે તત્પર રહેતા.

અમે બોર્ડીંગમાં સાથે ભણતા હતા ત્યારની આ વાત છે. ત્યારે અમુક વિદ્યાર્થીઓને કેટલાંક પુસ્તકો કે જે ભણવા માટે જરૂરી હતા તે અપ્રાપ્ય હતા. જયંતિભાઇએ મુંબઇ તપાસ કરાવી અને ત્યાંથી પુસ્તકો મંગાવ્યા અને આવી રીતે બીજાને અભ્યાસમાં અનુકુળતા ઉભી કરી દીધી હતી. સ્વાર્થ નામનું દૂષણ ન હોય તો જ આ શક્ય બને. બોર્ડીંગમાં તેઓ દરેક માટે 'ભાંગ્યાના ભેરુ' સમાન હતા.



સાધુ-સંતો પ્રત્યે અનન્ય ભક્તિભાવ તથા તેઓનું નિર્મળ ચારિત્રનું પાલન થાય તે માટે હરહંમેશ તત્પર રહેતા. દીક્ષાર્થી ભાઇઓ-બહેનો તથા સાધર્મિકો પ્રત્યે અંતરથી અહોભાવ અને ભક્તિભાવ જાણે એવું લાગે કે પૂર્વભવમાં ચારિત્રની અધૂરી આરાધના પૂર્ણ કરવા આવ્યો છે કે શું ?

સંગીતનો ઘણો જ શોખ. કંઠ પણ મધુર અને બુલંદ. સ્તવનો ગાવાની રીત અનોખી. પોતે તો ગાય પણ બીજા પાસે ગવડાવે અને આ રીતે દરેકને ભક્તિભાવમાં સાથે જોડે. પંચમહાવ્રતધારી સાધુ-સાધ્વીજીઓ પણ તેમના સ્તવન સાંભળવા ઉત્સુક રહેતા. તેમના હૃદયમાં આ હળુકર્મી આત્માએ ચોક્કસ સ્થાન મેળવી લીધુ હતું. આજે આટલા વર્ષે પણ ઉપાશ્રયમાં તેમના, જગુ બાપા અને જેકુંવરબાના દ્દષ્ટાંતો વ્યાખ્યાનમાં વંચાય છે તે અમારા કુટુંબ માટે ગૌરવની વાત છે.

કુટુંબભાવના અવ્વલ દરજ્જાની હતી. તેમની હયાતી હોત તો કુટુંબનો દૂર-દૂર સુધી કોઇ પણ સંબંધી કોઇપણ વાતે દુ:ખી ન હોત તે વાત હું નિ:સંદેહ કહી શકુ તેમ છું. આ પ્રસંગ યાદ કરીને હું આજે પણ રડી લઉં છું. ૨/૬/૮૪નો દિવસ હતો. મારી તબિયત સારી રહેતી નહોતી અને હું મદ્રાસ જવાનો હતો. ત્યારે સાંજે મારી પાસે બેઠા હતા મને ખૂબ જ આગ્રહ કરીને પરાણે સોડા

પીવરાવી અને કહ્યું કે, 'તમારી તબિયત સારી થઇ જ જશે. તમે મદ્રાસ જઇ આવો પછી આપણે અમદાવાદમાં ધંધા માટે ચર્ચા–વિચારણા કરીશું'. મારાં ફૈબાના દીકરાના દીકરા પ્રકાશને ભલામણ કરી કે હું (એટલે જયંતિભાઇ પોતે) કાલે સવારે કુંડલા જવાનો છું એટલે તું કાલે જયંતિભાઇને ધોળા સુધી મૂકવા જજે અને એ ના પાડે તો પણ પરાણે જજે. અને બીજી ભલામણ મને કરી કે, હું નાસ્તાની થેલી રાત્રે મોકલાવીશ તે અમદાવાદ જયશ્રીબેનને પહોંચાડી દેશો, મારા સાઢુભાઇ જલગાંવ વાળા શ્રી રજનીભાઇ ત્યાં આવવાના છે તો તેમની બરાબર સરભરા કરવા જયશ્રીબેનને જણાવશો. સાંજે ૭.૦૦ વાગ્યે માણસ ઘેર આવી જયશ્રીબેનને આપવાની થેલી આપી ગયો અને ફરી રાત્રે ૧૧.૦૦ આસપાસ માણસ મને બોલાવવા આવ્યો કે જયંતિભાઇની તબિયત ગંભીર છે તમે જલ્દી ઘેર આવો. અમે ઘેર જવા નીકળ્યાં ત્યાં બીજો માણસ સ્કુટર લઇને આવ્યો અને અકલ્પનીય બનાવ બની ગયાની તેના બોલવા પરથી જાણ થઇ. ઘેર પહોંચીને પરિસ્થિતિ પામી ગયો. ખુદની આંખ ઉપર વિશ્વાસ ન બેસે, એવું લાગે કે જયંતિભાઇ થાકને કારણે ઉંઘી ગયા છે. એક ઉદાર આપ્તજન કુટુંબીની ખોટ આજ સુધી ભરાઇ નથી શકી.

બાદમાં બધાને ફોનથી ખબર કરીએ પણ કોઇ સાચું માનવા તૈયાર નહોતા. સવારે ૬.૦૦ વાગે જ્યારે પૂ. જેકુંવરબા અને જયશ્રીબેન પહોંચ્યા ત્યારે એ વિલાપ દૃશ્ય જોઇને હાજર રહેલ માનવ મહેરામણમાં સન્નાટો છવાઇ ગયો. આજે આ પ્રસંગ આલેખતા પણ મારા હાથ ધ્રુજે છે.

શ્રી જયંતિભાઇ અમારી વચ્ચે નથી રહ્યા પરંતુ તેમના સદ્ગુણોની સુવાસ અમારી સાથે જ છે. તેમનામાં રહેલી સરળતા, સમજણ, સદ્ભાવના અને ઉદાત કુટુંબભાવના ના ગુણો આપણાં જીવનમાં ઉતારીએ તો જ તેમના ગુણાનુવાદ સાર્થક બને.

**શ્રી જયંતિભાઇ અમૃતલાલ બગડીયા**
**મુંબઇ**

# સંસ્મરણોની સ્મરણાંજલિ

૪ થી માર્ચ ૨૦૧૨ના સાંજના ચિ. બહેન જયશ્રીનો રાજકોટથી ફોન આવ્યો. મને થયું તેમનો દીકરો ધ્રુમન જે અત્રે બેંગલોરમાં અભ્યાસ કરે છે તેની કોલેજનું કોઇ કામ હશે. પણ તેમણે તો કાંઇ નવીજ વાત કરી. મને કહે કાકા પપ્પાનાં દેહાંતને લગભગ ૨૮ વર્ષ થયાં – છતાં ક્યાંક કોઇ સ્વજન લાંબે ગાળે મળી જાય છે ત્યારે તેઓ આજે પણ પપ્પા સાથે વિતાવેલ પળો – સમયને અને સંસ્મરણોને વાગોળતા થાકતા નથી. ત્યારે વિચાર આવ્યો કે આપણે તેમના સંસ્મરણોને પુસ્તક રૂપે પ્રકાશિત કરી તેમને સ્મરણાંજલી આપીએ. અમારી આવતી પેઢી માટે ઘણું પ્રેરણાદાયી ત્થા ઉપયોગી પુસ્તક થશે. વિચાર ખરેખર સુંદર હતો. મેં કહ્યું બહેન ઉમદા વિચાર છે. આગળ વધશો તો મને ચોક્કસ ગમશે. હું મારા સ્મરણો લખી મોકલું છું.

હૃદયસ્થ એટલે મંદિરના એક ગોખલે સ્થાન પામેલ એવા શ્રી જયંતિભાઇનું સ્મરણ કરીએ ત્યારે હૃદય દ્રવિત તો થાય જ પણ સ્મરણાંજલિનો પ્રસંગ એટલે માત્ર ‘આનંદોત્સવ’.



માતા જેકુંવરબેન તથા પિતાશ્રી જગજીવનભાઇ બગડીયા ના કુટુંબમાં જન્મ લીધો અને નાનપણથીજ ધર્મ અને કરૂણાનાં સંસ્કાર તેઓ ખુબ પામ્યા. (ગળથૂંથીમાં જ પામ્યા કહું તો પણ અતિશયોક્તિ નથી) એ સંસ્કારોના સથવારે તેમણે ઘણા જૈન ધર્મના પુસ્તકોનો અભ્યાસ કર્યો. અનેક સાધુ સંતોના સહવાસ સાથે તેમની ખૂબ સેવા કરી.

વડીલ બંધુઓ શ્રી કાન્તીભાઇ તથા શ્રી ભોગીભાઇ સાથે ખભેખભા મેળવીને શાહ કાન્તીલાલ જગજીવનદાસની પેઢીમાં ખંત–નિષ્ઠા અને ન્યાયીક ધર્મે ખૂબ કામ કર્યુ. વડીલો ધંધો વધારવામાં કાર્યરત અને શ્રી જયંતિભાઇ (જે આજનાં જમાનામાં Back office જેને કહે છે) પેઢીનાં હિસાબ કિતાબ તથા અન્ય વ્યવસ્થામાં કાર્યશીલ. નાનાભાઇ ધનસુખને ખૂબ પ્રેમ આપતા તે ભણતરમાં આગળ વધે તેવી નિ:સ્વાર્થ ભાવે ખૂબ ખૂબ મહેનત કરી. બહેનો શ્રીમતી જસીબેન તથા શ્રી નીરૂબેનનું ખૂબ પ્રેમ, લાગણી ત્થા મમતા સાથે ધ્યાન રાખ્યું. ઉંમરમાં નાના હોવા છતાં તેમનો સાંસારિક વ્યવહાર – **એટલે સર્વ કુટુંબીજનોને એક તાંતણે બાંધતી સાંકળ.**

હું અને ભાઇ ધનસુખ વયમાં સરખા– ધનસુખ તેમનો સગોભાઇ અને હું ફૈબાનો દીકરો પણ 'Blood is thicker than Water' નો જરા સરખો પણ અનુભવ મેં કદી નથી અનુભવ્યો – પણ ખરુ કહું તો ક્યારેક મને લાગતું કે મારે માટે ‘ભાણીયો’ હોવાથી ધનસુખને ક્યાંક વ્યવહારમાં અન્યાય થયો હશે. આજે પણ અવારનવાર પ્રસંગોપાત જવાનું થાય – ધનસુખ કે જયંતિભાઇનું અમદાવાદનું ઘર

એટલે આજે ૬૩ વર્ષની ઉંમરે પણ મામાના ઘરનો હક્ક ભોગવું છું. અને ધનસુખ સમવયસ્ક હોવાથી ત્યાં જ ઉતરું છું. સાથે બાળપણ વિતાવેલ અને તેથી આજે પણ સાથે ને સાથે જ. ક્યારેક રાત્રે બેઠા હોઇએ તો વિતાવેલ વર્ષોના અનુભવ ને યાદ કરીએ. ઘણા વિષયો પર ચર્ચા થાય, અને જ્યારે હૃદયસ્થ જયંતિભાઇને યાદ કરીએ પછી તેમની સાથેના અનુભવોનો ઈતિહાસ બોલતો રહે, ઘડિયાળ ચાલતી રહે, રાત ઢળતી રહે પણ તેમના કરેલા સત્કર્મોની ગાથાનો અંત ન આવે. દિવ્યા ભાભી જેને હું આજે પણ લાડમાં દિવ્યાકાકી કહું છું, તેના ઉઠવાનો એલાર્મ વાગે એટલે અમો પણ પથારી ભેગા થઇએ. એવા હતા અમારા શ્રી જયંતિભાઇ.

હૃદયસ્થ જયંતિભાઇને યાદ કરતા મને મારું બાળપણ યાદ આવી ગયું. દામનગર મારું મોસાળ, સગપણમાં જયંતિભાઇ મારા મામા ના દીકરા, મારાથી ઉંમરમાં ઘણા મોટા. મારા મોટા ભાઇ સ્વ. શાંતિભાઇની ઉંમરના લગભગ ૧૫/૧૮ વર્ષનો ફરક. પણ ખૂબજ પ્રેમાળ. મારી કોઇ પણ જરૂરિયાત તેમણે પૂર્ણ ન કરી હોય તેવું દૂર દૂર સુધી યાદ કરતા પણ કાંઇ યાદ ન આવે. મારા વડીલ હોવા છતાં મને તેમણે કોઇ દિવસ ‘વસંત’ એકવચનથી ઉદ્‌બોધન કર્યુ નથી. તેમને માટે હું હરહંમેશ ‘ભાણીયાભાઇ’ કે ‘વસંતભાઇ’ જ રહ્યો. નાનો હોવા છતાં કદી તેમણે કોઇ રીતે પણ નાનપ નથી અનુભવવા દીધી. તેમની વાણી અને વર્તનમાં મેં હંમેશા નર્યો પ્રેમ– નર્યુ વ્હાલ અને મમતા જ પામી છે. આજે જયારે સમજણ આવી ત્યારે જ ખબર પડી કે નાનપણમાં અજાણે અમે કરેલ અયોગ્ય માગણીઓને પણ તેમણે પોતે વડીલોનો ખોફ પામીને પણ પૂર્ણ કરેલ. હું માત્ર આજે એટલું જ કહી શકુ **‘તેઓ મમતાની મૂર્તિ અને પ્રેમનું પાથરણું’** હતા.



વડીલ જયંતિભાઇનો એક જ જીવનમંત્ર ‘જરૂરિયાતમંદોને હું કેમ ઉપયોગી થાઉં’ !. નવકારમંત્ર પરની તેમની પરમ શ્રદ્ધા – ઘણી વાર કહેતા

**નવકારમંત્રનો મહિમા મોટો સુણજો થઇ એક તાર રે !**
**હૃદયે રાખી રટણ કરો તો સફળ બને અવતાર રે !**
**જાણે તેમના જીવનનો એક જ આધાર ‘નવકારમંત્ર’**

તેમનું એક જ અરમાન ‘મારૂં જીવન સુગંધી બને અને સર્વને ઉપયોગી થાઉં.’ તેઓ હંમેશા કહેતા માનવદેહ એ આપણી મિલકત નથી, એતો પ્રભુએ આપણે વિશ્વાસે સોંપેલી થાપણ છે. મનુષ્યને શું મળશે તેનો વિચાર કરતા પહેલા તે હંમેશા વિચારતા કે ઈશ્વરને શું ગમશે ?

વિપુલ સાધનો અને સંપત્તિ વચ્ચે પણ ઓછામાં ઓછા સાધનોથી સંતોષપૂર્વક જીવનાર વ્યક્તિ એટલે શ્રી જયંતિભાઈ. તેમનું એક જ ધ્યેય – **મેળવજો નિતીથી, ભોગવજો રીતીથી, અને વાપરજો પ્રીતિથી.** હંમેશા તેઓ સારામાં સારી આશા રાખતા અને ખરાબમાં ખરાબ માટેની તૈયારી રાખતા. તેમના સમૃદ્ધ વિચારો – 'દુઃખ તો એકલે હાથે પોતાનું ફોડી લેશે. પણ સુખને પુરેપુરૂં માણવું હોય તો તેમાં ભાગ પડાવનાર કોઈક જોઈએ જ.'

દાન– દીન દુઃખીયારાની સેવા અને જરૂરિયાતમંદની જરૂરિયાત સંતોષવી એ એને માટે રોજમેળનું નહિ ખાતાવહીનું પાનું હતું. રોજ કોઈને કોઈ રીતે પુણ્ય જમાં કરાવતા. તેમના જીવીત જીવન દરમ્યાન અનેક કુટુંબોના જીવનને અનેક વિધ સામગ્રીથી સમૃદ્ધ બનાવ્યા. સમગ્ર જીવન દરમ્યાન તેમણે પ્રેમનાં પુલો જ બનાવ્યા.

તેમના ટૂંકા જીવનની સાર્થકતા એટલે તેમણે કરેલ ગુપ્તદાન – જેની ખબર દુનિયાને તેમની ગેરહાજરી પછી જ પડી. તેમની જાણીતી કહેવત – 'ડાબો હાથ આપે તો જમણાને ખબર ન પડે' તેને પણ આગળ વધારી, તેઓ હંમેશા ખોબો ભરીને આપતા અને હથેળીની આંગળીઓને પણ ખબર ન પડતી કે તેઓ એ કોને શું આપ્યું.



તેઓ જરૂરિયાતમંદોને આપતા તો પણ તેની સાથે હાથ મેળવીને – તેમની હથેળી હંમેશા નીચેનાં ભાગમાં રહેતી – જાણે કહેતા હોય કે જરૂરિયાત મંદ વ્યક્તિને આપણે આપેલી વસ્તુનો કે આપણા હાથનો ભાર ન લાગવો જોઈએ. તેઓએ હંમેશા હૃદય અને મનથી લોકોને હતું તે બધું જ આપ્યું. કહેવાય છે ને કે મનની વાત કોઈ ન જાણી શકે. તેથી જ તેમણે આપેલું દાન હરહંમેશ ગુપ્ત જ રહ્યું. પોતાની ઈચ્છા સંતોષી અને લેનારની ગરિમા વધારી. તેમનું દાન એટલું ગુપ્ત હતું કે તેમણે કરેલ સુકાર્યો અને દાનની જાણ તેમના અર્ધાંગિની  શ્રીમતી હંસાબેન – અમારા ભાભી હંસાભાભીને કે બાળકોને પણ કદી નથી થઈ.

જન્મ અને મૃત્યુ દરેક મનુષ્યના જીવનની સાથે નિશ્ચિત સંકળાયેલી ઘટના છે. કેટલીક વ્યક્તિઓનું જીવન અને મૃત્યુ તેમના જીવનને સાર્થક કરી દે છે. મૃત્યુ એ જીવનનું સનાતન સત્ય છે. જીવનમાં સમતા અને સમાાધિ કેળવાય તો જીવન ધન્ય બની જાય. શ્રી જયંતિભાઈએ હંમેશા ભાવભક્તિના સૂર સાથે જીવન અને મૃત્યુના સનાતન સત્યનો પરિચય કરાવેલ છે.

આવી પરોપકારી વ્યક્તિના જીવનના સંસ્મરણો ને વાગોળવા એ ખરેખર અમારા જીવનમાં ખુશીની લહેર વહાવે છે. તેથીજ આ 'સ્મરણાંજલિ – સ્મરણોત્સવ'.

**શ્રી વસંત દેસાઈ**
**બેંગલોર**

## બાળસખા



જીવન જીવી ગયા જયંતિભાઇ. ઉદારદિલા, ધર્મિષ્ઠ પુણ્યશાળી આત્માને ૨૮મી પુણ્યતિથિએ સ્મરણાંજલિના પુષ્પ અર્પણ કરતાં હું ધન્યતા અનુભવું છું.

ભાઇ શ્રી જયંતિભાઇ મારાં કરતાં ૨ વર્ષ નાના હતા. બાળપણ સાથે વીતાવ્યું, એક બીજાને પાંચ મીનીટ પણ જુદા રહેવું ગમતું નહિં. તેમનો સથવારો કાયમ ‘સંકટ સમયની સાંકળ’ સમાન હતો.

ઉદારતાની તો વાત જ શું કરું ? એક પાઇના સ્વાર્થ વગર, પ્રશંસાની અપેક્ષા રાખ્યા વગર છૂટે હાથે જરૂરિયાતવાળાને મદદ કરતા, આમાં તો લેશમાત્ર અતિશયોક્તિ નથી કારણ કે આ બધું તો મેં નજરે નિહાળ્યું છે.

વ્યાખ્યાન શ્રવણ અને સત્સંગના હિમાયતી હતા. નવાં નવાં દૃષ્ટાંતો સાંભળીને બીજાને અદ્‌ભૂત શૈલીથી કહેતા. તેમાં પણ કુરગડું મુનિનું વર્ણન કરે ત્યારે કહેતાં, ‘સાથે શું લઇ જવાનું છે ? પુણ્યનું ભાથું જ ને ! મજા કરી લ્યો ને ભાઇ.’

પોતે ક્યારેય શેઠ છે તેવું વર્તન કર્યું નથી. પેઢીના દરેક માણસને પ્રેમથી અને માનથી જ બોલાવતા. આજે  પણ જ્યારે દેશમાં દામનગર જાઉં ત્યારે તેમની પેઢીમાં બેઠા–બેઠા આવકાર આપવાની રીતની ખોટ ખૂબ જ સાલે છે.

મિમીક્રી ના ખૂબ શોખીન. કોઇપણ વ્યક્તિની નકલ આબેહૂબ કરી શકતા. મિત્રવૃંદમાં પણ ગંભીર વાતાવરણને હાસ્યસભર કરી હળવું બનાવી દેતા.



પેઢીથી ઘેર જતાં કે આવતાં રસ્તામાં કોઇ વડિલને ચાલીને જતાં જુએ એટલે તેને ત્યાં જ ક્યાંક બેસાડી દોટ મૂકીને ગાડી લઇ આવે અને પ્રેમપૂર્વક ઘેર પહોંચાડે એવો તેમનો વિનય હતો.

આજે પણ જયંતિભાઈને ખૂબ યાદ કરતો હોઉં ત્યારે મારી પુત્રવધૂએ પૂછ્યું કે 'કેવા હતા તમારા જયંતિભાઇ ?' મેં લગ્નના મારા આલ્બમમાં ફોટો બતાવીને કહ્યું આ છે અમારી 'કૃષ્ણ–સુદામાની' જોડી.

સુમધુર કંઠે, ઉલ્લાસપૂર્વક સ્તવનો – ગીતો ગાતાં જયંતિભાઇ સાધુ–સંતોને પણ મંત્રમુગ્ધ કરી દેતા હતા.

તેમણે તો મોક્ષમાર્ગ પ્રતિ પ્રયાણના પાઠો નાની ઉંમરથી જ શીખવા માંડ્યા હતા. તેથી તેમનો આત્મા અંતિમ લક્ષ્યને ટૂંક સમયમાં પામશે જ તેમાં કોઇ સંદેહ નથી. બાળપણના ગોઠિયાની યાદોમાં આંખમાંથી અશ્રુધારા વહે છે. સમય ઊભો રહેતો નથી, આવ્યા તેને જવાનું છે. પરંતુ પ્રભુને નમ્ર પ્રાર્થના છે કે જયંતિભાઇ જેવું જીવન જીવી જવાય તોય ઘણું છે.

**શ્રી ભૂપતભાઇ બગડીયા**
**ચેન્નાઇ**

# "વંદનીય કર્મયોગીનું વ્યક્તિત્વ દર્શન"

સ્વ. મુ. જયંતિભાઇ બગડીયા સ્મૃતિગ્રંથ અંક પ્રકાશિત થઈ રહ્યો છે ત્યારે તેમાં સહભાગી થતાં હું ગૌરવની લાગણી અનુભુવું છું. આ અવસરથી વંદનીય મુ. શ્રી જયંતિભાઇના વ્યક્તિત્વના ત્રણ દાયકા પૂર્વેના સંસ્મરણો તાજા થશે જે આપણને સર્વેને વિશેષ પ્રેરણાસ્રોત બની રહેશે.

અખબાર અને મીડીયા દ્વારા રોજ–બરોજ સ્વાર્થ માટે આપ્તજન વચ્ચે પણ ટકરાવ, અપ્રમાણિકતા અને અન્ય દુષણો આપણે સહુ નિહાળી રહ્યા છીએ ત્યારે ખુદના આચરણ દ્વારા સાદગી–નમ્રતા શું હોઈ શકે? પ્રમાણિકતાસભર નિષ્ઠાપૂર્વક ફરજ શું હોઇ શકે ? તેનો સ્મૃતિગ્રંથ આપણી નવી પેઢીને રાહ બતાવશે અને સાથે પ્રેરણાદાયી બની રહેશે.

વ્યક્તિ કોઇ એક ક્ષેત્રમાં કે ઘણા ક્ષેત્રમાં સફળ કે સારા હોય શકે, પરંતુ સ્વ. જયંતિભાઇનું જીવન દર્શન સંપૂર્ણ સફળ એક અચ્છા સે અચ્છા પુત્ર, ભાઇ, પતિ, ભાગીદાર, મિત્ર, શેઠ અને સુશ્રાવક બની રહ્યું. તેમાં અલગ અલગ પાત્રની હર વ્યક્તિને જે કાંઇ સાથે રહેવાનો મોકો મળ્યો તે હરેક વ્યક્તિનુ સદ્ભાગ્ય જ હતું.

સ્વ. મુ. શ્રી જયંતિભાઇ સાથેના સંસ્મરણો લખવા એટલે ત્રણ દાયકા પહેલાના સમયના તેની સાથેના સબંધોની યાદદાસ્ત તાજી કરવી.



ખેત ઉત્પાદન ક્ષેત્રમાં કોમોડીટી વ્યવસાય સાથે સંકળાયેલી અને એ સમયમાં પરપ્રાન્તમાં પણ વ્યાપાર ક્ષેત્રે પ્રતિષ્ઠા ધરાવતી, જીલ્લાભરમાં ટુંકા નામથી પ્રખ્યાત એવી **બગડીયાની પેઢીના પર્યાય એટલે જયંતિભાઇ બગડીયા.**

મુ. શ્રી કાંતિભાઇ, મુ. શ્રી ભોગીભાઇનું રહેઠાણ મુંબઇ પણ હોવાથી તેઓ આવતા–જતાં રહેતા, તેથી બગડીયાની પેઢીમાં પ્રવેશ કરીએ એટલે જયંતિભાઇના દર્શન થાય જ. તેઓ કામકાજમાં વ્યસ્ત હોય તો પણ આવનાર વ્યક્તિને જુવે એટલે આદર–આવકાર આપે જ તેવો તેમનો સ્વભાવ.

શહેરની અને આ વિસ્તારની પ્રથમ કક્ષાની આર્થિક સંપન્ન વ્યાપારી સંસ્થાન તેમજ સામાજિક-સેવાકીય પ્રવૃત્તિથી ધમધમતી હોવાના કારણે દરેક ક્ષેત્રના લોકોનો ધસારો પેઢીમાં અવિરત રહેતો.

મારા પિતાના ગ્રામ્ય વિસ્તારના નાના વ્યાપારના કારણે તેઓ સ્વ. જગજીવનદાદા અને તેમના પરિવારથી ખૂબજ પરિચિત તેમજ તેમની જીવનશૈલીથી પ્રભાવિત હોવાના કારણે તેમની પ્રશંસા મારી નાની ઉંમરે પણ મારા ઘેર સાંભળવા મળતી. મારા અભ્યાસ પછી આ વ્યાપારના ક્ષેત્રમાં આવવાનું થતાં મુ. શ્રી જયંતિભાઇનો પરિચય મારા પિતા દ્વારા થયો.

મુ. શ્રી જયંતિભાઈથી મારી ઉંમર અને વ્યાપારની હેસિયતમાં ખાસ્સો તફાવત હોવા છતાં બહુજ ટૂંક સમયમાં મારી એક પ્રમાણિક વેપારી તરીકેની છાપ પ્રસ્થાપિત થવાથી નિકટતા પામ્યો.

સાદાઇ, નમ્રતા, સહનશીલતા, નિખાલસતા અને સેવાકીય ભાવનાથી સભર તેમની જીવનશૈલીથી હું હરહંમેશ પ્રભાવિત રહ્યો. ન દંભ, ન દેખાડો, તેમનો કોઇ ક્ષેત્રમાં આગેવાની લઇ પ્રશંસા પ્રાપ્ત કરવાનો સ્વભાવ જ નહિં, તેમની ધાર્મિક ભાવના પ્રબળ હોવાથી ગુપ્તદાન આપવામાં માનતા તેથી પેઢી તરફ દરેક સમાજના લોકોનો ધસારો ખૂબ જ રહેતો, સ્ટાફ પ્રત્યે પેઢીનું વલણ ઉદાર છતાં પણ બંને મોટા શેઠથી ખાનગી મદદ પણ કરતા.



સંતાનોને શિક્ષણ આપવાની ભાવના પહેલેથી જ પ્રબળ, જેથી પરિવારનું રહેઠાણ અમદાવાદ હતું. તે દરમિયાન તેમને પેઢીએજ વધારે રહેવાનું થતું તેથી મારે ખાસ્સો સમય તેમની સાથે વિતાવવાનો થતો. તે સમયે તેઓ કહેતા કે, શિક્ષણ એ આજના સમયની માંગ છે. પ્રાથમિક શિક્ષણથી જ બાળકોમાં કાળજી રાખવી પડે, જે પ્રેરણામાંથી જ મેં મારા સંતાનોના શિક્ષણ પ્રત્યે કાળજી કરી હોવાથી મારા સંતાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

તેઓ પેઢીના સ્ટાફથી લઇ પરિવાર સુધી કામ લેવામાં નહિ બલ્કે કોઇ નારાજ ન થાય તે રીતે ઉપયોગી થવાનો અને સંતોષ આપવાનો તેમનો સહજ સ્વભાવગત ગુણ હતો. ઘેરથી વડીલ પ્રભાબેનનો કોઈ વસ્તુ મંગાવતો ફોન આવે તો તુરતજ અહોભાવથી કહેતા, 'હા જી, ભાભી તુરત મોકલાવું છું'.

ગામમાં જૂજ ટેલીફોન હોવાથી લોકોના બહારથી સંદેશા તેમના આપ્તજનોને પહોંચાડવા બહુ આવતા તો ખુદ લખી માણસ દ્વારા તુરત પહોંચાડવાનો પ્રબંધ કરતા. કામમાં સતત વ્યસ્ત હોવા છતાં હળવા મૂડમાં આનંદ કરતા અને સ્ટાફને પણ કરાવતા. અમદાવાદથી મોટી દીકરી જયશ્રીબેનનો ફોન આવે તો વાત પૂર્ણ કરી કહેતા, 'કે ભાઇ જયશ્રીબેનનો ફોન હતો. સરખી વાત કરવી પડે હો, તેમાં ઉતાવળ ના કરાય,' કહી સૌને હસાવતા. સ્ટાફમાં પણ કોઇ અંદરોઅંદર દલીલબાજીવાળી ચર્ચા કરતા હોય તો, 'એ ભાઇ શાંત થઇ

જાવ, શેઠ આવી જશે,' કહી વાતાવરણ હળવું કરતા.

જાહેર જીવનના દ્વારકાદાસ પટેલ, જશવંત મહેતા, સહિતના અગ્રણીઓનો દામનગર ખાતેનો ઉતારો પેઢીએ રહેતો. મુ. કાંતિભાઇ, ભોગીભાઇ બહાર હોય ત્યારે તે કામગીરી તેમને ખૂબજ વધી જતી. સ્વ. જગજીવનદાદાના સમયથી જ જૈન સમાજમાં નામ અને મુ. ભોગીભાઇ જૈન સંઘના પ્રમુખ, પેઢી સામે જ ઉપાશ્રય, એટલે મહાસતીજીના દર્શને બહારથી મહેમાનોનો અવિરત પ્રવાહ રહેતો, તેમની આગતા-સ્વાગતામાં પણ બહુજ કાર્યરત રહેતા. ખુદ ગાડીનો ઉપયોગ ભાગ્યે જ કરતાં બલ્કે વાહનના અભાવ વચ્ચેના એ જમાનામાં ઉપવાસ કરનાર કે ઉંમરલાયક વ્યક્તિ માટે ઉપાશ્રયથી ઘેર લાવવા-લઇ જવા ડ્રાઈવર સાથેની કાર તહેનાતમાં રાખતા, કોઈની આકસ્મિક બિમારીમાં પણ તન-મન-ધનથી સેવા કરવા તત્પર રહેતા. પેઢી દ્વારા અવારનવાર નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, છાશકેન્દ્ર ચાલતા, એમાં તેઓ જાતે દેખરેખ રાખી ખૂબ વ્યસ્ત રહેતા.

તેમના સદ્‌ગુણોભર્યા ઘણા પ્રસંગો છે પરંતુ બે પ્રસંગો (૧) મારી નજરે નિહાળેલ (૨) મારા પ્રત્યક્ષ અનુભવનો પ્રસંગ અહીં રજૂ કરું છું.

ગામડાના એક વ્યાપારી, પેઢીમાં જરૂરીયાત અર્થે નાણાં લઇ ગયેલા, ખાસ્સો સમય વીત્યા બાદ પણ પરત આપી શકાય તેવી સ્થિતિ ન હોવાથી મુ. કાંતિભાઇએ તે વ્યક્તિ પાસેથી થોડા ઉંચા ભાવ આપી જણસ ખરીદ કરી. તે વ્યક્તિ ગયા પછી જયંતિભાઇને જણાવ્યું કે, આ વ્યક્તિ હિસાબ અર્થે આવે ત્યારે આપણા નીકળતા નાણાં બાદ કરી હિસાબ આપવો. તેઓ ઈન્કાર કરે તો હું આવ્યા પછી નાણાં આપવા. એક દિન બાદ તે વ્યક્તિ આવતા મુ. કાંતિભાઇ સામે ઉપાશ્રયે દર્શને ગયેલા, તે વ્યક્તિને નાણાં બાદ કરી હિસાબનું જયંતિભાઇ દ્વારા કહેવાતા તે વ્યક્તિએ પોતાની મુશ્કેલી વર્ણવી. દિવાળી સુધી થોભો, તેવું કહેલ, તેમની દયનીય સ્થિતિ જોઇ મુ. જયંતિભાઇએ પુરતો હિસાબ આપી દીધો અને જણાવી દીધું કે, તમો રવાના થાવ, શેઠ આવેથી નાણાં કપાઇ જશે. તે દરમિયાન કાંતિભાઇનું આગમન થયું. જયંતિભાઇ દ્વારા વાત જણાવતા મુ. કાંતિભાઇ એકદમ ગુસ્સે થઇ ગયા. અને એ સન્નાટાભર્યા માહોલમાં ઘેર જમવા જતા રહ્યા. મારી અને પેઢીના સ્ટાફની સંપૂર્ણ હાજરી ત્યારે તુરત જ જયંતિભાઇ અમોને હસતા હસતા કહેવા લાગ્યા કે, તમો કોઇએ શેઠને રોક્યા નહિ હો ભાઇ.... તે વાક્ય સાંભળી સ્ટાફ સહિતના અમો બધા ખૂબ હસી પડ્યા.

બીજા કિસ્સામાં, એ વર્ષોમાં જીરાનું ઉત્પાદન સારું થવા લાગેલું. જીરાના ઉંચા ભાવ અને દુર સુધીના ગામડામાં ખરીદી કરવાની હોય એટલે નાણાંની ખાસ્સી જરૂર પડતી. જે અંગે મેં પેઢીને જણાવતા તેઓએ મને મારી ખરીદી-વેચાણ પુરતો ભાગીદારીમાં જોડેલ. (મારો શ્રમ, પેઢીના નાણાં) હું ખરીદ-વેચાણ કરું, હિસાબ-કિતાબ પેઢીએ ન્યાલભાઇને લખાવી દેતો, સીઝન પૂર્ણ

થયેથી મુ. ભોગીભાઇ દ્વારા હિસાબ જોઇ સમજાતો, થયેલ નફામાં પચાસ ટકા હિસ્સો મને મળી જતો. ૧૯૮૩માં હિસાબ સમજતા મને પાંચેક હજારનો ઘસારો પડતો જણાયો, મેં વિનંતી કરી પરંતુ મુ. ભોગીભાઇએ ગ્રાહ્ય ન રાખતા, હિસાબ થઇ ગયો. (વ્યાપાર અર્થે કાયમી નાણાંકીય જરૂરીયાત રહેતી તેથી વિરોધ કરવાનો પ્રશ્ન જ ન હતો.) બીજા દિવસે હું પેઢીમાં દાખલ થયો,

મને મુ. જયંતિભાઇએ ખાનગી ચેમ્બરમાં બોલાવી, પૃચ્છા કરી કે, ગઇકાલના હિસાબમાં તમોને કેટલો ઘસારો પડે છે ? મેં પાંચ હજાર જણાવતા તેઓએ મને સ્ટાફ અને ભોગીભાઇથી ખાનગી પાંચ હજાર આપી દીધા અને બુકમાં જયંતિભાઇ હથ્થુ ઉધાર્યા, મેં પૃચ્છા કરી કે આ જયંતિભાઇ હથ્થું એટલે શું ? તેમણે મને જણાવ્યું કે, રફીકભાઇ કસર લખું તો કસર ખાતામાં જવાથી ભોગીભાઇના ધ્યાન ઉપર આવે તો યોગ્ય ન ગણાય. તેથી મેં જયંતિભાઇ હથ્થુ લખ્યું જે મારા અંગત ખાતે ઉધરી જશે. આ ઉદ્‌ગારો સાંભળી હું આશ્ચર્યચકિત થઇ જોઇ રહ્યો.

હું ગામડે ખરીદી કરવા જાતો, અને વ્યાપારમાં નિરાશા મળતી ત્યારે તેઓ કહેતા કે આ કાચો વેપાર છોડી તમારે ભાડે લઇને પણ ઓઇલ મીલ શરૂ કરવી જોઇએ. ઓઇલ મીલોમાં નફા ખૂબ સારા છે. અમો ધર્મના કારણે મીલ ન કરી શકીએ. તમો કરો તો હું આર્થિક અંગત સહકાર આપીશ. તેના બે–ત્રણ માસમાંજ તેઓ વિદાય થયાં. તેઓની હાજરી રહી હોત તો મારે ઓઇલ મીલ વહેલી શરૂ થઇ શકી હોત, આવી ભાવના અને વિશ્વસનીયતા મારી સાથે છેલ્લે સુધી જળવાઇ અને મારા ઘેરની છેલ્લી ચા મારી સાથે લઇને કલાકોમાંજ તેઓ સ્વર્ગે સિધાવ્યા.

**'રહી જીવન બળી, સુવાસિક ધૂપસળી, સુખ સમા કંઇ જીવન પમરે,**
**બળી બળી મહેંક જગ કમરે.... જાય પ્રાણમાં ભળી....**
**ઉદર્વગમનની રીત અનેરી, નમ્ર નમનની રીત અનેરી ઉન્નત ગતિ લળી લળી....**

મુ. જયંતિભાઇનું પરોપકારી જીવન, તેના કાર્યો દ્વારા સદાયને માટે મીઠી સુગંધ પ્રસરાવતું રહે, પ્રેરણા આપતું રહે તેવી અભ્યર્થના સાથે મારી અને પરિવારની સ્નેહભરી શ્રધ્ધાંજલિ પાઠવું છું.

**શ્રી રફીક હુનાણી**
**દામનગર**

# દામનગરનો જવાહિર

શ્રી જયંતિકાકા મારે માટે વડીલ અને મિત્ર બંને હતા. સંબંધોના સાયુજ્યનો સુમેળ સાધવાની કલા બેનમૂન હતી. અમે દામનગર સાથે રહેતા. તેમના પરિવારને બાળકોના ઉચ્ચ શિક્ષણ અર્થે અમદાવાદ જવાનું બન્યું. બે ત્રણ દિવસે મારે ઘેર એક વાર જમવા આવે. પણ ક્યારેય પરિવાર નથી તો મજા નથી આવતી કે બાળકો વગર ગમતું નથી એવી ફરિયાદ નથી કરી. હંમેશા પ્રસન્ન જ રહેતા.

કોઈ પણ માણસને ધંધા માટે રૂપિયાની જરૂર હોય યા અન્ય કોઈ પણ કામ માટે જરૂર હોય તો તેના મુખેથી ક્યારેય ના નથી સાંભળી. 'લઈ જાઓ, તૈયાર છે.' લેનારના ચહેરાની ખુશી જોઈને પોતે આનંદ મેળવતા. અરે ! સવારે ૫.૦૦ વાગે અમે મદદ માંગવા જઈએ તો કહે કે ચલો, હમણાં જ આપું છું.

'અત્યારે ક્યાં લેવા આવ્યા ? રાત્રે લઈ ગયા હોત તો.' એવું ક્યારેય બોલ્યા નથી. આપવાની ભાવનાને ગજબની આત્મસાત્ કરી હતી.



પરિવાર અમદાવાદ ગયો પછી સાધુ–સાધ્વીજીની ગોચરીનો લાભ અપેક્ષાએ પહેલાં કરતાં ઘરે ઓછો જ મળે તે સ્વાભાવિક છે. તેથી હું જ્યારે ભાવનગર હોઉં ત્યારે ડ્રાય ફ્રુટસ તથા બદામની પૂરી મંગાવતા. પેઢીએ આ બધું તથા પૌષ્ટિક નાસ્તો રાખતા અને ખાસ સાધુ સંતોને પાતરે પડે તો ધન્યતા અનુભવતા હતા. સવારે ઉપાશ્રયે પૂ. મહારાજસાહેબ યા મહાસતીજીને વિનંતી કરવા જતાં કે મને હવે ઘેર ઓછો લાભ મળે છે આપ પેઢીએ પધારો, આવો અનન્ય પ્રેમ સંતો પ્રત્યે હતો. અને વહોરાવવાની હૃદયની ઉમદા ભાવના જાણે તીર્થંકર નામ ગોત્ર બાંધવાની પાત્રતા હતી.

કોઈપણ સમયે કોઈ કહે કે બહારગામ સંતોના દર્શનાર્થે જવું છે. બધાં કામ પડતાં મૂકીને પોતાની ગાડી લઈને બીજાને દર્શન કરાવવા લઈ જઈને પુણ્યનું ભાથું બાંધતા, અને તેમની સાથે ગયેલા દર્શનાર્થીઓ જયંતિકાકાની ખોબલે-ખોબલે પ્રશંસા કરતા.

અમે સાઉથમાં સાથે ફરવા ગયા હતા. પોતાને કાંદા-બટાકાની બાધા હતી. વળી ખાવાના શોખીન હતા. ત્યારે તો અત્યાર જેટલું જૈન ફુડ સરળતાથી ઉપલબ્ધ ન હતું. છતાં પણ ઘણાં દિવસો દહીં અને પૂરી યા અન્ય કોઈ એક વસ્તુથી ચલાવી લેતા. ક્યારેય એવું બોલતાં નથી સાંભળ્યા કે અત્યારે ખાઈ લઉં પછી પ્રાયશ્ચિત લઈ લઈશ. દૃઢ સંકલ્પબળ હતું.

મેં તો હંમેશા તેને મોટેથી કે મનમાં આ જ ગીતનું રટણ કરતાં જોયા છે.

**'સૂતાં સૂતાં અંધારામાં જોજે મૃત્યુ ના થઈ જાય**

**મનની મનમાં ના રહી જાય'**

શ્રી જયંતિકાકા સાથેના બધાં સુખદ સંભારણા જ છે. સમયના વહેણે સ્મૃતિનાં દરેક પ્રસંગો વર્ણવી શકતો નથી.

એટલું તો ચોક્કસ કહીશ કે **દામનગરનો જવાહિર** ગુમાવ્યાનું દુઃખ તો આજે પણ ગામવાસીઓને એટલું જ હશે.

એમનાં જીવનનાં સદ્‌ગુણો, સુકૃત્યો મારાં જીવનમાં પણ સ્વપ્રયત્ને હું ઉતારી શકું એવી પ્રભુને પ્રાર્થના.

**શ્રી રાજુભાઈ ગિરધરલાલ બગડીયા**
**મુંબઈ**

# માનવ પુષ્પની મહેક

શ્રી જયંતિભાઇ બગડીયાને અલપ–ઝલપ મળવાનું થયું, સ્વ. શ્રી સૌભાગ્યચંદભાઇ કોઠારીને ત્યાં કે જેઓ મારા પરમ મિત્ર હતા. એક કે બે વખતની ટૂંકી મુલાકાત સ્મરણમાં કાયમ રહી ગઇ.

અ.સૌ. ચિ. જયશ્રી જ્યારે અમારા પરિવારનો અંશ બની પછી શ્રી જયંતિભાઇના સ્મરણ પુસ્તકના પાનાં ફરવા લાગ્યા. પ્રત્યક્ષ અલ્પ પરિચય પરંતુ પરોક્ષ ઘણો જ એવા શ્રી જયંતિભાઇ એટલે,

એક શુદ્ધ અને સુરેખ વ્યક્તિત્વ ધરાવતા સદાબહાર પ્રસન્ન જીવ. 'ત્યાગીને ભોગવ' એ ઉપનિષદના મંત્રને તેમણે જીવનમાં પ્રગટાવ્યો હતો.

ગુણરૂપી પુષ્પોથી જેમનું જીવન મઘમઘાયમાન હતું. એમના પરિચયમાં આવો એટલે એમનાં ગુણોની સુવાસ અનુભવ્યા વગર ન રહી શકીએ.

પરોપકાર જેમનો જીવન મંત્ર હતો. કોઇનું દુઃખએ જોઇ શકે નહીં. તન–મન–ધનથી એને સહાય કર્યા વગર એમને ચેન પડે નહિં.

પૂ. સાધુ–સાધ્વીજી મહાત્માઓની વૈયાવચ્ચ કરવાની એક તક પણ તેમને જતી કરવાની પાલવે નહીં. ઘરનું કે ધંધાનું ગમે તેવું અગત્યનું કામ તેમને રોકી શકે નહિં.

સરળતા– નિખાલસતા, ઉદારતા, નમ્રતા અને ક્ષમા જેમને સહજ હતી.

કુટુંબપ્રેમ એમનો અજોડ હતો. એમને મન આખું વિશ્વ એમનું કુટુંબ હતું.

જ્ઞાન અને ક્રિયાનો અદ્‌ભુત સમન્વય જેમની સાધનામાં હતો. આવાં એમને શેં ભૂલાય ?

તેમનાં ગુણોની ભૂરી–ભૂરી અનુમોદના સહિત તેમને શત–શત વંદન.

**ડૉ. મનુભાઇ સોમચંદભાઇ શાહ**
**રાજકોટ**

## ‘સારપ’નું સારસ્વત

**‘ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર તેના, તે કદિ વીસરશો નહિ.’**

આ પંક્તિને આત્મસાત્ કરનારા મારા પરમ મિત્ર શ્રી જયંતિભાઇ જીવનનાં થોડા વર્ષોમાં કમાલનું જીવન જીવી ગયા. તેમના સત્કાર્યો યાદ કરીને આજે પણ તેમની છબી મનમંદિરમાં અંકિત છે. અમે બંને ફોરવર્ડ હાઇસ્કૂલ અમરેલીમાં સાથે અભ્યાસ કરતાં હતા. ખેતાણી જૈન બોર્ડીંગમાં સાથે રહેતા હતા.



**પૃથ્વી સમુ નહિં બેસણું, આભ સમું નહિં છત્ર,
પ્રેમ સમી નહિં માધુરી, આપ સમો નહિં મિત્ર.**

અમારી મિત્રતા કૃષ્ણ અને સુદામા સાથે સરખાવી શકાય તેવી હતી. મારે જ્યારે જ્યારે આર્થિક મુશ્કેલી પડતી ત્યારે હંમેશા મને મદદરૂપ થવામાં તેમણે આગળ પડતો ભાગ ભજવ્યો છે. તેમનાં પિતાશ્રી જગજીવનભાઇ ના સદ્‌ગુણો હંમેશા તેના જીવનમાં તરી આવતા હતા. આપણો ધર્મ હંમેશા ધ્યાન, સાધના, પ્રાર્થનાને મહત્વ આપે છે.

ખેતાણી જૈન બોર્ડીંગમાં દિવસની શરૂઆત હંમેશા જયંતિભાઇના મુખેથી ગવાતી પ્રાર્થનાથી થતી. તેમનો એ પહાડી ભક્તિનાદ અમારાં કર્ણપટલ પર આખો દિવસ ગૂંજ્યા કરતો અને સારી રીતે દિવસ પસાર કરવામાં સહાયક બનતો. અમારાં વતન દામનગરમાં સ્થાનકવાસી ભાઇઓની સારી સંખ્યા હતી. તેમાં શ્રી વિનુભાઇ શેઠ, શ્રી જગજીવનભાઇ બગડીયા, શ્રી નંદલાલભાઇ બગડીયા, શ્રી મોહનલાલ કેશવજી અજમેરા ઉપાશ્રયમાં સાધુ-સંતોની સેવા કરવામાં આગળ પડતા હતા. પંજાબી મહારાજ સાહેબ શ્રી ઘાસીલાલજી મહારાજને અહમદનગર જઇ વિનંતી કરી દામનગરમાં ચાતુર્માસ કરાવ્યું હતું. જે સમયે તેમના શિષ્યોએ

ઉગ્ર તપશ્ચર્યા કરેલ જે દામનગરના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલ છે.

તેમની સુપુત્રી જયશ્રીબેન, શ્રી જયંતિભાઇના સંસ્મરણો લખી રહ્યા છે અને તેમને મને મારા અનુભવો તેમના સાથીદાર મિત્ર તરીકે લખી મોકલવા કહ્યું તે બદલ હું અત્યંત ભાવવિભોર બની આનંદિત થયો છું. આ એક પ્રેમાળ પુત્રી તરીકેની ભાવના પ્રગટ કરે છે. (આજે ૨૮ વર્ષ પછી પિતાશ્રીના ઉપકારોથી ઉપકૃત થયેલા જયશ્રીબેને અંશતઃ ઋણમુક્ત થવાની જે તક ઝડપી છે તે ઘણી જ સરાહનીય છે.) ગાંધીજીની આત્મકથા ગોપાલ કૃષ્ણએ લખેલ છે જે રાજ ગોપાલચારીની દીકરીના પુત્ર હતા અને અત્યારે West Bengal, Kolkata - Governer છે. જયશ્રીબેન પણ જીવનમાં વધારેને વધારે પ્રગતિ કરે તેવા આશિષ સહ શુભેચ્છા.

બે વર્ષ ફોરવર્ડ હાઈસ્કૂલ અને ખેતાણી જૈન બોર્ડીંગ અમરેલીમાં અમે બંને મિત્રોએ પસાર કર્યા છે જે હજુએ મારી સ્મૃતિમાં અકબંધ છે. બીજા લોકોને કઇ રીતે મદદરૂપ થઇ શકાય એ મને તેમણે વ્યક્તિગત રીતે અનુભવ પ્રમાણે શીખવ્યું.

સ્વામી વિવેકાનંદે માત્ર તેમનાં ૩૬ વર્ષના જીવનકાળ દરમ્યાન ઘણા ઘણાં કાર્યો કર્યા હતા. મારા ખાસ સાથીદાર શ્રી જયંતિભાઇના પણ તેવાં જ પ્રયત્નો રહ્યા હતા. દામનગરની જનતા તો આજે પણ ગૌરવ લેતી હશે કે આવા **‘નર રત્ન’** અમારા વતનનું હીર છે.

ભૂખ્યાને ભોજન, દુઃખીને દિલાસો અને હારેલાને હિંમત આપવી એ વિદ્યાર્થીકાળથી જ તેમનો જીવનમંત્ર હતો.

જેમણે મને દુઃખમાં કદી હારવા નથી દીધો એવા શ્રી જયંતિભાઇ જેવો મિત્ર એટલે જીવનમાં સાંપડેલી ધન્ય ક્ષણ.

મિત્ર એટલે મિત્ર,

**‘લાગણીની જીત છેવટ હોય છે, કૃષ્ણ પણ ક્યાં જાય તાંદુલ છોડીને ?**
**રસઐક્ય વણ મન ઐકય નહિ મન ઐકય વણ નહિ મિત્રતા’**

**શ્રી પ્રવીણભાઇ અજમેરા**
**ચેન્નાઇ**

# ધરતી પરનો ધન્વંતરી




આશરે ત્રણ હજારની વસ્તીવાળા ગામ દામનગર (જિલ્લો : અમરેલી) દેનાબેન્કમાં નિમણૂંક મળતાં પહેલી જ વાર ૧૫ મી જૂન, ૧૯૭૧ ના રોજ ફરજ પર હાજર થવા, શહેરી જીવન છોડી રહેવા જવાનું બન્યું. જે સરનામું મને મળેલું તે 'બગડીયાની પેઢી ઉપર', દેના બેન્કમાં. પહેલાં જ દિવસે અનેકમાંનો એક પરિચય થયો હતો તે વ્યક્તિ આજે પણ બહું જ સ્મૃતિમાં છે તે સદ્‌ગત જયંતિલાલ જગજીવનદાસ બગડીયા. મોટી વેપારી પેઢીના રોજેરોજના બેન્ક સાથેના વ્યવહારો માટે તેઓ લગભગ સહુ પહેલાં જ આવે ત્યારે ઘણાં જ આત્મીયભાવે બધાં કર્મચારીઓની ખબર અંતર પહેલાં પૂછે પછી હિસાબી વ્યવહાર કરે.

એક વખત અમે બધાં બેન્ક પરિવારના અને બે-ચાર વ્યક્તિ ગામના મળીને તુલસીશ્યામ તાડપત્રી બાંધેલા ટ્રકમાં બે દિવસની રજામાં ગયેલા. વરસાદી મોસમ તેથી પાછા ફરતાં સાંજના સમયે ટ્રક કાદવમાં ફસાયો. ધીમો વરસાદ ચાલુ હતો તેથી ટ્રક કેમેય આગળ ચાલે નહિ. રાત્રે જયાં - ત્યાં નજીક ગામમાં બધાને રોકાઈ જવું પડયું. સૂર્યોદય થયો પછી ટ્રેકટર આવ્યું અને ટ્રક કાદવમાંથી બહાર નીકળ્યો. સ્વાભાવિક છે કે પાછા દામનગર સમયસર ન જ પહોંચાય. તે દિવસે શનિવાર. સહુથી પહેલાં જયંતિભાઈને જાણ કરેલી. તેમણે ગામનાં બધાં વેપારી મંડળનાં ભાઈઓને બેન્ક સ્ટાફ જયારે પણ આવે ત્યારે તે દિવસનો વ્યવહાર સાંજ પડે તો પણ કરવો તેવું નક્કી કરાવ્યું, અને અમે બપોરે માંડ સીધા બેન્ક પર જ પહોંચ્યા. શ્રી જયંતિભાઈ અમારી રાહ જ જોતાં પેઢી બહાર ઊભા હતા. તેમણે અમારા બધાં માટે પહેલાં ચા-નાસ્તાની વ્યવસ્થા કરી અને બધાં જ વેપારી ભાઈઓને જાણ કરી. આવા વિપરીત સંજોગોમાં તેમની સૂઝથી તે દિવસે બેન્કના બધાં જ વ્યવહારો સાંજ સુધી થયા અને અમને ક્યાંય વહીવટી મુશ્કેલી પડે નહિ તેનો તેમણે ખાસ ખ્યાલ રાખ્યો.

આ પ્રસંગ ૪૦ વર્ષ પછી કહી શકાય. એ સમયે બેન્કમાં રોકડ રકમ રાખવાની મર્યાદા દસ હજાર રૂપિયા હતી. પણ દિવાળી સમયે અને સારા પાક–પાણી થયા હોય તેવા સમયે સૌરાષ્ટ્ર – ગુજરાતમાં ખરીદ–વેચાણની રકમ તાર દ્વારા (ટી.ટી. – ટેલિગ્રાફીક ટ્રાન્સફર) જમા આવતી. આવા સમયે એક સાથે ૨૫–૫૦ હજારનો ઉપાડ કરવા કોઈ આવી જાય તો બેન્ક મેનેજર જયંતિભાઈને ફોન કરે અને તુરંત જ પેઢીના ખાતામાં આવી મોટી રકમ (ત્યારે ગણાતી) જમા કરાવે અને બેન્કની સગવડ સાચવે. આવા ઉમદા સ્વભાવના જયંતિભાઈની સ્મૃતિ છે.

વળી મારે તો તેમના છ સંતાનો, નાના મિત્રો બની ગયેલા. ઉનાળાના દિવસોમાં રાતના કેરમ રમતા. એકાદ દિવસ જવાનું બને નહિ તો બાળ–મિત્રોનો સંદેશ બેન્કમાં આવી અને આપી જતા. સને ૧૯૭૧ થી ૧૯૮૦ દરમિયાન દામનગર જેવાં નાના ગામમાં એક શહેરી શિક્ષિત યુવાનને શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓ લાગતી પણ આટલાં વર્ષો રહેવાનું થયું તેમાં જયંતિભાઈ અને તેમના સમગ્ર પરિવારનું પારિવારિક છત્ર મળેલું તે મને હંમેશા યાદ આવે છે.

વેપારી પરિવારનાં જયંતિભાઈનો સ્વભાવ અન્યને ઉપયોગી બનવાનો ખરો, પણ કોઈનેય જાણ થાય નહિ. પેઢીની સામે જ ઉપાશ્રય એટલે કામકાજમાંથી પણ ફુરસદ કાઢીને સાધુ–સંતો પાસે બેસી શાસ્ત્ર – પઠન સાંભળતા અને આત્મ કલ્યાણ કેવી રીતે થાય તે માટે પણ જાગૃત રહેતા. મને પણ ઉપાશ્રયમાં તેમની સાથે ને પાસે બેસવાનું કેટલીયવાર સદ્‌ભાગ્ય સાંપડ્યું છે.

આવા વત્સલ જયંતિભાઈના સ્મૃતિ – પ્રસંગો અમૂલ્ય સંસ્મરણો મારા માટે એક ‘આનંદનો ખજાનો’માંના છે તે લખી જણાવવાનું તેમના મોટા સુપુત્રી જયશ્રી તરફથી સમાચાર મળતાં વ્યક્ત કર્યા છે.

**શ્રી સુરમ્ય મહેતા**
**ભાવનગર**

## જીવન સાફલ્યના આર્કિટેક્ટ

આજે મારી ભાણેજ જયશ્રીએ મને ૨૮ વર્ષ પહેલાના સમયમાં ડૂબકી મારવાની તક આપી છે.જેના ગુણો જ અણમોલ છે એવાં વડીલ બનેવી શ્રી જયંતિભાઈનો વિરહ એક પુત્રને પિતા ગુમાવ્યાનો થાય તેવો જ મેં અનુભવ્યો છે. પણ જે કાંઈ પ્રેમ તેમના તરફથી પામ્યો તેને શબ્દદેહે વાચા આપવા જઈરહ્યો છું.

**'ખુશ છું, બીજાને ખુશ રાખું છું,**
**મળે છે આનંદ એ બીજાને આપું છું,**
**જાણું છું મોલ નથી મારો દુનિયામાં**
**હું ખુદ કંઈ નથી પણ મિત્રો અણમોલ રાખું છું.'**



શ્રી જયંતિભાઈના જીવનમાંથી ઘણી બધી વાતો શીખ્યો છું. પરંતુ હું તો તેમની સાથે પસાર કરેલ સમયમાં મને જે શીખ મળી છે તે આ પંક્તિરૂપે રજૂ કરું છું.

'ઘણી વાતો શીખવાની જરૂર હોતી નથી, જેવી કે 'સુગંધ'ને પ્રસરવા ફૂલો આગળ ભિક્ષા લેવી પડતી નથી અને ઉજાસને પાથરવા દીવડાએ દીક્ષા લેવી પડતી નથી.'

એમ શ્રી જયંતિભાઈનું જીવન પણ સુગંધોથી ભરપૂર હતું. બહુ જ સહજ અને સરળ સ્વભાવ થકી સુગંધ પ્રસરાવીને લોકોના દિલ જીતી લીધા હતા. તેઓ મને ઘણીવાર કહેતા કે,

**'સારો માણસ શોધવા જશો તો થાકી જશો, પણ**
**માણસમાં સારું શોધવા જશો તો ફાવી જશો.'**

એમણે પણ જીવનમાં લોકોમાંથી સારું શોધવાનો જ પ્રયાસ કર્યો હતો, ક્યારેય પણ કોઈની ભૂલ કાઢીને તરછોડયા નથી.

તેઓ પોતાના જીવનમાં એવું માનતા હતા કે,

'My life means a lot to me. Not because I Love my life, but because I love the people in my life. The world calls them friends and I call them my world.'

તેઓ અખૂટ ગુણોના ભંડાર હતા. તેમની આસપાસ રહેતા સ્વજન – પરિજનોએ તો તે ખજાનામાંથી ઘણાં રત્નો મેળવ્યા હશે, બસ, એ રત્નોનું જતન કરીને જીવનને પતનથી બચાવવા સમર્થ બની શકીએ એ જ તેઓને અર્પેલી હૃદયાંજલિ...

**શ્રી હિતેષ પ્રભુદાસ ચોવટીયા, અમદાવાદ**

## મહાત્માની મધુરાશ

શ્રી જયંતિભાઇ વિશે કાંઇપણ કહેવાનું કે લખવાનું આવે ત્યારે હું નિઃશબ્દ થઇ જાઉં છું. હું તેમની સૌથી નાની સાળી, પરંતુ તેમણે મને કાયમ પોતાની પુત્રી જ ગણી છે, પિતાનું વાત્સલ્ય તેમ જ અઢળક પ્રેમ આપ્યો છે. તેમના તરફથી મળેલો આ પ્રેમ જ મારાં જીવનનું સૌથી મોટું મીઠું સંભારણું છે. આજે પણ તેમની યાદ આવતાં જ મારાં રોમે રોમ પુલકિત થઇ જાય છે.

તેઓ બધાં જ ગુણોના સાગર જેવા હતા, ઉપરાંત તેમની રમુજવૃત્તિ કાબિલેદાદ હતી. અમને બધાંને ખૂબ હસાવતા હતા. તેમણે કદી જયશ્રી અને મારી વચ્ચે કોઇ જ ભેદભાવ રાખ્યો નહોતો. તેઓ મૃદુભાષી, ઉત્તમ વિચારોવાળા અને ખૂબ જ પ્રેમાળ હતા. તેમના આ ગુણો આજે પણ મારી યાદોમાં જીવંત છે.

જિંદગીમાં બહું થોડા દિવસો તેમની સાથે જીવાયા પરંતુ આજે પણ તેઓ સૂક્ષ્મરૂપે હાજર છે, અને તેમનાં આશીર્વાદ મને અહર્નિશ મળ્યાં કરે છે. મારાં તેમને શત શત પ્રણામ.

**શ્રી વર્ષાબેન દિલીપભાઇ શેઠ, મુંબઇ**

# લાખેણી હસ્તી

સ્વ. જયંતિભાઈ બગડીયા એટલે એક મહાન પિતાના સન્માનનીય પુત્ર, પૂજ્ય જગજીવનભાઈ બગડીયા એટલે ધર્મના રંગે રંગાયેલા મહાન શ્રાવક. સંપૂર્ણ સાદગીમય જીવન, પ્રમાણિક, રગેરગમાં સચ્ચાઈ અને સાધુ–સંતોના અમ્મા–પિયા એવા મહામાનવ. જગજીવનભાઈના પુત્ર શ્રી જયંતિભાઈ પિતાથી સવાયા પુત્ર તરીકે ખ્યાતિ પામ્યા છે.

જયંતિભાઈનું જીવન ખૂબ જ ઉચ્ચ, ધર્મપરાયણ, માનવતાથી ભરપૂર, સચ્ચાઈ, પ્રમાણિક્તા, નીતિમત્તાનો ત્રિવેણી સંગમ. ગરીબોના બેલી, કરોડોમાં એક મળે તેવો ઉચ્ચ કોટિનો મહાન આત્મા. જેમનું આચરણ એ જ એમનું આદર્શ જીવન. સદાબહાર હંમેશા હસતો ચહેરો. આવા મહાન આત્માના પરિચયમાં જે પુણ્યશાળી આત્માઓ આવ્યા હશે તેઓ પણ જયંતિભાઈને આ જ રીતે બિરદાવે તેમાં કોઈ શક નથી.

હું ઘણીવાર તેમના પરિચયમાં આવતો. ખાસ તો વેપાર અર્થે તેઓને ઘણીવાર મળતો ત્યારે તેની વાણી, વર્તન, વ્યવહારમાં બીજા અનેક ગુણો જોતો અને ખરેખર મનમાં તેમના માટે અનહદ માન થતું. તેના મિત્રોનો પરિવાર ઘણો હતો તેમાંનો હું તેમનો એક મિત્ર બની ગયો હતો જેનો મને ગર્વ છે. અઢારે આલમ સાથે પોતાને આત્મીયતા હતી, ખરેખર તો પોતે અજાતશત્રુ હતા. આટલી મોટી પેઢીના માલિક હોવા છતાં ક્યારેય મોટાઈ કે ધનનું અભિમાન અંશમાત્ર ન હતું.



આવા મહાન આદર્શજીવી અને બગડીયા પરિવારના કુળદિપકને હૃદયના લાખો પ્રણામ હો...

આજે પણ બગડીયા પરિવારના ધાર્મિક સંસ્કારો એટલા જ ઉજ્જવળ રહેલા છે. તેમના વડીલબંધુ કાંતિભાઈ તથા ભોગીભાઈ વર્ષોથી ચૌવિહાર કરે છે તથા દરેક ધાર્મિક કાર્યોમાં તન–મન–ધનથી કર્તવ્ય બજાવે છે.

આવાં ધાર્મિક ખાનદાનીથી ભરેલા બગડીયા કુટુંબને પણ લાખ–લાખ પ્રણામ.

શ્રી જયંતિભાઈના જીવનમાંથી પ્રેરણા લઈ તેમના સેંકડો ગુણોમાંથી થોડા ગુણો પણ આપણે જીવનમાં ઉતારીશું તો શ્રી જયંતિભાઈને સાચી સ્મરણાંજલિ આપી ગણાશે.

**શ્રી જયસુખભાઈ પ્રભુદાસ તુરખીયા**

**વડોદરા**

## જાનાર તો જતાં રહ્યા, સદ્‌ગુણ જેના સાંભરે..

**‘ માનવીની જિંદગી ચાલી જાય છે.**
**ગુણોની ગરિમા રહી જાય છે**
**શિલાલેખ કદાચ ભૂંસાઇ જાય છે,**
**પરંતુ..... સ્મરણો અંતરમાં કોતરાઇ જાય છે.**

દામનગરમાં પૂ. મહાત્માજી મ.સા.ના ચાતુર્માસનો લાભ બગડીયા પરિવારે ખૂબ અંતરના અહોભાવથી ઊમંગ ભર્યા ઉલ્લાસ સહ લીધેલ.

તેમાં પૂ. ભાઇ શ્રી જયંતિભાઇનો સત્સંગ મળતાં, તેમના નિકટ પરિચયમાં આવતાં જાણે ચાતુર્માસનો લાભ મારાં જેવા વૈરાગી ભાઇઓ–બહેનો માટે બેવડાયો. શું તેમનો આતિથ્ય સત્કાર ? દરરોજ સવારે બધાને શાતા પૂછવાની વાત્સલ્યભરી શૈલી. **જાણે ઘરથી દૂર અમને ઘર મળી ગયું.** ઘણા બધાં બહેનો ફક્ત ચાર કે આઠ દિવસ માટે જ આવ્યા હોય અને સંપૂર્ણ ચાતુર્માસ સ્થિરતા કરીને અભ્યાસ અર્થે રોકાઇ ગયા હતા. તેનો સંપૂર્ણ યશ પ્રેમાળ પૂ. જયંતિભાઇના અખૂટ વાત્સલ્યભર્યા વ્યવહારને આભારી હતો. મારી સાથે ઘણાં બધાં ભાઇ–બહેનોને ચાતુર્માસ દરમ્યાન એકાસણાં ચાલતા હતા. પરંતુ દરરોજ– એક દિવસ પણ પાડ્યા વગર અમને પીરસતા એટલું જ નહિં પણ હસતાં–હસાવતાં વધારે સારી રીતે જમી શકીએ તેની તકેદારી રાખતાં. આજે પણ એમની આ બધી યાદો, તેમની ખોટ ખૂબ ખૂબ સાલી રહી છે. તપ પ્રત્યે, તપસ્વી પ્રત્યે અને વૈરાગીઓ પ્રત્યે તેમનો અહોભાવ જોઇને તેને ભાવપૂર્વક આજે પણ વંદન કરું છું.

જે વ્યક્તિ ખુદ ગુણોનો ભંડાર હતી તેના વિશે આલેખવાનું મારું ગજું નથી છતાંય સ્નેહાળ ભગિની જયશ્રીનો સંદેશો મળતાં જાણે મન ૩૦ વર્ષ પહેલાના સમયમાં જઇને યાદોની ભીની ભીની સુગંધથી તરબતર થઇ રહ્યું છે.

મારાં જીવનમાં વૈરાગ્યના સુસંસ્કાર દામનગરની શિબિરથી દૃઢ બન્યાં હતા. પૂ. જયંતિભાઇ જેવાં પ્રેમાળ વીરા ધર્મની પ્રેરણા કરી,

સંસારના કીચડમાં નહીં પડતા, સંયમના રાહે ચડાવવામાં ખૂબ ખૂબ ઉપકારી બન્યા છે. ખરેખર, એમના હૃદયની સરળતા, ગંભીરતા, ધીરતા અને લાગણી– પ્રેમના ઝરણાં જે અમે અનુભવ્યા છે, નજરે પ્રત્યક્ષ નિહાળ્યા છે, એ ચાતુર્માસની ક્ષણોનો સોનેરી સમય સ્મૃતિપટલ પર મોંઘેરી જણસ બની ગઈ છે. એ અમૂલ્ય સમયની યાદ વારંવાર આંખને અશ્રુથી છલકાવી દે છે.

જેમ બાગમાંથી માળી સુંદર મજાનું ગુલાબનું ફૂલ ચૂંટી લે તેમ વિધાતાએ અમારાં કિલ્લોલ કરતાં જીવન બાગમાંથી પૂ. વ્હાલા ધર્મવીરાને ચૂંટી લીધા. પરંતુ કુદરતના અફર નિયમને આધીન દરેકને થવું પડે છે. ફૂલ ભલે ચૂંટાઇ ગયુ પરંતુ ફોરમ તો વધારે ને વધારે પ્રસરતી ગઇ છે. અને અમારાં મનમંદિરમાં સનાતન સ્મારક તરીકે સ્થાપિત થઇ ગઇ છે. અરે ! ફક્ત અમારાં જ નહિ, સારાયે જૈનશાસનની વાત કરું તો પણ અતિશયોક્તિ નથી. એ ફોરમની મહેંક આજે પણ તેમના સ્તવનો રૂપે જીવંત છે. તેમનાં પ્રિય સ્તવનોમાનું એક આ સ્તવન અમને વારંવાર સંભળાવતા હતા.

**'સૂતાં સૂતાં અંધારામાં જોજે મૃત્યુ ના થઇ જાય,**
**મનની મનમાં ના રહી જાય....'**



આજ ભલે પૂ. જયંતિભાઇ સદેહે અમારી સાથે નથી, પણ આત્મીયતાથી અમારાં જીવનમાં હર સમયે, હર ક્ષેત્રે અમને સહાયક બની જ રહ્યા છે. તેમનો આત્મા જયાં હોય ત્યાંથી એકાવતારી પદને પામી શીઘ્ર મોક્ષગતિના શાશ્વતા સુખને પામે એવી પ્રાર્થના સહ પુષ્પાંજલિ અર્પુ છું.

**''શબ્દમાં સમાય નહીં, એવાં આપ મહાન,**
**કેમ કરી ગાઉં વીરા, આપના ગુણગાન''**

**સુશ્રી રમીલાબેન ડી. શાહ**
**બોરસદ**

# મુઠ્ઠી ઊંચેરો માનવી

**'પંખી ટહુકો મૂકીને ઝાડ છોડી ગયું**
**એના ગમતા આકાશ પાસે દોડી ગયું'**

નિખાલસ હૃદય અને સહજ નિર્દોષતાના પર્યાય સમા સદાયે પ્રસન્ન સ્મિત વેરતા મારાં લઘુબંધુ સમ મિત્ર જયંતિભાઇ બગડીયા વરસો થયા છતાં મારાં સ્મૃતિપટ પર કાયમ છવાયેલા જ રહ્યા છે.

પ્રતિષ્ઠિત વ્યાપારી – નખશિખ પ્રમાણિકતા જેને આત્મજ્ઞાત હતી એવાં શ્રી જયંતિભાઇ સાથે વ્યવહાર કરનાર તેમની નિષ્ઠા અને પ્રમાણિકતામાં અતૂટ શ્રદ્ધા ધરાવતાં હતા. વ્યાપારમાં પોતાના હિત સાથે બીજાનું પણ હિત કેમ થાય તેની હંમેશા કાળજી રાખતા હતા.

જેને ધનાસક્તિ તૂટી ગઇ હોય તેઓ સંતોષને પસંદ કરે છે, અને સંતોષ સાથે નીતિમત્તાને મીઠી અને ગાઢ મૈત્રી છે. લાખો રૂપિયાનો ધંધો કરવા છતાં બિલ્કુલ પૈસાનો મોહ આ વિરલાને સ્પર્શી શક્યો નહોતો.

કોઇના પણ સુખ દુ:ખમાં સાથ આપનાર વિશાળ અને ઉદાર મનવાળા જયંતિભાઇ જ્યારે ઘેરથી દુકાન જવા નીકળે ત્યારે રસ્તામાં નાના–મોટા સહુના ખબર–અંતર પૂછતા જાય અને જરૂર લાગે ત્યાં યથાયોગ્ય મદદની જોગવાઇ પણ કરતા જાય. હંમેશા આપીને જ રાજી થવાનો તેમનો સ્વભાવ.

વ્યાપાર સાથે વતનની ઉન્નતિનો પણ વિચાર કરતા હતા. સ્થાનિક ગ્રામપંચાયતના સભ્યપદે રહી દામનગરના વિકાસકાર્યોમાં નોંધપાત્ર યોગદાન આપેલું હતું. નિર્મળતા અને પવિત્રતાના પ્રતીક સમ હસતો સૌમ્ય ચહેરો હંમેશા યાદ આવે છે.

ગામમાં કોઇને પણ મનદુ:ખ થાય કે તરત જ પહોંચી જતા અને બંને પક્ષ વચ્ચે સુલેહ કરાવી શાંતિપૂર્વક સમાધાન કરાવતા. તેમની સમજાવવાની શૈલી વ્યક્તિને સ્પર્શી જતી હતી. દામનગરમાં તેમણે હંમેશા 'શાંતિદૂત'ની ભૂમિકા ભજવી હતી.

આ 'મુઠ્ઠી ઊંચેરા માનવીના' જીવનના દરેક પાસા ઉજળાં છે. શબ્દોમાં બિરદાવીએ તોય ઓછું પડે તેમ છે. તેના ગુણોની ગરિમાની સુગંધ આજે પણ વતનમાં મહેંકી રહી છે.

આવું વિરલ વ્યક્તિત્વ સમય પહેલાં મુરઝાઇ ગયું પણ તેની દિવ્યતા અને સુવાસ અકબંધ રહી છે.

તેમનો આત્મા નિશ્ચિત લક્ષ્ય શીઘ્ર મેળવશે એ નિ:સંદેહતા સાથે મારી પ્રેમભરી ભાવાંજલિ અર્પું છું.

**શ્રી જીવનભાઇ હકાણી**
**દામનગર**

## સરળતાની મિશાલ

આજરોજ જયશ્રીનો ફોન આવ્યો અને જણાવ્યું કે હું મારા પૂ. પપ્પાજીના સંસ્મરણોનું એક પુસ્તક તૈયાર કરી રહી છું તો તારા પણ પ્રતિભાવો લખી જણાવ, આ સાંભળતા જ હું મારા બાળપણના વર્ષોમાં સરકી ગયો. યાદો તાજી કરતાં માનસપટ પર ૧૦,૦૦૦ની વસ્તી ધરાવતું દામનગર ગામ તાદૃશ્ય થયું. તેમાં પણ ફક્ત ૬૦ થી ૭૦ કુટુંબનો જૈન સમાજ. તે સમયે એવું લાગતું કે ભલે એ ૭૦ જૈન ઘર હતા પરંતુ એક જ કુટુંબ જેવા લાગતા હતા. આપણા સમાજની મજબૂતી તે વખતે ઘણી જ હતી, આજે વિચાર કરીએ તો સમજાય કે દરેક ઈમારતમાં થોડા ઘણાં સ્તંભ હોય અને તે સ્તંભના કારણે આખી ઈમારત ટકી જતી હોય છે અને તેમાં ઘણાને આશરો મળી રહેતો હોય છે. શ્રી જયંતિભાઈને હું આવા જ એક સ્તંભ રૂપી માણસ ગણું છું. નિરાભિમાની અને નિરાડંબરી વ્યક્તિત્વ. ગામમાં ઘણા બધા લોકો વચ્ચે વેર–વિરોધ કે ખટપટ ચાલતી હોય તે લોકો પણ જયંતિભાઈ પાસે જાય અને હસતાં હસતાં સુલેહ કરીને પરત આવે, એવી તેમનામાં આવડત હતી.



સરળતાની મિશાલ જેવાં જયંતિભાઈને ગામના દરેક કોમના નાનામાં નાની વ્યક્તિથી લઈને મોટા સુધી બધાં જ પ્રેમ અને આદર કરતા. તેમની આસપાસ કોઈ એવા શુભકર્મોનુ, વર્તુળ રચાયેલું રહેતું કે લોહચુંબકની માફક તેની સારપ દ્વારા દરેકને તેમના તરફ ખેંચતું હતું. જે વિશ્વાસ તેમણે લોકોનો જીત્યો હતો તે કાંઇ પ્રાપ્ત કરવો સરળ નથી, ઘણી તપશ્ચર્યા કર્યા પછી તે મળી શકે છે. 'સફળતાની સવાર જોઈતી હોય તો રાતના ઉજાગરા વેઠવા પડે છે.' દામનગર આખું તેમને મન એક કુટુંબ સમાન જ હતું. તેથી જ ગામમાં પડતાં દરેક ભંગાણ તેમણે અટકાવ્યા છે. સહુંને એક જ સલાહ, **'સહન કરો, ક્ષમા આપો'.** આમ તેમણે ફક્ત જૈન સમાજ જ નહીં પણ સારાયે માનવ સમાજને જીવન જીવીને પ્રેરણાનું પાથેય પૂરું પાડ્યું છે.

સૂર્યાસ્તની પહેલાં સૂર્ય પૃથ્વી પર પ્રકાશ પાથરવાનું મૂકપણે ચાલું જ રાખે છે. ચંદ્ર ગગનમાં અસ્તિત્વ લઈ આવે ત્યાં સુધી ધરાને શીતલતા અર્પવાનું ચાલું જ રાખે છે. પુષ્પ ટૂંકા જીવનમાં અવિરત સુરભિ પ્રસરાવવાનું કામ હર હાલતમાં કર્યે જ રાખે છે. શ્રી જયંતિભાઈએ પણ જીવ્યાં ત્યાં સુધી તન–મન–ધનથી સત્કાર્ય કરવાનું ચાલુ જ રાખ્યું હતું. જાણે પર ઉપકાર કાજે જ આ દેહ ધર્યો હોય તેવું જ લાગતું ! આવા ગુણસુરભિથી શોભતાં તેમનાં વ્યક્તિત્વને જેટલું અભિનંદીએ એટલું ઓછું છે. તેમના ગુણોનું રટણ, મનન કરીને જીવનમાં ઉતારીએ એ જ તેમને અર્પેલી હૃદયાંજલિ સાર્થક નીવડે.

**શ્રી વિરલ એચ. અજમેરા, વડોદરા**

## ખૂશ્બુ નો ખજાનો :

ભલી ભોળી આકૃતિ
નિર્દોષ, નિખાલસ, નિરાભિમાની પ્રકૃતિ
રોમરોમમાં રમતી ધર્મસંસ્કૃતિ
એવી પ્રકૃતિ એટલે શ્રી જયંતિભાઇ
સદાયે હસતાં ને હસાવતાં
પ્રભુના ગીતો ગાતા ને ગવરાવતાં
સદાયે સત્કાર્ય કરતાં ને કરાવતાં
વિરલ, વિલક્ષણ વ્યક્તિ એટલે શ્રી જયંતિભાઇ.
મુખ પર સદાયે સ્મિત રમતું,
હૈયે સહુનું હિત હતું,
ચોખ્ખું જેનું ચિત્ત હતું
સહુની સાથે પ્રીત હતી, એવાં શ્રી જયંતિભાઇ.
સંતો અને સાધર્મિકોની સેવા હતી વ્હાલી,
જીવનશૈલી હતી નિરાલી
યોગ મળતાં અચૂક પીતા પ્રવચન પ્યાલી,
જિનાજ્ઞાને કરી હતી વ્હાલી, એવાં શ્રી જયંતિભાઇ.
બાળક જેવા સરળ, કાળજું હતું કોમળ,
વિચારો હતા જેના વિમળ
મળ, વિમળ ભર્યા સંસારજળમાં જાણે કમળ
એટલે શ્રી જયંતિભાઈ.

હંસ જેવા સારગ્રાહી,
ભ્રમર જેવા મધૂર ગુણગ્રાહી
રત્નત્રયના હતા રાહી
એવા શ્રી જયંતિભાઈ.
મોટી મોટી નિર્મળ આંખવાળા,
સમાજમાં સુંદર શાખવાળા
આદર્શ ગગનમાં ઉડવા ભાવનાની પાંખવાળા
એવાં શ્રી જયંતિભાઈ.
પરમ પદની પ્રાણમાં પ્યાસ,
પ્રસરી હતી ગુણોની સુવાસ,
કંઠમાં હતી મધુરાશ,
હૈયામાં સદા રહેતી હળવાશ
એવાં શ્રી જયંતિભાઈ.
સહુમાં છતાં સહુથી નોખા,
અલગારી જેવા લાગે અનોખા,
ચિત્તના હતા ચોખ્ખા – ચોખ્ખા
એવાં શ્રી જયંતિભાઈ.
વ્યક્તિત્વ જાણે ખીલેલું ગુલાબ,
જીવન જાણે ગુણ ભરેલી છાબ,
મુક્તિનગરમાં વસવાના ખ્વાબ
એવાં શ્રી જયંતિભાઈ.
સાધુ – સંતો સદાયે ગમતાં,

ગુણીજનોને સદાયે નમતાં,
ધર્મભાવનામાં નિરંતર રમતાં,
સ્વભાવમાં અનુભવાતી સમતાં
એવાં શ્રી જયંતિભાઈ.
સ્વામી – સ્વામી કરતાં જાય,
સંતો દેખી અડધા – અડધા થાય
ગુણીજનોના ગુણલા ગાય
હૈયું ભાવ ભક્તિથી છલકાય
એવાં શ્રી જયંતિભાઈ.
કુટુંબમાં જે જુદા તરી આવે
સ્વભાવ જેનો સહુને ફાવે
રીઝ–રીસ અલ્પ સતાવે
એવાં શ્રી જયંતિભાઈ.
સ્પર્શ્યો હતો સંતરૂપી પારસ,
અંતર જેનું હતું આરસ,
જગજીવનબાપાના ધર્મ વારસ
એવાં શ્રી જયંતિભાઈ.
જમાનાની નહોતી છાંટ,
ગમતી જેને વીતરાગની વાટ,
ખુલ્લા હતા હૈયાના હાટ,
પ્રકૃતિથી જરાયે નહોતા કાટ.
એવાં શ્રી જયંતિભાઈ.
દૂધમાં સાકર જેમ ભળી જતાં,
આરાધનામાં જલ્દી વળી જતાં,
વડીલોના ભાવોને કળી જતાં,
એવાં શ્રી જયંતિભાઈ.
જગજીવન બાપાનો લાડકવાયો,
જેકુંવરબેનનો જિગરનો જાયો,
કાંતિભાઈ, ભોગીભાઈ, ધનસુખભાઈનો ભઈલો સવાયો
નીરુબેનનો ભ્રાતા ધર્મ સખાયો
જસવંતીબેનને પુત્ર સમ પ્યારો
એવાં શ્રી જયંતિભાઈ.
પત્ની, પુત્ર, પુત્રીઓને પ્યારા,
બની રહેલા સહુના સહારા,
ચાલી નીકળ્યા મૂકી સહુને નોધારા,
વહાવે વિયોગે બધાં અશ્રુધારા
એવાં શ્રી જયંતિભાઈ.
આપનાં પ્રસન્ન પ્રાણોને, પ્રશાંત દિમાગને
પવિત્ર દ્રષ્ટિને, પરમાર્થીદિલને
સ્મરણપટમાં લાવી આજે
ગુણો તમારાં બને છે ગ્રંથસ્થ
તે પ્રસંગે હૃદયસ્થભાવોની સરવાણી વહાવી,
વ્હેલા વ્હેલા મુક્તિવરો,
શીઘ્ર સંસાર સાગર તરો.

**શુભેચ્છા સહ**
**સાધ્વી અરુણાની ભાવાંજલિ**